# કોડિયું

વર્ષ : ૭૩ એપ્રિલ- મે: ૨૦૨૦ અંક : ૦૯-૧૦

◆ સૂચના ◆

☛ 'કોડિયું' દરેક મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૫ સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.

☛ પત્રવ્યવહારમાં ગ્રાહકનંબર અવશ્ય લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તરત જાણ કરવી.

☛ કોઈ પણ મહિનાથી ગ્રાહક બની શકાય છે. લવાજમ મ.ઓ. અથવા ડિમાન્ડડ્રાફટથી સ્વીકારવામાં આવે છે.

◆ લેખ મોકલવા માટે ◆

'કોડિયું' કાર્યાલય,
લોકભારતી, સણોસરા,
જિ. ભાવનગર ૩૬૪૨૩૦
kodiyusanosara@gmail.com

◆ લવાજમ અને અંક વિષેની ફરિયાદ માટે પત્ર વ્યવહાર ◆

શ્રી રવિભાઈ પંડ્યા
(મો. ૯૮૨૪૮૧૨૫૬૫)
ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા,
મુ. આંબલા- ૩૬૪૨૧૦
pandyavrp532@gmail.com

◆ લેખકોને ◆

☛ શિક્ષણ, ગ્રામવિકાસ તથા પુનર્ગઠન અંગેના લેખો આવકાર્ય છે.

☛ અહીં લેખોમાં રજૂ થયેલા વિચારોની જવાબદારી લેખકની છે.

◆ લવાજમ ◆

વાર્ષિક રૂ. ૧૫૦/-
ડિપોઝિટ યોજના રૂ.૧૮૦૦/-

## અનુક્રમણિકા


| ક્રમ | લેખનું નામ | લેખકનું નામ | પાના નં. |
|---|---|---|---|
| ૦૧ | તારકેશ્વર | - ભાણદેવજી | ૩૬૧ |
| ૦૨ | એક કર્મયોગી ઉર્દ્વયાત્રા | - ભરત ના. ભટ્ટ | ૩૬૫ |
| ૦૩ | નિજાનંદી મોજના કસબી : બાપુ | - અરુણ દવે | ૩૭૧ |
| ૦૪ | જીવનનું બળ, શબ્દનો સાથ | - મનસુખ સલ્લા | ૩૭૩ |
| ૦૫ | દર્શકના વારસ મૃદુલાબહેન | - નલિન પંડિત | ૩૭૮ |
| ૦૬ | ગાંધીભારતી | - અરુણ દવે | ૩૮૨ |
| ૦૭ | પુસ્તક શ્રેણી પરિચય | - સી. ટી. ટૂંડિયા | ૩૮૪ |
| ૦૮ | મંગળની શિક્ષણયાત્રા | - મનહર ઠાકર | ૩૮૯ |
| ૦૯ | સાવરણાનું સંગીત ! | - વિશાલ ભાદાણી | ૩૯૪ |
| ૧૦ | ગાંધીજી: એક 'અકાલ પુરુષ'... | - રમેશ ર. દવે | ૩૯૭ |
| ૧૧ | ખેતીમાં આધુનિક વિજ્ઞાનનું યોગદાન | - હીરજી ભીંગરાડિયા | ૩૯૯ |
| ૧૨ | નિવૃત્ત શિક્ષક, પર્યાવરણમાં પ્રવૃત્ત... | - સંજય તલસાણિયા | ૪૦૨ |
| ૧૩ | ગાંધીજીની નઈતાલીમ શિક્ષણ પદ્ધતિ | - તત્ત્વચિંતક પટેલ | ૪૦૭ |
| ૧૪ | હેતાળવાં હૈયાં | - વાસુદેવ સોઢા | ૪૧૦ |
| ૧૫ | નઈ તાલીમમાં ઉદ્યોગની કેળવણી | - પિનાકિન મકવાણા | ૪૧૨ |
| ૧૬ | સંસ્થા સમાચાર | - પ્રશાંત મહેતા | ૪૧૫ |

**આદ્યતંત્રીઓ :**
સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટ
સ્વ. શ્રી મનુભાઈ પંચોળી
સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
સ્વ. શ્રી અનિલભાઈ ભટ્ટ

**તંત્રી :**
ડૉ. અરુણ દવે
(મો. ૯૪૨૬૪૬૧૨૭૭)

**સહતંત્રી :**
ડૉ. વિશાલ ભાદાણી
(મો. ૯૪૨૬૮૮૫૩૮૭)

**સંપાદક-મંડળ:**
ડૉ. ભદ્રાયુ વચ્છરાજાની
(મો. ૯૮૯૮૯૨૦૩૩૩)
ડૉ. સંજય તલસાણિયા
(મો. ૯૪૨૭૬૬૮૦૮૩)
શ્રી પ્રશાંત મહેતા
(મો. ૯૮૭૯૪૦૭૫૮૨ )

**મુદ્રક-પ્રકાશક :**
શ્રી સુરસંગભાઈ ચૌહાણ
(મો. ૯૯૨૫૬૩૨૩૦૪)

**માલિક :**
ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ

**મુદ્રણ-સ્થાન :**
ચામુંડા પ્રિન્ટિંગ પ્રેસ,
રેલ્વે સ્ટેશન રોડ, સોનગઢ,
ફોન : ૨૮૪૬-૨૪૪૦૫૦

**પ્રકાશન-સ્થળ :**
ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા,
ફોન : ૦૨૮૪૬-૨૪૪૧૧૮

## તંત્રી સ્થાનેથી...

'જીવન', 'વિકાસ' અને 'સુખ'ની વ્યાખ્યા સમજાવી રહેલું અત્યારનું કોરોનાગ્રસ્ત જગત એક બહુ મોટો પાઠ ભણી રહ્યું છે. હવે બરાબર સમજાઈ રહ્યું છે કે "ધન એ સંપત્તિ નથી, જીવન એ સંપત્તિ છે." 'સૌના ભલામાં જ મારું ભલું સમાએલું છે' તે રાજા-મહારાજા-પ્રમુખો-સત્તાધીશોને પુરાવાઓ સાથે સમજાઈ ગયું છે. પ્રકૃત્તિનો પ્રેમ અને પ્રકોપ બંને કેટલા બધા શક્તિશાળી છે, તે સૌ કોઈ હવે ઘરે બેઠા સમજી ગયા છે. એક સામાન્ય જંતુ કે જેને સામાન્ય સૂક્ષ્મદર્શકથી પણ જોઈ શકાતું નથી; એ ધર્મ, વર્ણ, વ્યવસાય, ધંધો, પદ, પ્રતિષ્ઠા, પૈસો વગેરેના ભેદ ભૂલીને સૌને સમાન ગણીને વર્તે છે ! સૌએ પોતાના જ તુંબડે તરવાનું છે, તેનું ભાન કેવું અદ્‌ભુત અને અસરકારક રીતે થઈ રહ્યું છે !! દરેકે પોતાની જ પ્રતિકારશક્તિથી ટકવાનું છે તે હવે સમજાઈ ગયું છે. જેમ ક્રોધ અને અહંકારથી ખાલી કરીને 'તૂંબડું' હળવું કરવાનું છે, તેમ આ માનવ દેહને આડું-અવળું ખાવાનું, વ્યસનો, વૈભવી જીવન, આળસ, અનિયમિતતા વગેરેથી બચાવીને રોગપ્રતિકારક બનાવવાનો છે. ભૌતિક જીવને પારિવારિક સંબંધોને ભૂલાવી દીધેલા, આજે પરિવાર સાથે રહેવું, પરસ્પરને ચાહવા અને પરસ્પરની ચિંતા કરી મદદરૂપ થવું તેનું મૂલ્ય સમજાયું છે.

હવે સમજાઈ ગયું છે કે ડાઇનોસૉર જેવા મહાકાય પ્રાણીઓ પણ કેવી રીતે નાશ પામ્યા હશે. આપણને પ્રશ્ન જરૂર થવો જોઈએ કે શું આ વિનાશની શરૂઆત છે કે નવી જીવનશૈલીની કૂંપળો ફૂટી રહી છે ?

સમગ્ર જડ-ચેતન જગત જે વિનાશના આરે આવીને ઊભું છે તેનું કારણ એક જ છે-આપણી જીવનશૈલી ! કરોડો પ્રકારના જીવોને આપણે આપણી ભૌતિકવાદી જીવનશૈલીથી વિદાય કર્યા છે, અને આજે દરરોજ આવી ત્રીસેક જાતિઓને વિદાય કરી રહ્યા છીએ. શું તેના નિસાસા છે આ કોરોના ? તેનો શાપ છે ? આપણે એવા ભ્રમમાં છીએ કે 'આ પૃથ્વી માણસ માટે જ સર્જાણી છે અને તમામ જીવોએ આપણી સેવા કરવાની છે ! સંસ્કૃતિ અને પ્રકૃતિ તો આપણી દાસીઓ છે !'

ચંદ્ર અને મંગળ ઉપર વસાહતો બાંધવાનાં સ્વપ્નાં જોતો માણસ પૃથ્વી ઉપર એક 'તુચ્છ' જંતુને ઘૂંટણીએ પડીને કરગરી રહ્યો છે ! ક્યાં ગયા પરમાણુ બૉંબ અને મિસાઇલ્સ ? છે કોઈની તાકાત આ અતિ સૂક્ષ્મ જંતુને મારવાની ? હવા નીકળી જ ચૂકી છે !

અંતે કોઈપણ આપત્તિ આપણને પાઠ ભણાવવા જ આવતી હોય છે. આ બધા પ્રશ્નોનું મૂળ આપણી જીવનશૈલી જ છે, ત્યારે એ બદલ્યા વગર આપણું અસ્તિત્વ હવે શક્ય નથી. વિશ્વના તમામ ક્ષેત્રના તમામ તજ્જ્ઞો જે જીવનશૈલી સૂચવે છે તે ગાંધીવિચાર આધારિત જીવનશૈલી છે. આ વખતે જો નહીં માનીએ તો સૌને સાગમટે પૃથ્વીલોક પરથી ઉચાળા ભરવાનો વારો આવશે !

— અરુણ દવે

# (૦૧) તારકેશ્વર

- ભાણદેવજી

**ગતાંકથી ચાલુ...**

અચાનક અમારા કાને કોઈ પ્રાણીઓનો અવાજ સંભળાયો. એક પ્રાણી ખૂબ આક્રંદ કરી રહ્યું છે તેમ લાગે છે.

અમે રણવીરસિંહજી અને બ્રહ્માનંદજીને પૂછ્યું :

"આ અવાજ શાનો છે ?"

"સ્વામીજી ! આ એક મૃગશાવકનું રુદન છે."

"મૃગશાવક અર્થાત હરણાનું બચ્ચું. અહીં હરણાંઓ આવે છે ?"

"આ તારકેશ્વરનું જંગલ હરણાંઓનું નિવાસસ્થાન છે. અહીં પહેલાં સેંકડો હરણ રહેતાં હતાં. અહીં હમણાં-હમણાં માનવીઓની અવરજવર વધવા લાગી છે. આપ જાણો જ છો કે આ મનુના પુત્રો જ્યાં જ્યાં જાય છે, ત્યાંથી અન્ય પ્રાણીઓને દૂર ખદેડી મૂકે છે. તદનુસાર અહીંના મૂળ નિવાસી આ હરણાંઓ આ તારકેશ્વર છોડીને આજુબાજુનાં જંગલમાં ચાલ્યાં ગયાં છે, પરંતુ આ હરણાંઓ રાત્રે પોતાના આ મૂળ વતનમાં બેસવા, આરામ કરવા, આ ઝરણાનું પાણી પીવા આવે છે. સવાર થાય એટલે સૌ દૂર ચાલ્યાં જશે. રાત્રે તો આ મંદિર અને ઝરણાંની આજુબાજુ તમને હરણાંઓનાં ટોળાંનાં ટોળાં જોવા મળશે."

"તમે ક્યારેય તેમને જોવા માટે જાઓ છો ?"

"ના, અમે રાત્રે જતા નથી. દિવસે તો આપણે તેમને અહીંથી ખદેડી મૂક્યાં છે. તેમનો અહીંનો રાત્રીનિવાસ પણ ઝૂંટવી લેવો તે આપણા પક્ષે ક્રૂરતા ગણાશે - આ સમજીને અમે રાત્રે તો તેમની કોઈ પણ પ્રકારની કનડગત કરતા નથી."

આ બંને મહાનુભવોની આ સમજ પ્રત્યે અમને આદર થયો - આનંદ થયો.

હજુ તે મૃગશાવકનું રુદન તો ચાલુ જ છે !

મેં પૂછ્યું :

"આ મૃગબાળ આટલું બધું કેમ રડે છે ?"

આ મૃગબાળ તેની માતાથી વિખૂટું પડી ગયું છે, તેથી રડે છે."

વચ્ચેવચ્ચે બીજો પણ એક મૃગનાદ સંભળાય છે.

"આ નાદ તે મૃગશાવકની માતાનો નાદ છે. માતા પોતાના બાળકને કહે છે - બેટા ! તું રડીશ .નહીં. હું અહીં જ છું. હું હમણાં જ આવું છું, તું ત્યાં જ રહેજે !"

અને તેમ જ થયું ! બંને નાદ શાંત થઈ ગયાં. માતાને સંતાન અને સંતાનને માતા મળી ગઈ લાગે છે !

શિયાળની લાળી તો અમે નાનપણમાં ખૂબ સાંભળી છે - લગભગ રોજ ! ગામના તળાવમાં રાત્રે પાણી પીવા આવે અને અમને સૌને લાળી સંભળાવે ! પરંતુ હરણનો અવાજ તો જીવનમાં પહેલી વાર આ તારકેશ્વરમાં સાંભળવા મળ્યો.

રાત્રિ ઠીકઠીક વીતી ગઈ છે. હવે અમે સૌએ શયનની તૈયારી કરવા માંડી. મને એક અલાયદો ઓરડો મળ્યો છે. પલંગ છે, ગાદલું છે અને ધાબળાનો તો થપ્પો છે. રાત્રિનિવાસ આરામદાયક છે.

રાત્રિનિવાસ તો આરામદાયક ભલે હોય, પણ રાત્રિ માત્ર ઊંઘી જવા માટે નથી. રાત્રિ ભગવાને ઊંઘવા માટે બનાવી છે - આ તો માનવોએ ગોઠવી કાઢ્યું છે. રાત્રિ ઊંઘી જવા માટે નથી, રાત્રિ ભજન માટે છે. પૃથ્વી પરનાં પ્રાણીઓમાં સૌથી વધુ કોણ ઊંઘે છે ? સૌથી વધુ ઊંઘણશી કોણ છે ? સંભવતઃ માનવી ! માનવી ! માનવી આખી રાત તો સૂએ અને દિવસે પણ સૂએ ! અરે ! ઊંઘ નહીં આવે તો ઊંઘની ગોળી લઈશું, પરંતુ ઊંઘીશું ખરા જ ! આ ઊંઘની બલા આપણા આયુષ્યનો લગભગ ૪૦% ભાગ ગ્રસી જાય છે ! તેથી હવે નિદ્રાદેવીને કહો :

"ઊંઘબહેન ! તમે હવે વિદાય થાઓ ! તમે ટળો ! હું કહું ત્યારે જ આવજો અને હું કહું તેટલો સમય જ અહીં રહેજો ! જાઓ, પધારો !"

એક વૃદ્ધ, જ્ઞાનવૃદ્ધ અને અનુભવવૃદ્ધ સાધુના મુખેથી સાંભળેલું :

"તીર્થસ્થાનમાં રાત્રે સૂઈ ન જવું. તીર્થના દેવતા રાત્રે જાગ્રત હોય છે !"

ગિરનારમાં રાત્રે સૂઈ જવું ? ના-ના ! દત્તશિખર પર કે આજુબાજુ કયાંક રાત્રે શાંત બેસીએ ત્યારે સમજાય, અનુભવાય કે ગિરનાર શું છે ? હિમાલયમાં આખી રાત સૂઈ જવું એટલે હિમાલયના દૈવતને ચૂકી જવું !

આજની આ રાત્રે આ તારકેશ્વરના હિમાલયમાં મારે બેસવું છે, આ હિમાલયના દૈવતને અનુભવવું છે; પણ ક્યાં બેસવું ? કેવી રીતે બેસવું ? જેમને પરમાત્મા માટે બેસવું છે, તેમના બેસવાની વ્યવસ્થા પણ પરમાત્મા ગોઠવી આપે છે. નીચેના વિસ્તારમાં, મંદિરપરિસરમાં જઈ શકાય તેમ જ નથી. તે સમગ્ર વિસ્તાર તો રાત્રે મૃગસમૂહ માટે આરક્ષિત છે. ઠંડી પણ કાંઈ ઓછી નથી.

મને જે ઓરડામાં નિવાસ મળ્યો છે તે ઓરડાના મુખ્ય દ્વાર ઉપરાંત એક બીજું નાનું દ્વાર પણ છે. મેં તે દ્વાર ઓલ્યું. અરે, વાહ ! એક સુંદર નાનો રવેશ છે. મેં રવેશમાં પ્રવેશ કર્યો. એક ધાબળો પાથર્યો અને એક ધાબળો ઓઢ્યો. આ છે હિમાલયનો યથાર્થ પરિચય ! સામે જ છે દેવદારનું રમણીય, ગાઢ અરણ્ય ! અંધકાર છે, પરંતુ કોઈ અંધકાર સંપૂર્ણ અંધકાર ન હોઈ શકે. સંપૂર્ણ અંધકાર તો એક કલ્પના છે. પ્રગાઢ અંધકારમાં પણ પ્રકાશનું અલ્પ અસ્તિત્વ તો હોય જ છે. ઘોર નિરાશામાં પણ આશાનું એકાદ કિરણ છુપાયેલું હોય જ છે !

અંધકારમાં પણ આ દેવદાર દેખાય છે અને તેથી અનુભવાય છે. મૃગનાં ટોળાં પણ આટલામાં જ છે, પણ બિચારાં થાક્યાંપાક્યાં બેસી ગયાં હશે - સૂઈ ગયાં હશે ! આરામની - વિશ્રામની આવશ્યકતા સૌને હોય જ છે. આત્મામાં સ્થિતિ એ જ સાચો આરામ છે- એ જ સાચો વિશ્રામ છે.

પ્રગાઢ શાંતિ છે. પવન પણ શાંત થઈ ગયો છે. વૃક્ષોનાં પર્ણો પણ સ્થિર થઈ ગયાં છે. પક્ષીઓ પોતાના નિવાસસ્થાનમાં લપાઈ ગયાં છે. મારા સાથીમિત્રો પણ બાજુના ઓરડામાં સૂઈ ગયા છે. એક મને જ નિદ્રા નથી. આવીશ નહીં, દુષ્ટા ! મારે તારી જરૂર નથી.

જ્યારે બહાર બધું શાંત થઈ જાય અને અંદર પણ બધું શાંત થઈ જાય ત્યારે શું થાય ? ત્યારે શું બાકી રહે ? ત્યારે જે બાકી રહે તે 'શેષ' હવે અવશિષ્ટ છે. પ્રારંભમાં પણ તે હોય છે, મધ્યમાં પણ તે હોય છે અને અંતમાં પણ તે જ હોય છે. તે જ રકમ છે અને તે જ શેષ છે.

જેને આંખથી જોઈ શકાય નહીં, જેને કાન દ્વારા સાંભળી શકાય નહીં, જેને વાણી દ્વારા કહી શકાય નહીં અને જેને મન દ્વારા વિચારી શકાય નહીં તે જ તે છે. તેને જાણ્યા પછી કશું જ જાણવાનું અવશિષ્ટ રહેતું નથી. ઇન્દ્રિયોના બધા વ્યાપારો પાછા આવી જાય, મનના બધા વિચારો પોતાના સ્વસ્થાનમાં પાછા આવી જાય ત્યારે જે છે તે જ તે છે. તે જ તે છે, તે જ તું છે, તે જ હું છું !

મોડી રાત્રે થોડી નિદ્રા લીધી. પ્રગાઢ ધ્યાન પછી થોડી નિદ્રા પણ પર્યાપ્ત થઈ પડે છે. સવારે વહેલા ઊઠ્યા. સ્નાનાદિ કર્મ માટે થોડુંથોડું ગરમ પાણી મળ્યું છે.

તૈયાર થઈને પુનઃ મંદિરે ગયા. પૂજા, દર્શન, પાઠ પછી સૌ મિત્રો ધ્યાનમાં બેઠા, અહીં મંદિરની ચારેય બાજુ ધ્યાનમાં બેસવા માટે આસનો તૈયાર કરેલાં છે અને તેમના પર ધાબળા પણ પાથરેલા છે. મંદિરના વ્યવસ્થાપકો સમજે છે- આ તો સ્થાન જ ધ્યાનનું છે !

આ સ્થાન, આ વાતાવરણ, આ પ્રાતઃકાલનો સમય - આ બધું ધ્યાન માટે ખૂબ ઉપયુક્ત છે.

આખરે 'હરિ ઓમ્' કહીને અમે ઊઠ્યા. નિવાસસ્થાને પહોંચ્યા. સામાન બાંધીને નીકળ્યા. 'હરિ ઓમ્' 'ધન્યવાદ', 'આવજો' કહેતાં-કહેતાં છૂટા પડ્યા અને આગળ ચાલ્યા. અમારી મોટર પહાડી રસ્તા પર વાંકીચૂકી પણ સડસડાટ દોડવા લાગી !

રસ્તામાં અમારા ડ્રાઈવરે અમને કહ્યું કે અહીં તારકેશ્વરમાં વર્ષમાં ત્રણ વાર મેળો ભરાય છે :

(૧) શિવરાત્રિ (૨) ચોમાસુ પાક તૈયાર થાય ત્યારે (૩) શિયાળુ પાક તૈયાર થાય ત્યારે.

હવે અમારે કણ્વાશ્રમ જવું છે. તે માટે પહેલાં તો અમારે કોટદ્વાર પહોંચવું જોઈએ અને ત્યારપછી કોટદ્વાર થઈને કણ્વાશ્રમ પહોંચી શકાય છે.

તદનુસાર અમે કોટદ્વાર પહોંચ્યા અને ત્યાંથી પૂછતાં-પૂછતાં કણ્વાશ્રમના રસ્તા પર અમારી મોટર દોડવા માંડી.

પૂછતાં-પૂછતાં અમે કણ્વાશ્રમ પહોંચ્યા. ગામ પણ કોટદ્વારની જેમ પહાડ અને મેદાનનું સંગમસ્થાન છે. અહીં આ કણ્વાશ્રમ પાસેથી એક મોટી નદી માલિની પહાડમાંથી બહાર નીકળીને મેદાનમાં પ્રવેશ કરે છે. અમે કણ્વાશ્રમ ગામમાં પહોંચ્યા. અમે પૂછીએ છીએ :

"કણ્વાશ્રમ કયાં છે ?"

"આ જ તો કણ્વાશ્રમ છે !"

"અહીં કણ્વાશ્રમ નામનો આશ્રમ કયાં છે ?"

કોઈ સાચો, નિશ્ચિત ઉત્તર મળતો નથી.

કોઈ કહે છે : "અહીં કોઈ આશ્રમ નથી."

કોઈ કહે છે : "આ ગામ જ કણ્વાશ્રમ છે."

અમે કણ્વાશ્રમનું આ નાનકડું ગામ જોવા નથી આવ્યા. અમારે કણ્વઋષિનો આશ્રમ- કણ્વાશ્રમ જોવાનો છે.

કોઈ સાચું માર્ગદર્શન કે સાચો ઉત્તર મળતો નથી. આખરે અમે નદીકિનારે અવસ્થિત એક શિવમંદિરમાં ગયા. બહુ તપાસ કરી, બહુ આંટા માર્યા. સાથીમિત્રો પાછા ફરવા માટે મોટરમાં બેસી ગયા, પરંતુ આખેર એક સજ્જને કહ્યું :

"આપ જે સ્થાન શોધો છો તે સ્થાન નદીના સામા કિનારે છે !"

મોટરમાં બેસી ગયેલા મિત્રો નીચે ઊતર્યા. અમે સૌ નદીનો પ્રવાહ પાર કરીને સામા કિનારે પહોંચ્યા. નદીમાં બહુ પાણી નથી. એક પાવર પ્રોજેક્ટ માટે પાણી વાળ્યું છે, તેથી અહીં નદીમાં થોડું પાણી જણાય છે, અન્યથા હિમાલયમાંથી નીકળતી નદી આવી કૃશકાય હોઈ ન શકે. જે પાવર પ્રોજેક્ટ માટે પાણી વાળવામાં આવ્યું છે તે પાવર પ્રોજેક્ટ કદી ચાલુ જ થયો નથી.

સામા કિનારે પહોંચીને થોડાં પગથિયાં ચડીને અમે કણ્વાશ્રમ - ભરતની જન્મભૂમિમાં પ્રવેશ્યા.

શું છે આ કણ્વાશ્રમ ?

શું છે આ ભરતજન્મભૂમિ ?

અહીં આ ભૂમિ પર મહર્ષિ કણ્વનો આશ્રમ હતો. વિશ્વામિત્ર અને મેનકાની પુત્રી શકુંતલાનો માતાપિતા બંનેએ ત્યાગ કર્યો. કણ્વઋષિએ શકુંતલાનું પાલનપોષણ કર્યું અને શકુંતલા કણ્વઋષિની પાલિતા પુત્રી બની.

અહીં આ આશ્રમમાં જ શકુંતલા અને મહારાજ દુષ્યંત વચ્ચે પ્રણય-પ્રસંગ બન્યો. કોણ છે આ મહારાજ દુષ્યંત ? ચંદ્રવંશમાં મહારાજ યયાતિ પ્રગટ્યા. યયાતિના સૌથી નાના પુત્ર પુરુ છે અને પુરુના પુત્ર દુષ્યંત છે. દુષ્યંત હસ્તિનાપુરના રાજા છે - સમ્રાટ છે.

દુષ્યંત અને શકુંતલાના પુત્ર ભરતનો જન્મ અહીં કણ્વાશ્રમમાં થયો હતો, તેથી આ ભૂમિ કણ્વાશ્રમ ઉપરાંત ભરતજન્મભૂમિ પણ છે જ.

આ સમ્રાટ ભરતનો વંશ તે જ ભરતવંશ. મહારાજ શાંતનું, પિતામહ ભીષ્મ, પાંડવો અને કૌરવો આ ભરતવંશમાં જ જન્મ્યા છે. તેમની વચ્ચેના મહાયુદ્ધને મહાભારત યુદ્ધ કહે છે અને તેના વિશે લખાયેલા મહાન મહાકાવ્યને 'મહાભારત' કહે છે. આ ભરત અને ભરતવંશ પરથી જ આપણા દેશનું નામ 'ભારત' પડ્યું છે.

આમ અમે હવે મહર્ષિ કણ્વના આશ્રમની ભૂમિમાં અને આવા મહાન સમ્રાટ ભરતની જન્મભૂમિમાં પ્રવેશ કરી રહ્યા છીએ.

અહીં પ્રારંભમાં જ ભરત સિંહનું મોઢું ખોલે છે તે, કણ્વઋષિ, દુષ્યંત-શકુંતલા આદિ મૂર્તિઓ મૂકેલી છે. અમે આગળ ચાલ્યા. પહાડ અને જંગલની ગોદમાં એક સારું, મોટું મકાન છે. મકાનના પ્રાંગણમાં બગીચો છે. દોરી પર ભગવાં વસ્ત્રો સૂકવેલાં છે. અહીં સંન્યાસી મહારાજ રહેતા હોય તેમ લાગે છે.

અમે બૂમ પાડી :

"હરિ ઓમ્ !"

સામે ઉત્તર મળ્યો :

"હરિ ઓમ્ !"

એક સંન્યાસી મહારાજ બહાર આવ્યા.

"આવો, આવો !"

સ્વાગત થયું.

આસન પથરાયાં. અમે સૌએ આસન ગ્રહણ કર્યાં.

સત્સંગ શરૂ થયો. આ સંન્યાસી મહારાજ અહીં આઠ વર્ષથી રહે છે.

મહર્ષિ કણ્વનો આશ્રમ અને તદનુસાર ભરતજન્મભૂમિ અહીં જ છે તેમ કેવી રીતે નિર્ધારિત થયું ?

મહર્ષિ કણ્વનો આશ્રમ 'માલિની' નદીને કિનારે છે તે તો શાસ્ત્રપ્રમાણથી નિર્ધારિત થાય છે. વિદ્વાનોએ બે વાર આ માલિની નદીની પરિક્રમા કરીને નિર્ધારિત કર્યું કે આ સ્થાન જ કણ્વાશ્રમ અને ભરતજન્મભૂમિ છે.

આ જમીન જંગલવિભાગની છે અને આ મકાન પણ જંગલખાતાએ બનાવ્યું છે. આ આશ્રમનો કબજો જંગલખાતું આ કણ્વાશ્રમની ગ્રામપંચાયતને લીઝ પર સોંપે તેમ નિર્ધારિત થયું છે, પરંતુ ગ્રામપંચાયતે લીઝની રકમ ભરી નથી, તેથી જંગલખાતું આ જમીન - આ આશ્રમનો કબજો ગ્રામપંચાયતને સોંપતું નથી. ગ્રામપંચાયત તથા ગ્રામજનો અને આ જંગલખાતા વચ્ચે આ ગજગ્રાહ ચાલે છે.

ગ્રામજનો દ્વારા અમને અહીં પહોંચવા માટે માર્ગદર્શન ન મળ્યું તેનું કારણ સમજાઈ ગયું.

આ સ્થાન સાચે જ રમણીય છે. આશ્રમની પાછળ ઊંચા રમણીય પહાડો છે અને જંગલ છે. આશ્રમની સામે માલિનીનદી અને આગળ મેદાનમાં ગામડાંઓ, ખેતરો, નદીઓ છે.

આ સ્થાનને એક સુંદર સાધનાશ્રમ તરીકે વિકસાવી શકાય તેમ છે. જંગલખાતું તો સરકારી તંત્ર છે અને ગ્રામજનો પાસે ધન, આવડત અને દૃષ્ટિનો અભાવ છે. આશ્રમ માત્ર ધન અને આવડતથી પણ બનતો નથી. આશ્રમ બનાવવા માટે એવા સંત આશ્રમમાં બેસે, જેમની અંદર આશ્રમ બન્યો હોય તો આશ્રમ બની શકે છે.

સ્વામીજી મહારાજે અમને બપોરનું ભોજન અહીં આશ્રમમાં જ તેમની સાથે લેવા માટે બહુ આગ્રહ કર્યો, પરંતુ હરિદ્વારથી અમારા સાથી ગંગારામભાઈનો ફોન વારંવાર આવે છે :

"આજે આશ્રમમાં આપણા તરફથી ભંડારો છે. તમે બપોરનું ભોજન અહીં આશ્રમમાં જ લેજો."

અમે હવે જવા માટે તૈયાર થયા. અમારા એક સાથીએ સ્વામીજીને પૂછ્યું :

"સ્વામીજી ! આ અરણ્યમાં હાથી છે કે નહીં ?"

"પાર વિનાના હાથીઓ છે."

"અહીં ક્યારેય આવી ચડે છે ?"

"કોઈવાર રાત્રે આવી ચડે છે, પણ કોઈ કનડગત નથી."

અમે સ્વામીજીને કહ્યું :

"સ્વામીજી ! હવે અમે આપની રજા લઈએ, ઓમ્ નમો નારાયણ !"

"ઓમ્ નમો નારાયણ !"

"આવજો, ફરી આવજો,"

અમે આગળ ચાલ્યા. માલિની નદી પાર કરીને અમે અમારી મોટરમાં બેઠા. મોટર આગળ ચાલી. અમે હાથીઓની દુનિયા પસાર કરીને કનખલ - હરિદ્વાર પહોંચ્યા અને ભંડારામાં ભોજન પામ્યા.

●---------●●●--------●●●---------●

સરસ્વતી નિકેતન આશ્રમ, કુમાર છાત્રાલય પાસે, જોધપર(નદી), વાયા-મોરબી, ૩૬૩૬૪૨, ફોન ૦૨૮૨૨-૨૯૨૬૮૮

## (૦૨) ઘડતર અને ચણતર : એક કર્મયોગી ઉર્ધ્વયાત્રા

- ભરત ના. ભટ્ટ

**ગતાંકથી ચાલુ...**

૩. એક વિશિષ્ટ કેળવણીસંસ્થા તરીકે 'દ.મૂ.'ની ખ્યાતિ પણ વિસ્તરતી ગઈ. ભાવનગર શહેરમાંથી તે ભાવનગર પંથકમાં જાણીતી થઈ. પછી સૌરાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાન, પંજાબ વગેરે પ્રાંતોમાં તે પ્રસિદ્ધ થઈ. સાથે જ ભારતભરમાં તથા કેટલાક વિદેશોમાં પણ તે પ્રસિદ્ધિ પામી.

'દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવન'ના કેળવણીના સિદ્ધાંતો :— આશરે ૧૯૨૨ આસપાસ એક—બે નોંધ—પાત્ર ઘટનાઓ બની, પ્રથમ એ કે છૂતાછૂતના મુદ્દે ગાંધીજીના વિચારોએ નાનાભાઈને પ્રભાવિત કર્યા હતા. પરિણામે દ.મૂ.માં હરિજનોને પ્રવેશ આપવા તેઓ આતુર હતા. બીજી બાજુ નાનાભાઈના ગુરુ અને પ્રેરણામૂર્તિ મહારાજશ્રીને આ વાત સ્વીકાર્ય નહોતી. અતઃ હરિજનપ્રવેશ તો બંધ રહ્યો, પરંતુ નાનાભાઈ ભારે હૃદયવિદારક પીડામાંથી પસાર થયા. મહારાજશ્રીથી છૂટા પડવું તેમને માટે અશક્ય હતું તો વળી હરિજનો માટે પ્રવેશબંધી સ્વીકારતાં તેમનું હૃદય ચિરાતું હતું.

બીજી બાબત એ કે લગભગ આ ગાળામાં 'દ.મૂ.'એ પોતાના કેળવણી વિષયક સિદ્ધાંતો બહાર પાડ્યા. તે સિદ્ધાંતોને અહીં આપણે નોંધશું એટલે આપણને પ્રતીત થશે કે 'દ.મૂ.'ના સૂત્રધારોનું કેળવણીચિંતન કેટલું ઊંડું હતું. શિક્ષણક્ષેત્રની આ ક્રાંતિ કેટલી તલસ્પર્શી તથા વ્યાપક હતી. તેમાં સગુણરૂપે પ્રગટતા મુદ્દાઓની પડછે કેટલું સૂક્ષ્મ, સાર્વત્રિક અને ક્રાંતિકારી કેળવણીદર્શન પડ્યું હતું. આ રહ્યા તે સિદ્ધાંતો :

૧. સ્વાતંત્ર્ય દ્વારા સ્વયંશિસ્ત અને જવાબદારી ભાવનું ઘડતર કરવું.
૨. સજા, દંડ, ઇનામ, માર્ક્સ, સ્પર્ધા, નંબર વગેરે વર્જ્ય ગણવાં.
૩. માતૃભાષા દ્વારા જ શિક્ષણ આપવું તથા હિન્દી વિષય ફરજિયાત રાખવો.
૪. સર્વ કાર્યક્રમના આયોજનમાં વિદ્યાર્થીને કેન્દ્રમાં રાખવો.
૫. બુદ્ધિ તથા હૃદયની સાથે હાથની કેળવણીને મહત્ત્વ આપવું. કર્મઠતા અને સ્વાવલંબનનું ઘડતર કરવું.
૬. અભ્યાસેતર પ્રવૃત્તિઓનું—રમતો, પ્રવાસો, નાટકો, ઉત્સવો, તહેવારો, શાળા પંચાયત વગેરેનું—વિષય શિક્ષણ જેટલું જ મહત્ત્વ રાખવું.
૭. કલાના શિક્ષણને મહત્ત્વનું સ્થાન આપવું.
૮. સહશિક્ષણનો આગ્રહ રાખવો અને અમલ કરવો.
૯. આર્થિક તથા વહીવટી બાબતે સ્વનિર્ભર અને સ્વાયત્ત રહેવું. (સરકારથી, સરકારી સંસ્થાઓથી મુક્ત રહેવું.)
૧૦. માનસશાસ્ત્ર તથા શિક્ષણશાસ્ત્રનો શિક્ષણમાં તથા કેળવણીમાં મહિમા તથા વિનિયોગ.
૧૧. શિક્ષકો—વિદ્યાર્થીઓ વચ્ચે લાગણીના સંબંધો કેળવી તે દ્વારા વત્સલ એવું પારિવારિક વાતાવરણ સર્જવું.

રાજ્ય અને સંસ્થા :— દક્ષિણામૂર્તિના સાફલ્યમાં ભાવનગર રાજ્યનો જે અમૂલ્ય ફાળો હતો તેનો ઉલ્લેખ યોગ્ય માત્રામાં નાનાભાઈએ કર્યો છે. અહીં આપણે તેની નોંધ લેવી જોઈએ. કાઠિયાવાડનાં આશરે ૨૦૦ જેટલાં દેશી રાજ્યો (રજવાડાં)માં ભાગ્યે જ કોઈ સ્વતંત્ર રીતે વિકસી શકે. ભાવનગર રાજ્યમાં સંસ્થા અને તેના મોવડીઓ વિકસી શક્યા તેને નાનાભાઈ 'એકલો—અટૂલો અપવાદ' ગણાવે છે.

એક પ્રસંગ જોઈએ. ભાવસિંહજી મહારાજે દ.મૂ.માં રહેતી એક જાતવાન કૂતરીને લેવા શિકારીઓને મોકલેલા. કૂતરીને વિદ્યાર્થીઓએ સંતાડી દીધી. પરિસ્થિતિ જાણીને

નાનાભાઈએ પણ તરત ના પાડી દીધી. પછી શિકારીઓના ગેરવર્તન થકી ગુસ્સે થઈ નાનાભાઈ સીધા શહેરના મુખ્ય ફોજદાર પાસે ગયા. ત્યાંથી વાત મહારાજા સુધી પહોંચી, શિકારીઓને તગેડી મુકાયા અને કૂતરી સંસ્થામાં રહી. ભાવનગર નરેશે ફોજદાર પાસેથી જ્યારે જાણ્યું કે મહારાજા કહે એટલે માસ્તર તો તરત કૂતરી આપી દે પરંતુ તેમના વિદ્યાર્થીઓની તે પાળેલી હોવાથી વિદ્યાર્થીઓ રડવા જેવા થઈ ગયેલા ! 'વિદ્યાર્થીઓની વહાલી કૂતરી મારે ન જોઈએ.' તરત મહારાજાએ કહેલું.

સરદાર પૃથ્વીસિંહને અંગ્રેજ સરકારે જેલમાં પૂરેલા. ત્યાંથી તેઓ છટક્યા ત્યારે ભાવનગરમાં તેમને છુપાવી રાખવાની વ્યવસ્થા નાનાભાઈએ કરેલી. તેમાં તેમણે પટ્ટણીસાહેબની તથા ભાવનગરના પોલિસવડાની પૂર્વસંમતિ લીધેલી.

લગભગ ૧૯૩૦માં વીરમગામની છાવણી સંભાળવા નાનાભાઈને બાપુએ તાર કરીને બોલાવ્યા. નાનાભાઈ સંસ્થામાં રાજીનામું આપી રેલ્વે સ્ટેશને ગયા. ગાડી સમયસર ન ઉપડી ત્યારે ખ્યાલ આવ્યો કે પટ્ટણીસાહેબ તેમને વિદાય આપવા આવે છે. તેઓ આવ્યા અને નાનાભાઈને શુભ વિદાય આપી. દેશભરમાં જાણીતા પટ્ટણીસાહેબ ભાવનગરના દીવાન હતા. આમ છતાં તેમણે આવું ઈચ્છ્યું, તેમાં રાજ્ય સાથેના અને પટ્ટણીસાહેબ સાથેના નાનાભાઈના મધુર અને વિરલ સંબંધો પ્રગટ થાય છે.

પોતાની આત્મકથામાં આ બધું લખતાં લખતાં નાનાભાઈએ ત્રણ—ચાર વાર નોંધ્યું છે કે, 'દક્ષિણામૂર્તિ આ ધરતીમાં જ ઊગે.' તેઓ લખે છે કે, 'ભાવનગર રાજ્યના અમલદારો સામે મેં કદી ખુશામતનો આશરો નથી લીધો. અમે કાયમ સત્યને વળગી રહ્યા છીએ. નુકસાન સહન કર્યું છે, લાભો જતા કર્યા છે, જે પછી સામેથી અમારા ખોળામાં આવીને પડ્યા છે.'

એવું બનેલું કે ગોંડલના રાજવી ભગવતસિંહજીએ નાનાભાઈને કહ્યું, 'તમે ગોંડલ આવો. ભાવનગર તમને જેટલા હજાર આપે તેટલા લાખ હું તમને આપીશ.' આના જવાબમાં નાનાભાઈએ નમ્રતાથી કહેલું—'મને ભાવનગરની હવા સદી ગઈ છે.'

ભાગ—૧ના સાતમા ખંડનાં છેલ્લાં પ્રકરણોમાં દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવન સંસ્થા કયાં કારણોસર અને કેવી રીતે પોલી થતી ગઈ, અંદરથી વિચ્છિન્ન થતી ગઈ તેનો ચિતાર છે. આ ઘાતક પ્રક્રિયા ૧૯૩૨—૩૩થી શરૂ થઈ ગયેલી. તે ગાળામાં શું શું બન્યું ? તેનાં કારણો શું શું હતાં ? આવા સર્વ મુદ્દાઓ અંગે આ લેખના અંતમાં હું વિગતે અને મુદ્દાવાર લખવાનો છું. કંકાસ અને ઝગડાની પરાકાષ્ઠાએ, ખાસ મિટિંગમાં નાનાભાઈએ, 'સંસ્થાની એક પાઈ પણ મારે શિવનિર્માલ્ય છે' તેમ કહ્યું. આ પછી તેઓ ઘરે આવ્યા અને પોતાની પત્નીને મિટિંગની વાત કરી ત્યારે તેમનાં પત્ની અજવાળીબહેન બોલ્યાં, 'સારું થયું આપણે છૂટયાં; છેલ્લાં ચાર—પાંચ વર્ષથી તો રાંધ્યાં ધાન ચૂલા પર રહ્યાં છે.' એક અનન્ય કેળવણીસંસ્થાના આંતરપ્રવાહો કેવા કંકાસભર્યા, સંઘર્ષમય રહ્યા હશે તે આ વાક્યથી વ્યંજિત થાય છે.'

દક્ષિણામૂર્તિનો અલૌકિકકાળ જે હતો તે માંડ ૧૦—૧૨ વર્ષ ચાલ્યો હશે. અહીં મને એથેન્સનો સુવર્ણયુગ યાદ આવી ગયો. નાનાભાઈની બંને ઉત્તર સંસ્થાઓએ પણ ૧૦—૧૨ વર્ષનો સુવર્ણકાળ માણ્યો છે. એથેન્સ એ કારણે યાદ આવ્યું કે તેનો સુવર્ણકાળ પણ પૂરાં સો વર્ષ નહીં ચાલેલો. બહુ થોડાં વર્ષોમાં તેનો અંત આવેલો અને કેવો તે અંત ? સૉક્રેટિસનું બલિદાન તેની કરુણ ચરમસીમા ગણાય. દ.મૂ.નો અંત પણ એથી ઓછો કરુણ નથી. દીર્ઘ ભૂતકાળ ઉપર નજર નાખતાં એવું લાગ્યું છે કે ઊર્મિકાવ્યની માફક, સુવર્ણયુગ કે સતયુગ પણ ટૂંકા જ હોય છે. માણસ તરીકે આપણું એ કર્તવ્ય છે કે આવા કાળનું આયુષ્ય દીર્ઘ બને.

ભાગ—૨ : કથાનાયકની ઘડતરગાથા :—

ભાગ—૨ના આરંભે આત્મકથાકારે લખ્યું છે—'દક્ષિણામૂર્તિએ મને પોતાને કેવી રીતે ઘડ્યો અને દક્ષિણામૂર્તિ સંસ્થાએ કાઠિયાવાડ—ગુજરાતમાં અને અમુક અંશે આખા દેશમાં કેવા આઘાત—પ્રત્યાઘાત ઊભા કર્યા તેનું યથાર્થ ચિત્ર પહેલા ભાગમાં નથી.' અને 'દક્ષિણામૂર્તિમાં રહ્યો રહ્યો હું કેવી રીતે આ નવી કેળવણીમાં અને જીવનમાં પલોટાયો તેની આખી રૂપરેખા આપવાનો હું આ બીજા ભાગમાં પ્રયત્ન

કરીશ.'

આખા પુસ્તક વિશે અહીં કદના સંદર્ભમાં નોંધીએ તો ભાગ–૧નો વ્યાપ આશરે ૬૭% છે અને ભાગ–૨નું કદ ૩૩% છે. આપણે હવે આ ૩૩% અંશ પર નજર નાખીએ.

જેમ પ્રથમ ભાગના અંતમાં તેમ આ ભાગના આરંભમાં 'દ.મૂ.' જેવી મોટી, પ્રતિષ્ઠ અને આગવી સંસ્થા કેમ અચાનક બંધ થઈ તેની સખેદ નોંધ છે. પછી, નવલિકા જેમ પૂરી થાય ત્યાંથી શરૂ થતી હોય છે તેમ, આ કથા સંસ્થાના જન્મ તરફ વળી ૨૮ વર્ષના સમય પર જરા ભિન્ન નજરે વિરહે છે. તે ૨૮ વર્ષના ગાળામાં મહત્ત્વની ઘટનાઓએ લેખકને કેવી રીતે ઘડ્યા તેનો આલેખ છે. 'દક્ષિણામૂર્તિ' નામ કેમ પડ્યું તે અંગે જણાવી નાનાભાઈ સાવ આરંભનો એક કિસ્સો નોંધે છે. તેઓ સવારે છાત્રાલયમાં ફરતા હતા તે દરમિયાન તેમની નજર ચોકડી તરફ ગઈ. ત્યાં રાત્રે કોઈ સંડાસ ગયેલું. ભારે દુર્ગન્ધ આવે અને ઝાડા પર માખીઓ બણબણે.

એક તરફ છે કૉલેજના આસિ. પ્રોફેસર, બીજી બાજુ છે નવા શરૂ થયેલા છાત્રાલયમાં રહેતા પાંચ–સાત છાત્રોના વાલી ! મોભા અને ધર્મ વચ્ચે ઝોલાં ખાતા કથાનાયક આખરે કશી જ પૂછતાછ–તપાસ વગર ઝાડો સાફ કરે છે અને તેમનું મન હળવું–પ્રસન્ન થાય છે. આ રીતે બાહ્ય કલેવરને છેદીને અંદરના નાનાભાઈ પ્રગટ થાય છે.

અહીં ત્રણેક પ્રસંગો એવા નિરૂપાયા છે, જેમાંથી ઉપરના જેવો જ પ્રતિઘોષ આપણને સંભળાય છે. રસોડા સંચાલન અને કોઠારની ખરીદીમાં સાવ બિનઅનુભવી નાનાભાઈ એવું ઘડતર પામે છે કે વીસેક વર્ષ પછી હરિપુરા ખાતેના કોંગ્રેસ અધિવેશનમાં સરદાર તેમને રસોડું સોંપે છે. સગાંને સંસ્થામાં કાર્યકર તરીકે ન જ રાખવાનો કષ્ટભર્યો પરંતુ નિર્વેદભાવ પ્રગટ કરતો નિર્ણય તેમણે લીધો તે ઘટના અહીં બને છે. સંસ્થાની કોઈ ચીજ તો ઠીક, રસોડે રંધાયેલી વાનગી ચાખવા માટે પણ પોતાને ત્યાં ન જ આવવી જોઈએ તેવો કથાનાયકનો મૂલ્યાગ્રહ પણ અહીં જન્મ લે છે.

સંસ્થા શરૂ થયા પછી બે–ત્રણ વર્ષે (સર્વના વિરોધ વચ્ચે) કૉલેજની નોકરી છોડવાનો તેઓ નિર્ણય લે છે. શર્માજી આવું પગલું ભરતાં પૂર્વ વિચારવાનું કહે છે ત્યારે પ્રસાદજી (નાનાભાઈ) તેમને કહે છે, 'હું આ કામમાં આપની સાક્ષીએ પડ્યો. મારે લીધે આપે ભાવનગર પસંદ કર્યું. આજે હવે હું ખરે ટાણે મોઢું સંતાડું તે કેમ ચાલે ? આપ છૂટી શકો, (બિલખા) આશ્રમ છૂટી શકે, મિત્રો છૂટી શકે છે પણ હું છૂટી શકતો નથી.' આ રીતે એક સારા અધ્યાપકમાંથી કેળવણીકાર અને આધુનિક ઋષિ નાનાભાઈ આવિષ્કાર પામતા જાય છે, વિષમ ત્રિભેટે આકરી પરંતુ ઉચિત દિશા લેવા જતાં મનોમંથન અનુભવે છે, છતાં જાતે જ તેમાંથી નીકળી ઉર્ધ્વગામી નિર્ણય લે છે, જેમાં તેમનું આંતરસત્ત્વ પ્રગટ થાય છે.

લેખકે આલેખેલો પાણીકળાનો પ્રેરક પ્રસંગ મમળાવવા જેવો છે. ૧૯૧૭–૧૮ આસપાસનો પ્રસંગ હશે. પોતાના નવા પ્લોટમાં કૂવો ગળાવવા માટે સંસ્થાએ તળાજાથી પાણીકળાને બોલાવેલો. પોતાની કળામાં નિષ્ણાત પાણીકળો પાણી માટેની જગ્યા બતાવી પરત ફર્યો. આ બાજુ સારું પાણી નીકળતાં નાનાભાઈએ તેને પુનઃ બોલાવ્યો. બંને વખત તળાજા–ભાવનગરનું (આશરે ૫૦ કિ.મિ.નું) અંતર ચાલીને કાપનાર આ માણસે પોતાના કામ બદલ એક રૂપિયો પણ ન લીધો. કહ્યું, 'જે દહાડે પાણી કળવા માટે હું કાંઈ પણ લઉં તે દહાડે મારી આ વિદ્યા વહી જાય. આ વિદ્યા તો મને મારા ગુરુએ આપેલી વિદ્યા છે, મારા પોતાનામાં કાંઈ શક્તિ નથી.'

આ સંધાને નાનાભાઈએ લખ્યું છે–'આ પાણીકળાની વિદ્યા સાચી કે મારી વિદ્યા ? આ પાણીકળો સાચો ત્યાગમૂર્તિ કે કૉલેજ છોડી કીર્તિ ખાટનારો હું સાચો ત્યાગમૂર્તિ ?'

અહીં લેખકે છાત્રાલયવ્યવસ્થાના, તેના સંચાલનના, ભોજન વ્યવસ્થાના પોતે કરેલા પ્રયોગો અને તેના અનુભવો લખ્યા છે. શાળા પંચાયતની રચના કરી તે દ્વારા વિદ્યાર્થીઓને જવાબદારીઓમાં જોડવાનું, જરા મુશ્કેલ પરંતુ કેળવણીની દૃષ્ટિએ અભિનવ પગલું સંસ્થાએ લીધું હતું. અહીં તેના તથા સહશિક્ષણ અંગેના સારા–નરસા અનુભવોનું આકલન–ચિંતન રજૂ થયું છે. જેમ સાચી ગૃહસ્થી કે સાચો સંન્યાસ તેમ સાચી કેળવણી એ પણ એક પડકાર જ છે. જે માણસ તરીકે વિકસવા ચાહે છે તે આવા પડકાર ઝીલી તેમાંથી

સફળતા સાથે પાર ઊતરવાનો પુરુષાર્થ કરે છે. આ આલેખન આપણને તેની પ્રતીતિ કરાવે છે.

સંસ્થાએ વિષયશિક્ષણમાં જે વિવિધ પ્રયોગો કર્યા તેનો આલેખ પણ અહીં છે. માનસશાસ્ત્ર, શિક્ષણશાસ્ત્ર વગેરેના પ્રયોગો—અમલ મારફત દ.મૂ.એ વિષયશિક્ષણનો મહિમા પણ ઉપસાવ્યો છે. નાનાભાઈએ પરિચય પદ્ધતિથી સંસ્કૃત, ગિજુભાઈએ 'ડાયરેકટ મેથડ'થી અંગ્રેજી અને હરભાઈએ સ્વાધ્યાય પદ્ધતિથી બધા વિષયો ભણાવવાના સફળ પ્રયોગો કર્યા. શિક્ષણમાં ભારતીયતા સાચવીને પાશ્ચાત્ય પ્રવાહો, તે અંગેનું અભિનવ ચિંતન વગેરેને અપનાવી સંસ્થાએ પ્રાચીનતા અને આધુનિકતા વચ્ચે સેતુ બનવાનો પ્રયત્ન કર્યો, જે બદલ તે ધન્યવાદને પાત્ર છે. વિદ્યાર્થીઓની અપરિપકવતા અને તેમના અતિ ઉત્સાહ વચ્ચેથી સંસ્થાએ પોતાનું કાર્ય જે રીતે પાર પાડ્યું તેમાં સંસ્થાના કાર્યકરોની કુનેહ અને દૃષ્ટિ પ્રગટ થાય છે.

સંસ્થાની આર્થિક સ્થિતિ અંગે અહીં ચિતાર મળે છે. વિભાગો વિકસ્યા, કાર્યકરો વધ્યા પરંતુ આવક તો મર્યાદિત જ હતી. નાનાભાઈએ આરંભેલી ફંડપ્રવૃત્તિ જ સૌથી મોટો આધાર. આ ફંડપ્રવૃત્તિએ નાનાભાઈનું ઘણું ઘડતર કર્યું અને આસ્તે આસ્તે તેમને માંજ્યાં.

કલકત્તા ખાતે એક શેઠે નાનાભાઈને ત્રણ ધક્કા ખવરાવ્યા પછી અડધો રૂપિયો દાન કર્યું તેમ છતાં નાનાભાઈના ચહેરાની એક રેખા પણ કટુ ન થઈ ! ભારતના કેળવણીના ઇતિહાસમાં નાનાભાઈની આ ફંડપ્રવૃત્તિ અને તેનું સાફલ્ય એ કદાચ વિરલ કિસ્સો હશે. તેમણે પોતે આ પ્રવૃત્તિને પોતાની આંતરકેળવણીનું માધ્યમ ગણાવી છે. મને લાગે છે કે ફંડ પ્રવૃત્તિએ તેમનામાં પડેલી સ્થિત—પ્રજ્ઞતાને આવિષ્કૃત કરી અને સંવર્ધિત પણ કરી.

દ.મૂ.એ કાર્યકરોનો સંસ્થા સાથે એક ભાવપૂર્ણ નાતો બંધાય અને સંસ્થાનું કામ દીપી ઊઠે તેવા આશયથી આજીવન સભ્યપદની એક યોજના બનાવીને અમલમાં મૂકેલી. નાનાભાઈએ આ યોજના અંગેના પોતાના વિચારો અહીં રજૂ કર્યા છે.

પ્રકાશન પ્રવૃત્તિ :— દ.મૂ.ની એક આગવી વિશેષતા તે તેની પ્રકાશન પ્રવૃત્તિ. તેણે આશરે ૧૯૨૪માં પોતાનો પ્રકાશન વિભાગ શરૂ કર્યો, જેના મૂળમાં એક અનુકરણીય કેળવણીદૃષ્ટિ હતી.

કથાનાયક માનતા હતા કે પોતાના કેળવણીદર્શનને પ્રગટ કરવા સંસ્થાએ લેખન તથા પ્રકાશનકાર્ય કરવું જોઈએ. સંસ્થાએ જુદા જુદા સમયે ત્રણેક સામયિકો પ્રગટ કરેલાં. આશય એ હતો કે કેળવણી અંગેના, શિક્ષણ અંગેના વિચારો પ્રયોગોની અન્ય સંસ્થાઓ, શાળાઓ સાથે આપ—લે કરવી અને તે દ્વારા તેમાં સમૃદ્ધ થવું.

શિક્ષણ અને કેળવણી જીવંત હોય તો તેમાં સમસ્યાઓ ઊભી થવાની અને તેના ઇલાજો શોધવા પડવાના. આ સંદર્ભમાં સમસ્યાઓ—ઇલાજો અંગેના અનુભવોની આપ—લે કરવા માટે અન્ય કેળવણીકારો, શિક્ષકોના વિચારો—અનુભવો જાણવા માટે સામયિકો જરૂરી માધ્યમ બન્યાં.

લેખો, પુસ્તકો મારફત અવિધિસરનું સમાજ શિક્ષણ થાય છે. જે લોકો એક યા બીજા કારણે વિધિસરનું શિક્ષણ નથી લઈ શકતા તેને માટે આ સાહિત્ય અવિધિસરના શિક્ષણનું માધ્યમ બન્યું.

વિદ્યાર્થીઓમાં, આસપાસના સમાજમાં સર્વધર્મ સમભાવ કેળવવા માટે, સૌમાં સાહિત્યરસ જગાડવા માટે તથા ચારિત્ર અને જ્ઞાનના સંવર્ધન માટે સંસ્થાની આ પ્રવૃત્તિ સાર્થક થઈ.

ગુજરાતી, સંસ્કૃત, અંગ્રેજી વગેરે ભાષાઓનાં મૂલ્યવાન પુસ્તકોના અનુવાદો કરી, ચરિત્રો લખી તે દ્વારા વિશ્વસાહિત્યનો અને મહાન વ્યકિતઓનો પરિચય કરાવવાનું કામ પણ આ થકી શક્ય બન્યું.

દ.મૂ.ની પ્રકાશન પ્રવૃત્તિએ પોતાનાં કેળવણીકાર્યને તો તેજસ્વી બનાવ્યું જ. સાથે સાથે તેણે ગુજરાતી સાહિત્યને પણ ઠીક ઠીક સમૃદ્ધ કર્યું.

ભાગ—રને અંતે સંસ્થાની વિશેષતાઓની, તેના નૂતન પ્રદાનની સમીક્ષા કરવામાં આવી છે. સાથે જ આ સંસ્થા કેમ બંધ થઈ ? તેનું આંતરસત્ત્વ કેમ શિથિલ થયું તેનું અવલોકન—મૂલ્યાંકન કરવામાં આવ્યું છે.

વાસ્તવમાં પ્રથમ ભાગમાં લેખક મુખ્યત્ત્વે કાલાનુક્રમે પોતાના જીવનની અને સંસ્થાના સ્થાપન—વિકાસની વિગતો આપે છે. ભાગ—રનો આરંભ સંસ્થાના નામકરણથી થાય

છે અને ત્યાર પછી જે જે બન્યું તે પાછળનાં પરિબળો, સારા—માઠા અનુભવો, પ્રશ્નો, પડકારો અને પુરુષાર્થનું નિરૂપણ છે. આ સર્વ દ્વારા સંસ્થા શરૂ થયા પૂર્વેના કથાનાયક અને સંસ્થાસંચાલન દ્વારા ઘડાયેલા કથાનાયકનું ચિત્ર ઉપસે છે.

દક્ષિણામૂર્તિમાં ક્રમેક્રમે ત્રણ એવી પ્રતિભાઓ ભેગી થયેલી જે પ્રખર હોવા સાથે ભિન્ન ભિન્ન શિક્ષણદૃષ્ટિ ધરાવતી હતી. ત્રણ સમર્થ શિક્ષણશાસ્ત્રીઓ ભાગ્યે જ એક સંસ્થામાં ભેગા થાય. છતાં થાય તો લાંબુ સાથે ન રહી શકે. ગુજરાતનું અને દેશનું એ સદ્‌ભાગ્ય કે આ ત્રણ પ્રતિભાઓ ૧૮ વર્ષ સાથે કામ કરી શકી. નાનાભાઈ, ગિજુભાઈ અને હરભાઈ આ ત્રણેય પ્રકૃતિથી શિક્ષક હતા. આમ છતાં ત્રણેયનું વ્યક્તિત્વ અને શિક્ષણ અંગેનું દર્શન ભિન્ન ભિન્ન હતાં. અંતે નાનાભાઈ ૧૯૩૮માં દક્ષિણામૂર્તિ છોડીને આંબલા ખાતે તેની શાખારૂપે ગ્રામદક્ષિણામૂર્તિ સ્થાપી. ૧૯૩૯માં ગ્રામદક્ષિણામૂર્તિ સ્વતંત્ર સંસ્થા બની.

સ્વરૂપનિષ્ઠા :— આત્મકથાને તેના સ્વરૂપગત કેટલાંક ધોરણો હોય છે, લક્ષણો હોય છે. તે ધોરણો સાચવે તે આત્કથા સ્વરૂપનિષ્ઠ કૃતિ કહેવાય. સ્વરૂપનાં ધોરણો સાચવવાં તે કૃતિનો માનદંડ બની રહે, ‘ઘડતર અને ચણતર’ આત્મકથા કેટલી સ્વરૂપનિષ્ઠ છે તે જોવું જોઈએ. આપણે અહીં તેનાં સ્વરૂપગત લક્ષણોને ધ્યાનમાં લઈ તેની નિષ્ઠા નક્કી કરીએ.

(૧) આત્મકથાનો પાયો છે સત્યનિરૂપણ. જીવાયેલા જીવનની હકીકતોને આધારે આ સ્વરૂપ બંધાય છે. અહીં લેખકે સત્ય નિરૂપણને અગ્રતાક્રમ આપ્યો છે. પોતાના તેમજ સંસ્થાના જીવનમાં જે જે બન્યું છે તેને યથાતથ મૂકવાનો આગ્રહ રાખ્યો હોય તેવું લાગે છે.

(૨) આત્મકથામાં કથાનાયકનું આત્મમંથન, તેનો આત્મસંઘર્ષ પ્રગટ થવો જોઈએ. આત્મકથા એટલે કેવળ જીવનની ઘટનાઓ જ નહીં, સમગ્ર વ્યક્તિત્વનો આલેખ તેમાં આવે. આ સંદર્ભમાં આત્મમંથન, આત્મસંઘર્ષ ઉપરાંત આત્મનિરીક્ષણ પણ નિરૂપાવું જોઈએ. અહીં લેખકે અવાર—નવાર પોતાનું મનોમંથન તેમજ આત્મનિરીક્ષણ નિરૂપ્યું છે.

(૩) આત્મકથા એ કાંઈ આત્મશ્લાઘાનું માધ્યમ નથી. માણસની સાચી મહાનતા એ છે, જેમાં તેને પોતાના ગુણો નાના લાગે અને અવગુણો મોટા લાગે. સૌમાં નાની મોટી મર્યાદાઓ, ત્રુટિઓ હોય છે. આત્મકથક જો શીલવાન હશે તો તે પોતાની ઉધાર બાજુઓને આગળ અને જમા પાસાંઓને પાછળ મૂકશે. ’ઘડતર અને ચણતર’ના લેખકે પોતાની ભૂલો—મર્યાદાઓને અહીં સ્થાન આપ્યું છે અને તેને સ્વીકારી છે, ઉપસાવી છે.

(૪) આત્મકથા નિખાલસ, પ્રામાણિક અને પારદર્શી હોવી જોઈએ. આત્મકથકે કદી કશું છુપાવવાનું ન હોય, સાથે જ તેના આલેખનમાં પ્રામાણિકતા—સચ્ચાઈ અને નિર્મળતા હોવી જોઈએ. પ્રસ્તુત આત્મકથામાં લેખકે કશું છુપાવ્યું હોય તેવું લાગતું નથી. સાથે જ તેમાં ક્યાંય દંભ કે બેવડાં ધોરણો પણ જોવા મળતાં નથી.

(૫) આત્મકથા એટલે જાતે લખેલો પોતાનો વ્યક્તિલક્ષી ઇતિહાસ, તેમાં જે કાંઈ વિગતો મૂકવામાં આવે તે સાચી, આધારભૂત અને બિનવિવાદાસ્પદ હોવી જોઈએ. અહીં લેખકે જે વિગતો આપી છે તે બિનવિવાદાસ્પદ અને આધારભૂત લાગે છે. આ વિગતો તે સમયના ઇતિહાસને આધારે તેમ જ અન્ય ચરિત્રોને આધારે ચકાસતાં સાચી માલૂમ પડે છે.

(૬) આત્મકથા લખાય—છપાય જરૂર પણ તેની સાર્થકતા તે વંચાય તેમાં છે. આથી વાચકને આકર્ષે અને પકડી રાખે તેવી (અલબત્ત સચ્ચાઈને વફાદાર એવી) તેની ભાષાસમૃદ્ધિ હોવી જોઈએ. ‘ઘડતર અને ચણતર’ની ભાષા લાઘવયુક્ત છે તો સાથે જ તે સરળ, સુબોધ હોવાથી સમજવી—પકડવી મુશ્કેલ નથી. આ કૃતિની ભાષા રસિક તેમજ હૃદયસ્પર્શી પણ છે. આ થકી લેખક—વાચક વચ્ચે તે લાગણીનો એક સેતુ બાંધી આપે છે.

આ કૃતિની ભાષા—રજૂઆતનો વિચાર તો આપણે કર્યો, પરંતુ તે અંગે જાણીતા સાહિત્યકાર ચુનીલાલ મડિયાનું વાક્ય નોંધશું તો ઘણું સમજાઈ જશે. તેઓ લખે છે, ‘(ઘડતર અને ચણતરમાં) દક્ષિણામૂર્તિના ઉદય આલેખતાં પ્રકરણો પ્રેરક બન્યાં છે, તો તેનો અસ્ત વર્ણવતા ખંડો એથીય રોમાંચક બની રહે છે.’

વિદ્વાનો દ્વારા આવકાર :— આ કૃતિ બે ભાગમાં

અનુક્રમે ૧૯૫૪માં તથા ૧૯૫૯માં પ્રકાશિત થઈ. ત્યાર પછી ઠીક ઠીક સંખ્યામાં સાહિત્યમર્મીઓએ તેને આવકારી. અહીં થોડાં માત્ર નામો જ નોંધીએ. કાકા કાલેલકર, પંડિત સુખલાલજી, ઉમાશંકર જોશી, હરીન્દ્ર દવે, ચુનીલાલ મડિયા, સ્વામી આનંદ, વાડીલાલ ડગલી, કિશોરલાલ મશરૂવાળા, મગનભાઈ દેસાઈ વગેરે.

ટીકાઓ અને તેના જવાબો :– 'ઘડતર અને ચણતર'ના પ્રથમ ભાગની પ્રથમ આવૃત્તિ ૧૯૫૪માં પ્રકાશિત થઈ પછી તેની થોડી ટીકાઓ પણ થઈ. તે ટીકાઓનો અને તેના ઉત્તરોનો અહીં ચિતાર આપું છું.

૧. 'લોક અવાજ' નામના સામયિકમાં શાંતનુ માહેશ્વરે ટીકા કરતા લેખનું શીર્ષક આપ્યું છે, 'શ્રી નાનાભાઈની આ તે આત્મકથા કે અહંકથા ?'

તેમણે પ્રથમ ભાગની 'ખરો કેળવણીકાર' એવા શીર્ષક નીચે પ્રસ્તાવના લખનાર પંડિત સુખલાલજીની પણ કાંઈક આ મતલબની ટીકા કરી છે કે 'તેમણે પૂરું વાંચ્યા વગર પ્રસ્તાવના લખી છે.'

(ક) સંયુક્ત ભાગની પ્રથમ આવૃત્તિ ૧૯૫૯માં પ્રકાશિત થઈ ત્યારે 'વધારો અને સુધારો' શીર્ષકવાળી પ્રસ્તાવનામાં પંડિતજીએ અત્યંત નમ્રતા સાથે આ બંને ટીકાઓના જવાબ આપ્યા છે, જેનો સાર કાંઈક આવો છે : આમાં નાનાભાઈ વારંવાર 'હું', 'મારું' શબ્દો વાપરે છે તેથી તે કોઈકને અહંકથા લાગે પરંતુ તે અહંકથા (પોતાની કથા) હોવા છતાં અહંકારકથા નથી. લેખક અનેક વાર પોતાની બાઘાઈ, અણઆવડતના દાખલા ટાંકી તેનો એકરાર કરે છે... તેઓ નાનામોટા સર્વ સાથીઓને બિરદાવે પણ છે. અહંકારી માણસ આવું ન કરી શકે.

(ખ) બીજી ટીકાના સંધાને તેઓ લખે છે કે, 'હું સમગ્ર લખાણ એક સાથે નથી વાંચી (સાંભળી) શક્યો પરંતુ 'કોડિયું'માં તે પ્રગટ થતું હતું ત્યારે હપ્તે હપ્તે હું તે બધું વાંચી ગયો છું, એટલે સમગ્ર કથા અંગે હું સંસ્કારશૂન્ય નથી.'

(૨) શ્રીમન્ નથુરામ શર્માના શિષ્યોને, ગિજુભાઈ અને હરભાઈના વિદ્યાર્થીઓને તેમજ અન્ય કોઈકને એવું લાગેલું કે નાનાભાઈએ આ કથામાં આ સૌને અન્યાય કર્યો છે અને દક્ષિણામૂર્તિનું અધૂરું ચિત્ર રજૂ કર્યું છે.

આ ટીકાઓનો જવાબ ૧૯૫૯ની આવૃત્તિના 'બે બોલ'માં, લેખક પોતે આપે છે. તેમણે લખ્યું છે. 'હું માટીનો માનવી છું. રાગદ્વેષથી પર હોવાનો દાવો શી રીતે કરું ? આમાં અનેકને મેં અન્યાય કર્યો છે તેમ લાગ્યું હોય તો આ સૌને પગે પડીને હું જણાવવા માગું છું કે દક્ષિણામૂર્તિનું ચિત્ર મને જેવું દેખાયું તેવું મેં ચીતર્યું છે. તે તે ભાઈ–બહેનોને દ.મૂ.નું ચિત્ર અન્યથા લાગ્યું હોય તો તેઓ પણ પોતાનાં ચિત્રો સમાજ પાસે રજૂ કરી શકે છે અને મારા ચિત્રની ખામી કે એકાંગિતા ટાળી શકે છે.'

આ ઉત્તરોમાં જોઈ શકાય છે કે પંડિતજીએ ટીકાઓને પૂરી નમ્રતા અને અહિંસાભાવ સાથે અયોગ્ય, પાયા વિહોણી અને છીછરી ગણાવી છે. લેખકે પૂરી નમ્રતા સાથે પરંતુ સત્યનિરૂપણ માટેના અડગ આત્મવિશ્વાસ સાથે જવાબ આપવા ઉપરાંત ખામીઓ, અન્યાયો, અધૂરપ હટાવવાનો માર્ગ પણ સૂચવ્યો છે.

મને લાગ્યું કે આવી ટીકાઓ અને તેની નોંધ તથા તેના જવાબો જરૂરી છે. તે નિમિત્તે કૃતિના નિરૂપણમાં અને વાચકોના માનસમાં સાફસૂફી થાય છે. જો કૃતિમાં સત્ય નિરૂપાયું હોય તો તે વધુ ઉજ્જ્વલ બને છે અને કૃતિનું મૂલ્ય વધે છે.

આ પરિસંવાદ નિમિત્તે આ આત્મકથામાં ઊંડે જવાનો અવસર મળ્યો જેથી મારી દૃષ્ટિ વધુ નિર્મળ થઈ તેમ હું અનુભવું છું અને તે માટે આયોજકોનો આભાર માનું છું. અહીં જે શ્રોતાઓ બેઠા છે તેઓ સૌ પોતાના અંતરથી લગભગ ૮૦–૯૦ ટકા મારી સાથે હતા, તેવું મને લાગ્યું. આ બદલ અભિનંદન આપું છું, ધન્યતા અનુભવું છું અને આભાર માનું છું.

જૂન – ૨૦૧૮

(તા.૧૭/૦૪/૨૦૧૮ના રોજ આત્મા હોલ (અમદાવાદ) ખાતે આપેલું વક્તવ્ય ઠીક ઠીક વિસ્તારીને.)

'મંદાર' ૩૬/૧, બીમાનગર, સેટેલાઈટ રોડ, અમદાવાદ–૧૫, મો. ૯૪૨૯૦ ૨૯૪૭૦

## (૦૩) નિજાનંદી મોજના કસબી : આપણા સૌના વ્હાલા બાપુ

- અરુણ દવે

સમગ્ર વિશ્વની માનવજાતના જીવનમાં સતત ઝંખના, દોડ, ઇચ્છા, સ્વપ્ન કોઈ હોય તો તે છે સુખની. દરેકને સુખ જોઈએ છે, મોજ કરવી છે. સામાન્ય રીતે સૌ એવું માને છે કે જીવન એ સુખની શોધ છે. વાસ્તવમાં જીવન એ તો સત્યની શોધ છે. આપણે સુખની ઝંખના કરતાં જ્ઞાનની, સ્વતંત્રતાની, પ્રેમ-આનંદની સૌંદર્યની, શાંતિની, આધિપત્યની, કીર્તિની, પ્રતિષ્ઠાની અને અમરત્વને પ્રાપ્ત કરવાની માનવ સહજ વૃત્તિ-વલણો ધરાવીએ છીએ. સવાલ એ છે કે સુખ પ્રાપ્તિની આ દોડ છે શા માટે ? શું છે કારણ ? જીવનનો ખાલીપો, અભાવો, ભૌતિક સુવિધાની અમાપ ઇચ્છાઓ માણસના દુઃખનું કારણ રહ્યું છે. માણસે એવું માન્યું છે કે સુખનું સ્રોત પદ, પ્રતિષ્ઠા અને પૈસા છે; પણ આ મોટો ભ્રમ છે. આપણે આપણી આસપાસના જગતમાં જે રંગો જોઈએ છીએ કે જે ધ્વનિ સાંભળીએ છીએ તે વાસ્તવિક જગત નથી. આપણે સૌ જે જગતને જોઈએ કે અનુભવીએ છીએ તે સાચું જગત નથી; જગતનું એ સત્ય નથી, એ તો માત્ર આપણી પ્રતીતિનું જગત છે ! આમ વ્યક્ત અને અવ્યક્ત જગતને પેલે પાર એક અનંત જગત રહેલું છે. આથી જગતને પામવું અને સુખને પ્રાપ્ત કરવું, એ ધારીએ છીએ તેટલું સરળ નથી.

આવા જગતમાં જીવનની મોજ કરવાની કળા રામ, કૃષ્ણ, ઈસુ , બુદ્ધ, મહાવીર અને ગાંધીજી જેવા અવતારી પુરુષોએ કાળાંતરે તેમના જીવન-આચરણથી માનવજાતને શીખવ્યા કરી છે. સંસ્કૃતિ અને પ્રકૃતિના વિવેકપૂર્ણ સમન્વયથી જન્મતી જીવનશૈલી જ મનુષ્યના મનુષ્યત્વને ઉજાગર કરવા સક્ષમ છે. આ વિભુતિઓના મૂલ્યનિષ્ઠ જીવન આચરણને વાસ્તવિક સ્વરૂપે અને સુપાચ્ય સ્વરૂપે સરળ કરીને આજના સમાજને સમજાવનાર જો કોઈ હોય તો તે છે પૂ. મોરારિબાપુ. પદ, પ્રતિષ્ઠા અને પૈસો સુખ પ્રાપ્તિના સ્રોત નથી; સત્ય, પ્રેમ અને કરુણા જ સાચાં સ્રોત છે; તેવું રામકથાનું ઓઢણું ઓઢીને તેઓ સહજ સ્વભાવથી સમાજને સમજાવી રહ્યા છે.

ગાંધીબાપુએ સત્યના સાધ્યને પ્રાપ્ત કરવા જેમ અહિંસાને સાધન બનાવ્યું તેમ મોરારિબાપુએ જીવનની અખિલાઈને સાચવીને જીવનની નિજાનંદી મોજ પામવાનું ધ્યેય પ્રાપ્ત કરવા સત્ય-પ્રેમ-કરુણાની ત્રિગુણી રસીની રામનામના મોણથી હનુમાનજી પાસે વળાવેલી ગોળીઓને સાધન બનાવ્યું છે !!

તુલસીદાસજીથી લઈને ઓશો અને વિનોબાજી સુધીનાના ઊંડા અભ્યાસે બાપુના ચેતોવિસ્તારને એટલો નમ્ર અને વિવેકી બનાવ્યો છે કે તેમણે ક્યારેય પોતાની મોટાઈ-દંભની કુંપળોને ફૂટવા નથી દીધી. 'મારું કહેલું સાચું છે તેમ માની ન લેવું. તમને સહજ યોગ્ય જણાય તો વિચારવું-આચરવું' એવું વારંવાર સ્પષ્ટ કરતાં બાપુએ ક્યારેય કોઈના ગુરુ બનવાનું પસંદ કર્યું નથી. તન, મન, વચન અને નયન વિવેકથી પોતાના શિક્ષકત્વને ઉજાગર કરતાં લોકશિક્ષક બાપુએ સૌ કોઈ પાસેથી શીખવાની અભ્યાસવૃત્તિને સતત વિકસાવ્યા કરી છે અને કાયમ જે તેનું નામ લઈ, યાદ કરીને તેમની પાસેથી મેં જાણ્યું વાંચ્યું છે તેમ કહીને કૃતજ્ઞતા વ્યક્ત કરી છે. સમગ્ર બ્રહ્માંડના અસ્તિત્વનું રહસ્ય જેમ સુસંવાદી લયબદ્ધતામાં સમાયેલું છે તેમ બાપુની સમગ્ર અભિવ્યક્તિ જીવનસંગીતની લયબદ્ધતામાંથી વ્યક્ત થતી હોવાથી તેમની વાતો સામાન્યજનથી લઈને બૌદ્ધિકો સુધીના સૌ કોઈ માટે સુપાચ્ય રહી છે. લોક અને શ્લોકનો પવિત્ર સંગમ રચી આપતી બાપુની નિશ્રામાં યોજાતાં અનેક પ્રકારનાં પર્વોએ તલગાજરડાને નાના-મોટા સૌ કોઈ શિક્ષણવિદો, સાહિત્યકારો અને કલાકારો માટે જાણે પિયર બનાવી દીધું છે.

જીવનની કોઈપણ પ્રકારની નકારાત્મકતાને સહજ રીતે હકારાત્મકતામાં બદલીને જીવન-ઝરણું વહેવડાવવાની

વિદ્વતા સભર ક્ષમતા ધરાવતા અને સત્યના આચરણથી પ્રેમના પાત્રમાં સૌને કરુણાથી પોતીકા કરી લેવાની, પોતાની જાતને સામાન્ય માણસ તરીકે ઓળખવાની અસામાન્ય અભિવ્યક્તિ ધરાવે છે. યાદશક્તિની અનેરી વરદાન-કૃપા ધરાવતા અને વક્તાથીયે ચડિયાતા ગુણાનુરાગી શ્રોતા તરીકેનો આદર્શ નમૂનો બનેલા શબ્દોના અને અર્થઘટનોના સ્વામી એવા બાપુ નિખાલસતાનો દરિયો છે. મૌલિકતાનો મહાસાગર સમા બાપુને જ હનુમાનજીની ગદાના સ્થાને વીણા મૂકવાનું સૂઝે. બચ્ચાને જન્મ આપવા કિનારે આવતી સગર્ભા વ્હેલ માછલીઓને તો કાંઈ પાલક-બાપ થઈને મરાતી હશે ? આવો અત્યંત ગંભીર પર્યાવરણીય માનવીય દૃષ્ટિકોણ સમજાવવાનું તો બાપુ જ કરી શકે. આવા અર્થઘટનો જ બાપુને વૈજ્ઞાનિક સાધુત્વને સમર્પિત એવા આધુનિક ઋષિ ગણવા માટે પૂરતાં છે.

સરળ, સહજ, નિઃસ્વાર્થ અને વત્સલતાસભર બાપુ-સ્મિત ભલભલાને ભીંજવી દે છે. રસભર અને સ્વરભર પ્રેમયજ્ઞરૂપી રામકથાના માધ્યમથી તેમણે જીવનલક્ષી લોકકેળવણીનું વિશ્વવ્યાપી દૃષ્ટાંત પૂરું પાડ્યું છે. જીવનમાં સૌને સ્વીકાર અને સમર્પણ ભાવથી સહકાર આપવાની વૃત્તિ તેમણે આપેલી પુરુષાર્થ, પ્રાર્થના અને પ્રતીક્ષાની ત્રિ-ગુણી જીવનઆચરણની શીખ સૌ કોઈને ફળદાયી નિવડે છે. તેમને સાંભળવા લાખો શ્રોતાઓ આદરભાવથી આવતા હોય અને પોતે જ્યાં જાય ત્યાં ભીડ ભેગી થઈ જતી હોવા છતાં તેમણે ભાઈબંધી તો પોતના માયલા સાથે જ સાધી છે ! આથી જ જગતભરની નિજાનંદી મોજમાં પોતે રમમાણ છે, અંદરથી ઝળહળા છે.

મરચાંના ભજિયાં અને આઇસક્રીમ ખાતા-ભાવતા હોવા છતાં જેને ઓડકાર તો ભજનના જ આવે તેવી રામકૃપા ધરાવતા બાપુએ પોતાની કેળવણી નઈ તાલીમની પ્રણાલીને સમર્પિત સંસ્થામાંથી લીધી હોવાથી ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા, મણાર, લોકભારતી અને માઈધાર સંસ્થા પ્રત્યે વિશેષ લગાવ રહ્યો છે. સંસ્થાના ઋષિવર્ય સ્થાપકો પ્રત્યે સાચુકલો વંદનીય પૂજયભાવ ધરાવતા હોવાથી તેનો લાભ આજ સુધી અમને સૌને મળ્યા કર્યો છે. અમારી સંસ્થાઓના વડીલ તરીકે તેમણે જ્યારે જ્યારે જરૂર પડી ત્યારે પરિવારના સર્વમાન્ય વડીલ તરીકે માર્ગદર્શન પણ કર્યું છે. એ અમારું પરમ સદ્ભાગ્ય છે. મારા અંગત જીવનમાં પણ તેમનો અવર્ણનીય સધિયારો મળ્યા કર્યો હોવાથી હું તો તેમને સ્ફટિકમય શુદ્ધતાથી ચાહીને જીવનની ધન્યતા અનુભવું છું.

- પૂ. બાપુ માઈધાર સંસ્થામાં ત્રિવિધ લોકાર્પણ પ્રસંગે પધાર્યા ત્યારે અમે જબરી લોકભાગીદારી કરેલી. ગામનાં સરપંચ બહેનશ્રી પૂનાબહેન દ્વારા પૂ. બાપુનું અભિવાદન કરાવ્યું, પણ બહેન લાજ કાઢીને સ્ટેજ પર આવ્યાં. બાપુએ તેમના સંબોધન વખતે આ પ્રથા હવે બંધ થઈ જવી જોઈએ અને 'લાજ'નું અર્થઘટન લોકભોગ્ય રીતે સમજાવ્યું. તરત જ સરપંચ બહેનના દીકરા શ્રી દિનેશભાઈ તેની બાને લઈને સ્ટેજ પર આવ્યા અને જણાવ્યું કે 'બાપુ લો, આજથી લાજ નહીં કાઢીએ.' બાપુએ પણ તરત સરસ સાડી મંગાવીને બહેનને હરખ વ્યક્ત કરી સૌને અનુસરવા જણાવ્યું. સાચું લોકકેળવણી અને સંસ્કાર ઘડતરનું ઉદાહરણ પૂરું પાડ્યું.
- અમારી સંસ્થાઓમાં ખાદી પહેરવી ફરજિયાત છે. આજના યુવાન ભાઈઓ-બહેનોને આ બહુ પસંદ નથી હોતું. કચવાતા મને પરાણે પહેરે. આ વાત મેં પૂ.બાપુને સહજ ધ્યાને મૂકેલી. પૂ.બાપુએ તેમના વક્તવ્યમાં આ બાબતને એવી સંવેદનશીલ-ભાવાત્મક દૃષ્ટાંતોથી રજૂ કરી કે વિદ્યાર્થીઓને લાગ્યું કે આ ખાદી કાંઈ માત્ર કપડું નથી, આ તો એક પવિત્ર વિચાર છે અને તેનો સહજ સ્વીકાર થવો જોઈએ.
- નઈ તાલીમની સંસ્થાઓમાં ઉત્પાદક શરીરશ્રમને કેળવણીના માધ્યમ તરીકે પ્રયોજવામાં આવે છે. આજે પોતાની જરૂરી સુવિધાઓ માટે પણ યુવાનોને શ્રમ કરવો પસંદ પડતો નથી. આ પુશ-

**(અનુસંધાન પાના નં. ૩૭૬ ઉપર)**

## (૦૪) જીવનનું બળ, શબ્દનો સાથ

- મનસુખ સલ્લા

સમારંભના અધ્યક્ષ માનનીય પ્રફુલ્લભાઈ દેસાઈ, શ્રી પ્રજ્ઞાબહેન વશી, શ્રી દિલીપભાઈ દેસાઈ, અન્ય હોદ્દેદારો, પધારેલા પ્રબુદ્ધજનો, લોકભારતી ગ્રામવિદ્યાપીઠના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, ભાઈઓ અને બહેનો,

આજે સૌથી પહેલું સ્મરણ થાય છે, જેમના નામ સાથે આ ચંદ્રક જોડાયેલો છે એ વીર કવિ નર્મદનું. નર્મદે ગુજરાતી સાહિત્યમાં એટલાં બધાં નવપ્રસ્થાન કરેલાં છે કે ગુજરાતીભાષીઓ કાયમ તેમના ઓશિંગણ રહેવાના. કવિતા, નિબંધ, વિવેચન, ચરિત્ર, શબ્દકોશ અને તત્કાલીન પ્રજાજીવનમાં જે નવા ઉન્મેષો જન્માવ્યા તે સઘળું આદર પ્રેરક છે. કારણ કે અતિ ટાંચાં સાધનો, આર્થિક મૂંઝવણો અને એકલે હાથે નર્મદે અનેક ગંજાવર કાર્યો કર્યાં છે. સૌથી પહેલું સ્મરણ અને વંદન હું મહામના નર્મદનું કરું છું.

જેમને અગાઉ નર્મદ ચંદ્રક એનાયત થઈ ચૂક્યો છે એ ઉત્તમ સાહિત્ય સર્જકોની પંગતમાં બેસવાનું મને મળે છે એ ધન્યતાનો અનુભવ છે. એટલે આ દિવસ મારા જીવનનો યાદગાર દિવસ બની રહેશે. સાહિત્યલેખન માટે મને અગાઉ વિદ્યાગુરુ ફાઉન્ડેશનનો 'દર્શક સાહિત્ય ઍવૉર્ડ' અને ગુજરાતી સાહિત્ય પરિષદ તથા ગુજરાત સાહિત્ય અકાદમીના પુરસ્કારો મળી ચૂક્યા છે, પરંતુ નર્મદ ચંદ્રક મારે માટે વિશિષ્ટ ઘટના છે.

એક કારણ તો એ છે કે આ ચંદ્રકનું ગુજરાતી સાહિત્યમાં અનેક રીતે માહાત્મ્ય છે. એની પસંદગીમાં જે તાટસ્થ્ય જળવાય છે અને ગુણવત્તાની કાળજી લેવાય છે એથી નર્મદચંદ્રકની ઊંચી શાખ છે. આવા નોંધપાત્ર ચંદ્રક માટે મારું ચરિત્રનિબંધોનું પુસ્તક 'તુલસીક્યારાના દીવા' નિમિત્ત બન્યું એનો મને આનંદ છે.

સર્જકને પ્રતિભાવની અપેક્ષા રહે જ છે. આપણું લખેલું કોઈકને ગમ્યું એમ જાણીએ છીએ ત્યારે બે બાબતોની તૃપ્તિ થાય છે : (૧) ઉમાશંકરની ભાષામાં કહું તો 'આપણો પાડેલો શબ્દ સાર્થક થયો' એની તૃપ્તિ થાય છે. (૨) આપણો ભાવ, આપણો વિચાર, આપણું જીવન વિશેનું આકલન, આપણું જીવન વિશેનું સ્વપ્ન અન્ય સુધી પહોંચ્યાં એની તૃપ્તિ થાય છે.

એ તૃપ્તિની સામાજિક માન્યતા એટલે પુરસ્કાર, એવું હું ગણું છું. આવી જાહેર સ્વીકૃતિ લેખકને બીજા અનેક ભાવકો સુધી પહોંચાડવામાં પણ સેતુરૂપ બને છે.

આ પ્રસંગે મારા લેખનકાર્ય વિશે બે શબ્દ કહું તો એ પ્રાસંગિક ગણાશે. મૂળે હું સંવેદનાનો માણસ છું. કોઈનીય પીડાથી હું હલી જતો હોઉં છું અને કોઈક કાંઈક વિશેષ રીતે પ્રગટ કરે તો એનો આનંદ અનુભવતો હોઉં છું. આવું હૈયું મળ્યું એને હું સદ્‌ભાગ્ય ગણું છું. જીવનવ્યવહારોમાં પણ મને તો એનાથી ઉત્તમ પ્રાપ્તિ થઈ છે - ખાસ કરીને વિદ્યાર્થીઓ અને નિકટજનોમાં.

મને યાદ આવે છે કે છઠ્ઠા ધોરણમાં મેં એક નાટક લખેલું. ગામમાં ભવાયા રમતાં જોયેલા એનું એ અનુકરણ હતું. પરંતુ શબ્દ સાથેનો સંબંધ ત્યારથી શરૂ થયેલો. કંઈક સૂઝે એટલે એને શબ્દમાં મૂકવાનું મન થાય. એમાં ઉત્તમ કૃતિઓના વાચનસાતત્યથી લેખનરીતિ અને ગદ્ય વિશેની સભાનતા વધતી રહી.

મારી માધ્યમિક શાળા, લોકશાળા ખડસલીમાં મારું નિબંધલેખન શરૂ થયું. ત્યારે સભાનતા ઓછી અને મુગ્ધતા વધુ હતી. ખડસલીનું સાહિત્યિક ભાવાવરણ મને ઘણું ઉપકારક બન્યું છે. લોકભારતી સણોસરાના સ્નાતકના અભ્યાસ દરમિયાન મારું વાર્તાલેખન શરૂ થયું. ત્યારે હૃદયભાવને શબ્દમાં ઉતારવાની મૂંઝવણ અને ઉતારી શકાયાની તૃપ્તિ એ બંનેનો અનુભવ સાથે જ થયો. ગૂજરાત વિદ્યાપીઠના એમ.એ.ના અભ્યાસકાળે(૧૯૬૫-૬૭) મને અમદાવાદની પ્રફુલ્લિત એવી સાહિત્યિક આબોહવાનો ગાઢ સ્પર્શ થયો.

મેં એક જગ્યાએ ૩૬ વર્ષ કાર્ય કર્યું છે - લોકભારતી સણોસરામાં. લોકભારતીના મહાન ગુરુઓ અને સર્જકો મનુભાઈ પંચોળી 'દર્શક', મૂળશંકરભાઈ મો. ભટ્ટ, ન.પ્ર. બુચ અને બીજા અનેક ઉમદા ગુરુજનોના સહવાસમાં રહેવાનું, વાંચવાનું, વિચારવાનું, સમજવાનું અને એને પ્રગટ કરવાનું મળ્યું એ જીવનનો પરમ લહાવો છે. જો કે હું લોકભારતીની વિદ્યાર્થીઓ સાથેની જવાબદારીઓમાં એવો ગળાડૂબ રહ્યો કે લેખનની ઉપેક્ષા પણ થઈ. એટલે લખાયું ઓછું. ખરું લખાયું નિવૃત્તિ પછી. મને લખવા માટે ખરી મોકળાશ મળી અમદાવાદમાં.

એક ઘટનાએ મને ચરિત્રનિબંધ લખવા તરફ ગંભીરતાથી વાળ્યો. ગુજરાત સાહિત્ય અકાદમીએ ચરિત્રાત્મક પુસ્તકોના નિર્ણાયક થવા માટે મને ૫૮ પુસ્તકો મોકલી આપ્યાં. મને એવી અંગત સલાહ પણ મળી હતી કે, 'બધાં પુસ્તકો વાંચવાની જરૂર ન હોય.' પરંતુ મેં એમ.એ.નો વિદ્યાર્થી પરીક્ષા માટે વાંચે એવી નિષ્ઠાથી તમામ પુસ્તકો વાંચ્યાં. બધાં પુસ્તકો વિશે નોંધ પણ કરી.

મને આશ્ચર્ય થયું કે જેમને ચરિત્રનિબંધ કે જીવનચરિત્ર લખતાં નહોતું આવડતું, ગદ્ય વિશે સભાનતા કે સમજ નહોતી, ભાષાના સૌંદર્ય કે અસરકારકતાની જાગૃતિ નહોતી એવા લોકોએ ભરપૂર લખ્યું હતું, છપાવ્યું હતું. ત્યારે મને લાગ્યું કે 'મારે લખવું જોઈએ. હું અવશ્ય સારું લખી શકીશ.' આ ઘટનાએ લખવા માટે મને મોટો હેતુ આપ્યો. આમાંથી મારું ચરિત્રનિબંધ લખવાનું શરૂ થયું.

ચરિત્રનિબંધ એ વિગતોનો ખડકલો નથી, પરંતુ રેખાઓ દ્વારા વ્યક્તિત્વની ઓળખ છે. વ્યક્તિત્વને પારખવા તેનાં મૂળિયાં ઉકેલવાં પડે છે. વૃક્ષ માટે કહેવાય છે કે એનાં મૂળિયાં જેટલા ઊંડાં અને ફેલાયેલાં એટલું વૃક્ષ બહાર ઊંચું જાય અને ફેલાય છે. વ્યક્તિનું પણ એવું છે. એવા વ્યક્તિત્વને શબ્દ દ્વારા આકારિત કરવું એ પ્રમાણમાં દોહ્યલું છે. વિગતો નહીં, વ્યક્તિત્વની ખુશબો અનુભવાય એ સર્જક સામેના પડકાર હોય છે. ગુજરાતી ભાષામાં એનું સરસ ખેડાણ થયું છે. એ પંગતમાં બેસવા મળે એ જ સદ્ભાગ્ય ગણાય.

ચરિત્રનિબંધનો મારો પ્રથમ સંગ્રહ 'જીવતર નામે અજવાળું'માં લોકભારતીના ગુરુજનો અને પરિવારજનો જ મુખ્ય છે. જેમની સાથે હું જીવ્યો હતો તેમને સહેજ દૂર જઈને જોયાં, પારખ્યાં અને અનુભવ્યાં છે. જે સંગ્રહ 'તુલસીક્યારાના દીવા' નર્મદ ચંદ્રકનું નિમિત્ત બન્યો છે એને વિષે કાંઈક કહેવું પ્રસ્તુત ગણાશે.

પુસ્તકનું નામ તો છેલ્લે નક્કી થયું. પરંતુ જે વ્યક્તિત્વો વિશે મેં લખ્યું છે તેમનાં જીવનમાં તુલસીક્યારાની પવિત્રતા અને દીવાની પ્રકાશમયતા છે એમ મને લાગ્યું છે. સરેરાશ જીવન કરતાં વિશિષ્ટ, આગવું, અસામાન્ય જીવવું એટલે અન્ય માટે જીવવું, સમર્પણભાવથી જીવવું, પોતાનું ઉત્તમ સમાજ માટે યોજવું. એટલે આમાં મોરારીબાપુ, ઉમાશંકર જોશી, નારાયણ દેસાઈ જેવાં વ્યક્તિત્વો છે, તો ભાણીબેન અને બિંદુ-પાર્થેશ જેવાં પણ છે.

વ્યક્તિત્વની અસામાન્યતા પદ કે પ્રતિષ્ઠામાં નહીં, પણ જીવન પ્રત્યેની નિષ્ઠામાં છે. અહીં આલેખાયેલી વ્યક્તિઓ જીવન નિષ્ઠાનાં દૃષ્ટાંતો છે.

એટલે ભાણીબેન જેવાં લોકભારતીના ઘઉં સંશોધન વિભાગમાં કામ કરનાર મજૂર બેન પાસે આખા વિભાગની ચાવી રહી શકે છે. સંસ્થાની જરૂર હતી તો ત્રણ મહિના ઘરથી દૂર માઈધાર રહીને ઘઉં સાચવ્યાં અને એ પણ એવી સમજ સાથે કે 'કોઈકે તો સાચવવું જોઈએ ને ?' ભાણીબેન હતાં તો મજૂર, પણ બે શિક્ષકથી પણ ચડે એવાં હતાં. એ ભણેલા નહોતાં, પરંતુ જીવનનું ગણિત ગણેલાં હતાં. એટલે પતિએ બીજી બાઈ કરી તો પતિને મૂકીને, બે દીકરાને લઈને પિયર આવતાં રહ્યાં. પરંતુ પતિના મૃત્યુ પછી શોક્યને અને એમનાં સંતાનોને સાચવી લીધાં.

ઝીણાભાઈ દરજી આખું બોલવા માટે જાણીતા હતા. લોકોને એવું જ યાદ રહે છે. પરંતુ ઝીણાભાઈ જુગતરામકાકાની કોઢમાં ઘડાયેલા હતા. તેમની ઉપાસના છેલ્લા માણસના સુખમાં અને સગવડમાં વધારો થાય એ હતી. તેઓ સુરત જિલ્લા પંચાયતના પ્રમુખ થયા. તેમની કાર્યપદ્ધતિ જાણવા જેવી છે. રોડ અને વીજળીના અધિકારીઓને બોલાવીને ટેબલ ઉપર નકશો પાથરીને કહે,

'અહીં સુધી રસ્તો છે, વીજળીના થાંભલા છે.' બીજા બિંદુ પર આંગળી મૂકે અને કહે, 'અહીં સુધી રોડ અને વીજળી પહોંચાડવાનાં છે.'

અધિકારીઓ કહે, 'એમ લાઈન બહાર કામ ન થઈ શકે.' ઝીણાભાઈ કહે, 'એ પછાત ગામમાં આશ્રમશાળા થવાની છે. ત્યાં આદિવાસીઓનાં બાળકો ભણવાનાં છે.' પેન્સિલથી લીટી કરી બે બિંદુઓને જોડતાં કહે, 'કેમ કરવું એ તમે જાણો. આ કરવાનું છે.' અને કામ થયું. ઝીણાભાઈ જીવનભર ભાંગ્યાંના ભેરુ બનવા માટે બાખડતા રહ્યા. અનેક રીતે અસામાન્ય કામો તેમણે કર્યાં. દર્શક ફાઉન્ડેશનનો ગ્રામપુનર્રચનાનો ઍવૉર્ડ તેમને આપવાનું નક્કી થયું તો અસ્વીકાર કરતાં તેમણે લખ્યું, 'હું સેવક છું. સ્વાતંત્ર્ય સૈનિકનું પેન્શન પણ નથી લેતો. મારાથી સેવાના બદલામાં ઍવૉર્ડ ન લેવાય.'

બિન્દુ ઝાલા લોકભારતીના કાર્યકરની દીકરી છે. ત્યાં જ ઊછરી-ભણી-મૂલ્યો દઢ થયાં. પાર્થેશ પંડ્યા નામના બ્રાહ્મણ યુવક સાથે લગ્ન કર્યાં. કુટુંબનો વિરોધ ન ગણકાર્યો, પણ સ્નેહ જાળવ્યો. તેણે શાળામાં અસામાન્ય પ્રયોગો કર્યા છે. રાતદિવસ શિક્ષણના કામમાં ડૂબેલી છે. તેણે પોતાનું સંતાન નહીં હોય એવું નક્કી કર્યું છે. કારણમાં કહે છે, 'મારે એક છોકરાની માતા નહોતું થવું, એટલે મેં ૧૫૦ છોકરાંની મા થવાનું નક્કી કર્યું. બસ.'

કવિ ઉમાશંકરભાઈ ગુજરાત યુનિવર્સિટીના ભાષા ભવનમાં 'નાનાલાલ મધુકોષ' ભણાવે. હું ગૂજરાત વિદ્યાપીઠમાં એમ.એ.નું ભણું. વર્ગમાં બેસવા દેવાની સંમતિ માગવા ઉમાશંકરભાઈની ચેમ્બરમાં ગયો. મળ્યો. બરાબર આંખ નોંધીને મને કહે, ' હું ફી લીધા વિના કોઈને ભણાવતો નથી.' મેં કહ્યું, 'જે ફી થતી હશે તે ભરી દઈશ.' તો ઉમાશંકરભાઈ દઢતાથી બોલ્યા, 'મારી ફી છે વર્ગમાં નિયમિત આવવું. મન થયું તો આવ્યા, નહીં તો ન આવ્યા એમ નહીં. નિયમિત વર્ગો ભરવા એ મારી ફી છે.' જોઈ શકાશે કે શિક્ષક ઉમાશંકરની કેવી ઊંચાઈ છે. કેવી રીતે તેઓ જીવનનો પાઠ શીખવે છે.

રતિલાલ બોરીસાગરના વિદ્યાર્થીઓએ તેમનું નામ જોડીને 'વિદ્યાગુરુ રતિલાલ બોરીસાગર ફાઉન્ડેશન' બનાવ્યું. ફાઉન્ડેશન ચાર ઍવૉર્ડ આપે છે. નિઃશુલ્ક હૉસ્પિટલ ચલાવે છે. દર્દી પાસેથી કેસ કાઢવાના પૈસા પણ નથી લેતા. આવા કામની પ્રતિષ્ઠા કોને ન ગમે ? બોરીસાગરભાઈની સમજ એવી કે વ્યક્તિ નહીં કાર્ય મોટું છે, એટલે પોતાનું નામ રદ કરવું. ટ્રસ્ટીઓ ન માન્યા તો તેમણે મોરારીબાપુને લખ્યું. બાપુની સંમતિ મેળવી નવેસર ટ્રસ્ટ નોંધાયું 'વિદ્યાગુરુ સાંસ્કૃતિક પ્રતિષ્ઠાન' પોતાનું નામ નીકળી ગયું ત્યારે તેમને હાશ થઈ.

આંખના ઓપરેશનના નિઃશુલ્ક યજ્ઞની પરંપરા ઊભી કરનાર વીરનગરના ડૉક્ટર શિવાનંદ અધ્વર્યુ સંસારી સાધુ હતા. જાણે દર્દી એમનો દેવ હતો. તેમણે હજારો ઓપરેશન કર્યાં પણ અંદરનો રંગ ભગવો રહ્યો. આંખનું ઓપરેશન કરાવીને પાટો બાંધેલા એક દર્દીએ અધ્વર્યુ સાહેબ માટે આમ કહ્યું હતું. 'આ આભ કોને આધારે ઊભું છે ? આ બધું ટકી શકે છે કારણ કે બાપુજી જેવા લોકો આ દુનિયામાં છે.' આ પ્રતિભાવ એ ડૉક્ટર અધ્વર્યુના કાર્યનું ખરું મૂલ્યાંકન છે.

અંબા ગોરાણી ચરિત્રનિબંધની જેટલી નોંધ લેવાવી જોઈતી હતી તેટલી લેવાઈ નથી. એનું ગદ્ય પણ નોંધપાત્ર છે. વ્યક્તિત્વના રંગોનું વૈવિધ્ય પણ ધ્યાનપાત્ર છે.

કુંવરમા મારાં બાનાં નાની થાય. ભણ્યાં નહોતાં પણ જીવતરમાંથી સમજણ તેનામાં ઊગેલી હતી. તેમની શ્રદ્ધા અડોલ હતી. મારાં બાને આશ્વાસન આપતાં તેમણે કહેલું, 'વિમળા, તારે તો એક હાથે દરિયો તરવાનો છે. પણ ઠાકોરજી તારી પડખે છે. દ્રૌપદીનાં ચીર પૂર્યાં તો આપણી લાજ પણ એ જ રાખવાનો. સંસાર છે તો ટાઢાઊના વાયરા તો આવ્યા કરવાના. કથામાં મેં સાંભળ્યું હતું કે ભગવાને નીંભાડામાં માટલામાં બચ્ચાની સંભાળ લીધી હતી, તો આપણી કેમ નઈ લે ? ભલે ને નીંભાડો ધગધગતો હોય, આસ્થા નો ખોવી.' આવા નિરક્ષરોમાં ભાષાનું બળ કેવું હતું તે પણ પ્રમાણી શકાશે.

નાગજીભાઈ દેસાઈ મોટા સામાજિક કાર્યકર, મોટા કેળવણીકાર. તેમણે વર્ષો સુધી પથારીમાં જીવેલા પુત્ર અવધૂતને આવી રીતે ઓળખાવેલો :

'મનસુખભાઈ, અવધૂતને કારણે હું માપમાં રહ્યો. આટલું સરસ કામ થયું, આટલો યશ મળ્યો, એથી મારો અહંકાર ફાટીને ધુમાડે ગયો હોત, પરંતુ અવધૂતને કારણે મારો અહંકાર ઓગળતો રહ્યો. એ અર્થમાં અવધૂત મારો ગુરુ છે.'

છેલ્લે, મારાં બાની હૃદયની સમજણ વિશે બે શબ્દ લખવા જરૂરી છે. અનુકરણ અને કુતૂહલથી, ખાસ તો ધુમાડા કાઢવાની લાલચથી પ્રેરાઈને, મેં બીડી પીધી. બાને ખબર પડી. સાંજે ઘેર ગયો તો જમાડ્યો. ત્યાં સુધી કંઈ ન બોલ્યાં. પછી પાસે બેસી કહ્યું, 'તારા બાપુજીની હયાતી નથી. તારે કેવા થવું એ તારે નક્કી કરવાનું છે.' અને એમની આંખો છલકાઈ પડી હતી. એ કાળે મારવું એ બહુ સ્વાભાવિક ગણાતું હતું. પરંતુ બાએ મને માર્યો નહીં. બાનાં આંસુથી મને જે સમજાયું એ બીજી કોઈ રીતે સમજાયું ન હોત. પછી જીવનભર એ વાક્ય મારી સામે દીવાદાંડીની જેમ રહ્યું છે.

આવાં વ્યક્તિઓના આલેખનમાં મેં ભરપૂર તૃપ્તિ અનુભવી છે. આ તો થોડી દૃષ્ટાંતરૂપ ઘટનાઓ છે.

આ ચરિત્રો જે વ્યાપક સ્વીકૃતિ પામ્યાં, અનેક વાચકોએ રાજીપો પ્રગટ કર્યો. ધન્યવાદ આપ્યા, એણે મને ઘણું બળ આપ્યું છે. નવું લખવાનો ધક્કો અવશ્ય આપ્યો છે. લેખન દ્વારા વાચકના હૃદય સુધી પહોંચવાનો આવો નિર્ભેળ આનંદ કલાના પ્રદેશ સિવાય અન્યત્ર બહુ જૂજ હશે.

મારા વતનની સ્મરણકથા 'હૈયે પગલાં તાજાં' હોય કે લોકભારતીના શૈક્ષણિક અનુભવોની કથા 'અનુભવની એરણ પર' હોય, કેળવણી વિશેના લેખો 'માણસાઈની કેળવણી' હોય કે વિવેચનલેખો હોય, કે ગાંધીવિચારના ચિંતનલેખો 'ગાંધીની નજરે દુનિયા' હોય- સઘળું મેં પૂરી તન્મયતાથી અને નિસ્બતથી લખ્યું છે. કોઈપણ લખાણ બે વખત ન લખ્યું હોય તેવું બન્યું નથી. બેથી વધુ વાર લખવાનું પણ ક્યારેક બન્યું છે. એક લેખક તરીકે હું એને મારી જવાબદારી ગણું છું કે મારું લખાણ વાચકને અસ્પષ્ટ કે ગૂંચવનારું ન જ લાગે. વાચકનો લખાણમાં સીધો પ્રવેશ થવો જોઈએ. સાથે જ વાચકને એવો જીવભાવ મળે જેથી એ અનુભવતો અને વિચારતો થાય. અલબત્ત, જ્યારે માંહ્યલો ધક્કો વાગ્યો ત્યારે જ મેં લખ્યું છે. એથી નબળા લેખનમાંથી હું ઊગરી ગયો છું.

આમાં આલેખાયેલા ચરિત્રનિબંધ વિશિષ્ટ છે, આગવા છે એવું જાણકારોનું અવલોકન નર્મદ ચંદ્રકે યથાર્થ ઠરાવ્યું છે તેની મને ભરપૂર તૃપ્તિ છે. નિર્ણાયક અને નર્મદ સાહિત્ય સભાના પ્રમુખ શ્રી પ્રફુલ્લભાઈ દેસાઈ અને અન્ય સૌ હોદ્દેદારોનો હૃદયથી આભાર માનું છું. શુભેચ્છકો અને લોકભારતીના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ આટલી મોટી સંખ્યામાં આ પ્રસંગે હાજર રહ્યા એનો મને ખૂબ આનંદ છે.

**(અનુસંધાન પાના નં. ૩૭૨ ઉપરથી)**

બટન ટેક્નૉલૉજીના જમાનામાં શરીરશ્રમ કરવો એ નાનપ પણ લાગે છે. પૂ. બાપુએ 'આજની ઘડી તે રળિયામણી..'ના રાસ-ગરબાની થએલી પ્રભાવક પ્રસ્તુતિને બીરદાવીને પછી આ ઉપરાંત ઉત્પાદક શરીરશ્રમનું જીવનમાં, આરોગ્યની દૃષ્ટિએ અને કૌશલ્યોની કેળવણીમાં કેટલું બધું મહત્ત્વ છે એ વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી સમજાવીને નઈ તાલીમનાં આ પ્રાણ સમા મૂલ્યને મૂલવી આપેલું.

- માઈધારમાં 'ગામ ધૂમાડો બંધ' રાખીને પૂ. બાપુના પ્રથમ મંગલાચરણ નિમિત્તે હરખભોજનનું ભાગીદારીથી આયોજન ગામે કર્યું. સામાન્ય સંજોગોમાં જ્ઞાતિવાર જૂથોમાં જમતા આ ગ્રામજનોએ સભા સમયે પૂ. બાપુએ જે શીખ આપેલી તેનું આશ્ચર્યજનક પરિણામ તરત જ ભોજન સમયે સૌએ અનુભવ્યું. ગામમાં પહેલી વખત એવું બન્યું કે તમામ જ્ઞાતિના ભાઈઓ-બહેનો એક પંગતે, એક મંડપે પ્રસાદ લીધો ! અમારે મન તેમના હૃદય સુધી પહોંચેલી આ ભાઈચારાની લાગણી મહાપ્રસાદ બની રહી.

(ફુલછાબમાં મોરારિબાપુ વિશેષાંકમાંથી સાભાર રજૂ)

●---------●●●---------●●●---------●

લોકભારતી, સણોસરા

~~**GROUNDWATER EXPLORATION**, **Development & Management**~~

**વિશ્વાસપાત્ર અને વિશ્વમાન્ય વિજ્ઞાન–ટેકનોલોજી વાપરીને યોગ્ય સ્થળ પસંદગી કર્યા બાદ જ બોર/કૂવા બનાવાયઃ–**

## ભૂગર્ભ જળ સશોધન : નવા બોર/કૂવા બનાવવા માટે યોગ્ય સ્થળની પસંદગી

આધુનિક ખેતીમાં મન ફાવે ત્યાં બોર/કૂવા બનાવવા માટે તેમજ તેમાંથી પાણી બહાર કાઢવા માટે આધુનિક વિજ્ઞાન અને ટેકનોલોજીનો ભરપૂર પ્રમાણમાં ઉપયોગ થાય જ છે, પરંતુ બોર/કૂવા બનાવતા પહેલાં જ જગ્યા નક્કી કરવા માટે આધુનિક વિજ્ઞાન અને ટેકનોલોજીનો ઉપયોગ થતો નથી. **વારંવાર નિષ્ફળતા મળ્યાં પછી પણ મોટાભાગના ખેડૂતો આધુનિક વિજ્ઞાન અને ટેકનોલોજીના યુગમાં પણ જૂની પૂરાણી, અવૈજ્ઞાનિક અને પરંપરાગત ચીલાચાલું તેમજ સતત નિષ્ફળ જતી પદ્ધત્તિઓ પર અંધવિશ્વાસ રાખીને જ ખેતરમાં પાણી જોવડાવીને તે જગ્યાએ બોર/કૂવા કરાવે છે,** એટલે ખેતી માટે જરુરીયાત મૂજબનું પાણી મળતું નથી અને મળે તો લાંબો સમય ટકતું પણ નથી, તેમજ ખર્ચેલા નાણાનું પૂરતું વળતર પણ મળતું નથી. જો આધારભૂત આધુનિક વિજ્ઞાન અને ટેકનોલોજીનો ઉપયોગ કરીને બોર/કૂવાની જગ્યા નક્કી કરાય તો સફળતાની શક્યતાઓ પણ ઘણી બધી વધી જતી હોય છે. સર્વે કર્યા પછી એવું જણાય કે પાણી નહીવત્ પ્રમાણમાં છે, તો બોર કૂવાના ખોટા ખર્ચ થતા બચે છે.

**છેલ્લા પચાસ વર્ષોથી <u>ભૂગર્ભ જળ સંશોધન</u> માટે ખેતરમાં ઉપયોગમાં લેવાતી <u>સૌથી વધારે વપરાતી વિશ્વાસપાત્ર અને વિશ્વમાન્ય વૈજ્ઞાનિક પદ્ધત્તિ એટલે ઈલેક્ટ્રીકલ રેઝીસ્ટીવીટી પદ્ધત્તિ.</u> વિવિધ હોરીઝોન્ટલ ભૂસ્તરોના અભ્યાસ માટે શ્લુમ્બરજર–જર્મન ટેકનોલોજી પદ્ધત્તિ અને કર્વ્ઝને સ્ટાન્ડર્ડ ગણવામાં આવે છે. ખેતરમાં અર્થ રેઝીસ્ટીવીટી મીટરનો ઉપયોગ કરીને વધુમાં વધુ ભૂગર્ભજળનું પ્રમાણ હોય એવી જગ્યા નક્કી કર્યા બાદ, જે તે જગ્યાની વિવિધ ઉંડાઈએ બદલતી જતી ભૂસ્તર રચના અને એની ઉંડાઈ/જાડાઈ સાથે પાણીની સંભાવના હોવાની ઉંડાઈ વગેરે માહિતિ મેળવવા માટે વિસ્તૃત ડેટા લેવામાં આવે છે. ખેતર ખાલી અને સૂકું હોય તો આ પદ્ધત્તિએ ભૂગર્ભ જળ સંશોધન સર્વે કરવામાં વિશેષ અનુકુળતા રહે છે. જો કે, વધારે મહેનત અને સમય માંગી લે તેવું આ સર્વે કામ છે. સામાન્ય રીતે પાંચ એકર સુધીના ખેતરમાં સર્વે માટે પાંચથી દસ કલાકનો સમય લાગે છે. સર્વેમાં મદદ કરવા માટે દસ જેટલા વ્યક્તિઓની સતત મદદ પણ જરુરી હોય છે. ખેતર ઉપરનું સર્વે કામ પુરુ કર્યા બાદ ખાસ કમ્પ્યુટરાઈઝ્ડ પ્રોગ્રામની મદદથી ખેતર ઉપર લીધેલાં ડેટાની અલગ અલગ ગણત્રીઓ અને કર્વ્ઝ બનાવવામાં આવે છે. સર્વે કરેલા વિસ્તારની ભૂસ્તરીય રચના, ભૂગર્ભજળનું પ્રમાણ અને ઉંડાઈના સંદર્ભ માટે સર્વે દરમિયાન જે તે વિસ્તાર સંબંધિત મળેલી પ્રત્યક્ષ માહિતિ, સ્થાનિક ખેડૂતોના તેમજ નિષ્ણાંતોના જ્ઞાન અને ક્ષેત્રીય અનુભવો, જે તે વિસ્તાર સંબંધિત ક્ષેત્રીય અહેવાલો, સેટેલાઈટ રિમોટ સેન્સીંગ ભૂગર્ભ જળ સંશોધન સર્વે નિષ્કર્ષ મેપ્સ, વગેરેનો આધાર લઈને એકાદ અઠવાડિયામાં ભૂગર્ભ જળ સંશોધનનો અંતિમ અંદાજનો અહેવાલ તૈયાર કરાય છે. આ અહેવાલમાં કઈ કઈ જગ્યાએ, કઈ કઈ ઉંડાઈએ, ક્યા ક્યા પ્રકારની ભૂસ્તરીય રચનામાં કેટલું પાણી મળી શકશે, બોર કરવો કે કૂવો કરવો, કેટલો ઉંડો કરવો કે કંઈપણ કરવું જ નહી વગેરે બાબતોની વિગતવાર અંદાજ– માહિતીનો સમાવેશ કરવામાં આવે છે. આમ, બોર/કૂવા બનાવવાનો ભારે મોટો ખર્ચ કરતાં પહેલાં જ આ <u>વિશ્વાસપાત્ર અને વિશ્વમાન્ય</u> વૈજ્ઞાનિક પદ્ધત્તિનો ઉપયોગ ખરેખર ફાયદાકારક રહી શકે છે.**

**<u>રેઝીસ્ટીવીટી પદ્ધત્તિ સિવાયની ઝડપથી ભૂગર્ભ જળ સંશોધન કરીને સો ટકા પરીણામ આપી શકે એવાં કોઈપણ ખાસ ભરોસાપાત્ર દેશી કે વિદેશી સાધન કે વૈજ્ઞાનિક પદ્ધતિ કે પરંપરાગત પદ્ધતિ હાલમાં કયાંય પણ ઉપલબ્ધ નથી.</u>**

**<u>ભૂગર્ભ જળ સંશોધન, વિકાસ અને વ્યવસ્થાપન સેવા અને સલાહ માટેનું છેલ્લાં ૩૦ વર્ષથી એક માત્ર વિશ્વાસપાત્ર નામ : 'ભૂજલશ્રી'. નિષ્ણાંતોની સલાહ અને સેવાઓ માટે સંપર્ક</u>:–>>**

**રતીલાલ સુદાણી** [BRS-Ag & AH; PGDEE]
Director, *Bhoojalshree Geotech Consultant-Gujarat*
( EMPANELED IN MGNREGA & KISAN CALL CENTER FOR DUG WELL / BORE WELL SITING IN GUJARAT STATE)
કૃષિ યુનિવર્સિટી કેમ્પાસ પાસે, વિદ્યા ડેરી રોડ,
આણંદ–388001 ☎ : 02692 263611
: *9427382368, 9978115968*
*E-mail: groundwater.sudani@gmail.com*

**Dr. Suresh Pawar** [PhD-Hy.Geology]
Director, *Bhoojalshree Hydrogeotech*
MEMBER: IAHS, IHRS, IAH
( EMPANELED IN GERMAN GOVT. SUPPORTED PROJECTS FOR DRINKING WATER IN MAHARASHTRA STATE)
RAJGURUNAGAR, **Pune, Maharashtra, India.**
: *9822645787*
*E-mail*: bhoojalshree@yahoo.com

*સમગ્ર ગુજરાત, મહારાષ્ટ્ર અને અન્ય નજીકના રાજ્યોમાં વિવિધ સરકારી ડિપાર્ટમેન્ટ્સ, સહકારી અને સેવાભાવી સંસ્થાઓ, નગરપાલીકા, ગ્રામપંચાયત, કોર્પોરેટ હાઉસીસ તેમજ પ્રગતિશીલ ખેડૂતોના ફાર્મ્સ પર ત્રીસ વર્ષથી પરીણામલક્ષી ભૂગર્ભ જળ સંશોધન સેવામાં સમર્પિત...*

**<u>ભૂજળ કેરૂ કરીએ જતન</u> : ~~~ખરી વૈજ્ઞાનિક પદ્ધત્તિથી સંશોધન કરીશું તો સાંપડશે, કરકસરથી વાપરીશું તો લાંબો સમય ટકશે અને વરસાદનું બધું જ પાણી ભૂસ્તરમાં ઉતારીશું તો ક્યારેય તોટો પણ નહી આવે~એ છે~~ભૂગર્ભ જળ~~~**

## (૦૫) દર્શકના વારસ મૃદુલાબહેન

- નલિન પંડિત

આનંદો.

અમે બંને કેલિફોર્નિયા સિલિકોન વેલીમાં પૌત્રી તાશીનું બાળપણ માણવા આવ્યા છીએ. સમયગાળો છે, જૂનથી સપ્ટેમ્બર.

અહીં મીઠી મીઠી શીતળતા છે. શાંતિ છે, નિરાંત છે. તાશીનું બાળપણ માણવું, તેનું મજાનું ગુજરાતી માણવું, બાગકામ કરવું, ઘર સફાઈ કરવી, ચાલવું અને દોડવું, વાચન કરવું, બસ આવી આવી પ્રવૃતિઓ મસ્ત છું.

આ વખતના પ્રવાસમાં પણ મારી જાતને ખોળવા કેટલાંક પસંદગીનાં પુસ્તકો સાથે લાવ્યો છું. અહીં આવવામાં હતો ત્યાં લોકભારતીથી વડીલ શ્રી રામચંદ્રભાઈ પંચોલી તરફથી બે પુસ્તકો મળ્યાં– 'ચેતોવિસ્તારની યાત્રા' અને 'યુરોપ દર્શન'. બંનેનાં લેખિકા છે મૃદુલા મહેતા.

ગત સાલ અહીં કેલિફોર્નિયામાં એક પુસ્તક વાંચેલું. જેણે મને 'દેશનો ભલીવાર' લખવા પ્રેરેલો. લેખ 'કોડિયું'માં પણ પ્રસિદ્ધ થયેલ, વૉટ્સઍપનો સહયોગ પણ ખરો. સારા પ્રતિભાવ સાંપડેલા.

'દેશનો ભલીવાર'માં સર્વત્ર મનુભાઈ પંચોલી – 'દર્શક' વ્યાપેલા છે. આ પુસ્તકે મારી કેળવણી વિષયક સમજને વધુ ખીલવી, વધુ ધારદાર બનાવી. 'દર્શક' થકી મારા કેટલાંક વિચારોને જબરી પુષ્ટિ મળી.

'દેશનો ભલીવાર' લેખના પત્રો દર્શકે, બેંક અધિકારી અને સંવેદનાસભર એવી એક દીકરી રેણુકાબેન પારેખ ઉપર લખેલા.

'ચેતો વિસ્તારની યાત્રા' પણ દર્શકે, બીજી એક દીકરીને લખેલા પત્રોને આધારિત છે.

આ પત્ર-વ્યવહાર દર્શકે તેનાથી ૨૦-૨૨ વર્ષ નાની શિષ્યા કે જેને તેઓએ દીકરી માનેલી તે મૃદુલાબહેન મહેતા સાથેનો છે. અફસોસ, મૃદુલાબહેન આજે આપણી વચ્ચે નથી અને છતાં છે !

મૃદુલાબહેન નાઇરોબીમાં સિનિયર કેમ્બ્રિજમાં અંગ્રેજીમાં ભણેલાં. કિશોરવયથી એક જ સ્વપ્ન– 'મારે ગાંધીજીનું કામ કરવું છે.' પરંતુ ગાંધીજીના અણધાર્યા અને કરુણ નિધનથી તે સિદ્ધ થતું રહી ગયું.

તેઓ ૧૯૫૫માં ગાંધી વિચારને વરેલી અને સમગ્ર દેશની પહેલી ગ્રામવિદ્યાપીઠ લોકભારતી સંસ્થામાં અભ્યાસ અર્થે આવ્યાં. તેઓ અનન્ય જિજ્ઞાસાથી અહીં ભણ્યા અને દર્શકને ગુરુજી સ્વરૂપે પામ્યાં.

લોકભારતીમાં તેઓ સ્નાતક થયાં. તેઓમાં રહેલી મેધાવી શક્તિને પારખીને દર્શકે કહ્યું કે 'તું પંડિત સુખલાલજી, રવિશંકરદાદા અને વિનોબા પાસે થોડું થોડું રહે પછી જ સાચી સ્નાતક થઈશ.'

મૃદુલાબહેને દર્શકની સલાહ ગાંઠે બાંધી. પૂરી લગનથી પંડિત સુખલાલજી અને પૂજ્ય રવિશંકર મહારાજનો સહવાસ કર્યો. તે થકી તેઓએ એક પુસ્તક લખ્યું– 'બે પુણ્યશ્લોક પુરુષો'. મેં આ પુસ્તક વાંચ્યું છે. આપણો વારસો કેટલો સમૃદ્ધ છે તેની અહીં સુંદર પ્રતીતિ થાય છે.

મૃદુલાબહેન ખૂબ ભાગ્યશાળી કે લોકભારતીમાં તેઓને મોટા ગજાના સાહિત્યકાર, ઇતિહાસકાર, શિક્ષક, ચિંતક એવા દર્શક વત્સલ, વડીલબંધુ અને વિદ્યાગુરુ રૂપે મળ્યા.

દર્શક ઉપર ભગવદ્ગીતા, રામાયણ, મહાભારત, ભાગવત, ઉપનિષદો, ગાંધીજી, ગાંધીજીની આત્મકથા, રવીન્દ્ર સાહિત્ય, શરદ સાહિત્ય, ટૉલ્સટૉય, રસ્કિન, માર્ક્સ તથા સૉક્રેટિસ જેવી વિભૂતિઓની ઊંડી અસર. આવા મહાન ગુરુજી પામ્યા તે જ મૃદુલાબહેનનું સદ્ભાગ્ય.

ખંભાતના અખાતમાં જહાજવાડા માટે પ્રસિદ્ધ એવા અલંગને અડીને મણાર નામે ગામ. ત્યારે તો સાવ પછાત અને નાનકડું ગામ. ગાડા રસ્તે માંડ જઈ શકાય. અહીં દર્શક સ્થાપિત બુનિયાદી શાળા. (આજે પણ મણારમાં આ બુનિયાદી સંસ્થા ચાલુ છે, અનન્ય છે, પ્રેરક છે. આજે તો રોડ, રસ્તા, પાણી, મકાન, વનરાજી, બગીચાઓ બધું જ નયનરમ્ય બની ગયું છે. આજે પણ ગરીબ બાળકોને છાત્રાલયમાં રાખી અભ્યાસ કરાવવાનો અદ્ભુત યજ્ઞ ચાલુ જ છે. કૃષિ ક્ષેત્રમાં તો આ સંસ્થા ખૂબ ખીલી છે. જશો તો

જરૂર ગમશે. અહીં મૃદુલાબહેનના પતિશ્રી અને મળવા જેવા માનવી માન. પ્રવીણભાઈ મહેતાને જરૂર મળજો. 'ચેતોવિસ્તારની યાત્રા' મૃદુલાબહેને શ્રી પ્રવીણભાઈને અર્પણ કરેલ છે. પ્રવીણભાઈ મણારની આ જ સંસ્થાના આચાર્ય અને મૃદુલાબહેનના જીવનસાથી બની રહ્યા)

મૃદુલાબહેન મણારની આ સંસ્થામાં આવ્યા. અહીં તેઓએ અધ્યાપક અને ગૃહમાતા તરીકે બેવડી સેવા અદા કરી. પોતાના શોખના ઇતિહાસ અને અંગ્રેજી ભણાવ્યાં.

મણાર રહીને તેઓએ કેટલાંક અંગ્રેજી પુસ્તકોનો અનુવાદ કર્યો. તે પૈકીનું એક તે વોશિંગટન કાર્વરની આત્મકથા— 'દેવદૂત', જેના અનુવાદ માટે પૂજ્ય મોટાની સંસ્થાએ અનુદાન આપેલું. (મેં પંદરેક વર્ષો પહેલાં આ પુસ્તક વાંચેલું. કર્મમાં ગાંધીસમા એક ગરીબ ગુલામની અદ્ભુત કથા છે. મારા ઉપર તેની ઘેરી અસર પડેલી. જીસીઈઆરટીમાં નિયામક હતો ત્યારે જિલ્લા શિક્ષણ ભવનના બધા જ લેક્ચરર મિત્રોને આ પુસ્તક આપવા નક્કી કરેલું. પણ ત્યારે તે અપ્રાપ્ય હતું !)

મને મૃદુલાબહેનનું જે બીજું પુસ્તક મળ્યું છે તે — 'યુરોપ દર્શન'. આ એક પ્રવાસ યાત્રાનું પુસ્તક છે. હાલમાં જ તે દેવી વાંચી રહી છે. દેવીએ યુરોપ યાત્રા કરી છે. તે બોલી ઊઠી કે યુરોપ જતાં પહેલાં મને જો આ પુસ્તક વાંચવા મળ્યું હોત તો મારી યુરોપ યાત્રા વધુ સાર્થક બની હોત. !

અફસોસ, મૃદુલાબહેન માત્ર ત્રેપન વર્ષની નાની વયે કેન્સરમાં મૃત્યુ પામ્યાં. આ સમયે પણ તેઓ રવીન્દ્રનાથ અને ગોવર્ધનરામ વિષય ઉપર પીએચ.ડી.નો થીસિસ તૈયાર કરી રહ્યા હતાં. આ દરમ્યાન તેઓને દર્શકના પત્રોની મહત્તા સમજાઈ.

કેન્સરની પીડા અસહ્ય હતી. બીજા પોતાની સેવા કરે તે પસંદ ના હતું. પીડાથી એક વખત ચિત્કારી ઊઠ્યાં કે 'આ કરતાં તો મને ઝેરની ટીકડી આપી દોને, તો બીજા કોઈ પાસે મારે વધુ સેવા તો લેવી ના પડે.' બીજી બાજુ લખે - 'રોગની ચિંતા શું કરવી ? હરિ કરે સો હોય.'. 'દુઃખાવો વધી રહ્યો છે હવે આ પાર કે પેલે પાર. તો પણ ચિંતા કરશો નહિ.' વળી લખે કે - ''Hoping for the best, but preparing for the worst.'

તેઓ પોતાના છેલ્લા પત્રમાં દર્શકને લખે છે - 'હું સહજ છું. સ્વસ્થ અને આનંદમાં છું. મૃત્યુ તો સૌને માટે વહેલું મોડું નિર્માયું જ છે. મને તેનો બિલકુલ રંજ નથી. કારણ મારં. પ્યાલું છલોછલ છે.'

વળી લખે છે - 'આફ્રિકાના એક અંધારા ખૂણામાં જન્મી હતી. ત્યાંથી આટલો પ્રકાશ, પ્રેરણા અને આટલા મહાનુભાવોનું નિર્વ્યાજ ભાથું પામીશ એવું ક્યાં ધાર્યું હતું ? તમારા સહવાસને લીધે બુદ્ધિપ્રકાશની એક તેજરેખાએ જીવનને ઉજ્જ્વલ ને ઉન્નત બનાવ્યું. મારા જેવા અલ્પ જીવ માટે આથી વધારે શું જોઈએ ?'

જીવલેણ માંદગીને ઈશ્વરનું વરદાન ઘટાવતાં મૃદુલાબહેનના ઉક્ત ઉદગારો તેમનાં ચેતોવિસ્તારના જ દ્યોતક લેખાયા.

ગાંધીવિચારને વરેલા મૃદુલાબહેન દર્શકનાં માનીતાં શિષ્યા બની રહ્યાં. ઇતિહાસ અને સાહિત્યનો જબરો અનુબંધ. પછી તો વિચારધારામાં એક બીજાનાં પૂરક બની રહ્યાં.

દર્શક ઇતિહાસને ત્રીજી આંખ કહે. તેઓ કહે છે, ''વસ્તુતઃ ઇતિહાસનું વાચન સદેહે કાળને ઓળંગવાનું સાધન છે.''

''માનવજાતનો ઇતિહાસ તે માત્ર યુદ્ધોનો ઇતિહાસ નથી. તે સૌથી વિશેષ તો પોતાની કેળવણીનો ઇતિહાસ છે.''

ગાંધીમાર્ગ, સેવાનો મનોરથ, કેળવણીનો ભેખ, દર્શકનો પ્રેમ, પૂજ્ય રવિશંકર મહારાજ અને પૂજ્ય પંડિત સુખલાલજીનો સહવાસ, આ બધું મૃદુલાબહેનની ચેતો યાત્રા બની રહ્યાં.

મૃદુલાબહેન લોકભારતીમાં અભ્યાસ અર્થે આવ્યાં ત્યારે તેઓની સાહિત્યની પાટી કોરી હતી. પણ હા, તેઓ અંગ્રેજી અને ગુજરાતી બંને ભાષામાં સારાં હતાં, જે થકી તેઓને જીવન ઘડતરમાં ઘણી સહાયતા મળી. તેઓએ બંને ભાષાનાં સાહિત્યનો અભ્યાસ કર્યો. તો પણ નવલકથા વાંચવાથી દૂર રહેતા !

મૃદુલાબહેને દર્શક સાથેના ૧૯૫૮થી ૧૯૭૦ સુધીના પત્ર વ્યવહારમાંથી અમૂલ્ય બધું ટપકાવી રાખ્યું હતું, જેના આધારે આપણને 'ચેતોવિસ્તારની યાત્રા' પુસ્તક મળ્યું.

દર્શકના કહેવાથી મૃદુલાબહેને ઇંગ્લેન્ડના લોકશાહીના

મનીષી એવા સ્ટ્રેચીના વ્યાખ્યાનોનો અનુવાદ કર્યો. બર્ટ્રાન્ડ રસેલ જેવા મનીષીના બીબીસી પર આવેલા વાર્તાલાપોનો રમતવારમાં અનુવાદ કર્યો. એક વધુ ગ્રંથ 'હિન્દુધર્મની વિકાસયાત્રા' નામે અનુવાદિત કર્યો.

ફેરફિલ્ડ ઓસ્બોનના પુસ્તકનો સરસ અનુવાદ કર્યો - 'આપણી લૂંટાતી ધરતી'. દર્શક કહે છે - 'આ પુસ્તકને હું સુજ્ઞ નાગરિક માટે થોડાં પાયાનાં પુસ્તકોમાંનું એક ગણું છું.'

ચેતોવિસ્તારમાં ૧૮૯ પત્રોનો આધાર લેવાયો છે. પુસ્તક ચાર ભાગમાં રજૂ થયેલ છે - સાહિત્ય, ચિંતન, ઇતિહાસ અને શુભકામનાઓ.

મૃદુલાબહેન ખુદ સાહિત્ય અને ઇતિહાસમાં પ્રખર. દર્શકનાં અનન્ય વારસદાર બની રહ્યાં. તેમના ઉપર દર્શકના પત્રો આવે ત્યારે જ્યાં જરૂર લાગી ત્યાં પ્રતિપ્રશ્ન કર્યા છે. જે પ્રશ્નો દર્શકને સ્પર્શી જાય છે. દર્શક કહે છે આ પ્રશ્નોએ મને ચિંતન-મનનમાં ખૂબ પ્રોત્સાહિત કર્યો છે.

સાહિત્ય ક્ષેત્રમાં દર્શકને મોટા ગજાના નવલકથાકારપદે સ્થાપિત કરનાર તેમની બળવાન કૃતિઓ છે, 'સૉક્રેટિસ' અને 'ઝેર તો પીધાં જાણી જાણી.' આ બંને પુસ્તકોની મૃદુલાબહેને સમજદારીભરી સમાલોચના કરી છે. દર્શકે તેનો પ્રતિભાવ પણ આપેલો છે. આ પત્રો શિખરરૂપ છે.

મૃદુલાબહેન ગુરુજી દર્શકને નિઃસંકોચ બ્રહ્મચર્ય વિશે પણ પૂછે છે અને 'વિજ્ઞાનના આ યુગમાં ધર્મની ઉપયોગિતા કેટલી ?' તેવું પણ પૂછે છે. દર્શકનો પ્રત્યુત્તર હૃદયસ્પર્શી છે. મૃદુલાબહેનને એક પ્રશ્ન રહ્યો કે દર્શક પાસેથી કવિતાનું એકેય પુસ્તક કેમ ન મળ્યું ?

દર્શક મૃદુલાબહેનને લખે છે કે-'સૉક્રેટિસ મારી ઉત્તમ નવલકથા જ ગણાશે. દહાડે દહાડે તેનું મૂલ્ય વધતું જશે તે વિષે મને શંકા નથી. એ પુસ્તક દ્વારા હું મુનશી પછીનો ઉત્તમ નવલકથાકાર છું, એ નિઃશંકપણે પ્રતિપાદિત થશે. આમ કશી વડાઈ નથી. એક વાંચનાર કે ભાવક તરીકે મારી જાતને મૂકીને આ વાત કરું છું.'

વધુમાં લખે છે -'આ નવલકથામાં રોહિણી અને સત્યકામ વારાફરતી ગાય છે. તે મારા શ્રેષ્ઠ પ્રકરણોમાનું એક છે. પણ રાયાણીભાઈનાં ભજનો સાંભળ્યાં ન હોત તો આ રોહિણીનું સર્જન ન થાત.' રોહિણીના સર્જનનું સત્ત્વ દર્શકને દાસી જીવણના એક ભજનમાંથી મળ્યું હતું.

પત્રોમાં તેઓ ગાંધીજીની ભૂલ વિશે પણ લખે છે. ચેતોવિસ્તારના પત્રોમાં દર્શક પોતાનું હૃદય ખોલીને આવાં તો અનેક અનેક રહસ્યોને ઉજાગર કરે છે.

દર્શક લખે છે -'વાચન દ્વારા માણસ પોતાની જાતને વિસ્તારે છે. બીજો અર્થ એ થાય કે એમ કરતાં પોતાની જાતને ઓળખે છે.'

દર્શક પોતાની અંદરની ઓળખ આપતા લખે છે - 'રામકૃષ્ણદેવ, ગાંધીજીને પ્રતાપે કોઈના પ્રત્યે દ્વેષ કે વેર રહેલ નથી અને જ્યાં સારું જોઉં ત્યાં નાનામોટા ભેદ સિવાય કદર કરવાની આદત રહી છે. આથી મારી બુદ્ધિ બહુધા નિરભ્ર રહી શકે છે.'

ચેતોવિસ્તાર યાત્રાના પત્રોમાં લોકશાહી વિશે પણ ચિંતન છે. આપણા દેશની લોકશાહી ઉત્તરોત્તર વિકૃત અને નબળી કેમ થતી જાય છે તેની ચિકિત્સા છે. દર્શક લખે છે, -'આપણા મોટા ભાગનાં લોકો જ્યાં સુધી, કાં તો પૂરો વિરોધ અને કાં તો પૂરી વફાદારી, આ મનોદશામાં ચાલે છે ત્યાં સુધી લોકશાહીને સમજ્યાં નથી.'

'ચેતોવિસ્તારની યાત્રા' પૂર્ણ થયે અમૃતનો ઓડકાર માણ્યો. થયું પ્રથમ દોરમાં આટલું ઘણું છે.

માત્ર ત્રેપન વર્ષની નાની વયે વિદાય લેનાર દર્શકની અનેરી શિષ્યા મૃદુલાબહેન અને ગુરુણાં ગુરુ દર્શકને શત શત વંદન !

સ્વીકાર :

૧. 'ચેતોવિસ્તારની યાત્રા' મેં નિરાંતે વાંચી છે. વાગોળી છે. આ યાત્રાએ મને ખૂબ વલોવ્યો છે.

પુસ્તકની પરિપાટી મુજબ પુસ્તકની શરૂઆત, મૃદુલાબહેનનો 'સપ્તતંતી વીણાનો ઝંકાર' તે પછી દર્શકનું 'આત્મપ્રાણા આત્મજા' અને તે પછી ૧૯૭૮માં પ્રસ્તાવના રૂપે 'નિરભ્ર બુદ્ધિનું સઘન ચિંતન' કૃષ્ણવીર દીક્ષિતે લખેલ છે.

આ ત્રણે લેખને જ મારા આ લેખનો મૂળભૂત આધાર બનાવી દીધો છે. પુસ્તકમાં તો આથી પણ વિશેષતા ભરી છે.

સમય બળવાન છે. પ્રસ્તાવના ૧૯૭૮માં લખાઈ, મૃદુલાબહેનનું અવસાન ૧૧-૦૮-૧૯૮૭ના દિવસે થયું.

પુસ્તક પણ ૧૯૮૭ના આ મહિનામાં જ પ્રકાશિત થયું ! પછી તો તેનું પુનઃ મુદ્રણ પણ થયું.

૨. શું કરું ? ખૂબ ભણ્યો, ઘણાંને ભણાવ્યાં. પણ આજેય ભાષાદોષ તો અપાર થાય છે. દેવીનો આભાર કે જે બધું સુધારી આપે છે ને મારી આબરૂ સાચવી લે છે ! આ તત્સમ તદ્ભવનો ઉકેલ આવે તો સારું. નિયમ તો યાદ રહે છે પણ હજારો અપવાદ કેમ યાદ રાખવા ?

૩. મણાર સંસ્થા એ 'બુનિયાદી કેળવણી વિના દેશનો ઉદ્ધાર નથી' તેવું કહેનાર દર્શકની દેણગી છે. દર્શક, નાનાભાઈ ભટ્ટ સાથે ભાવનગરમાં દક્ષિણામૂર્તિ, આંબલામાં ગ્રામદક્ષિણામૂર્તિ અને સણોસરામાં લોકભારતીમાં સાથે રહી તેના સાચા વારસ બની રહેલા.

આજે આ સંસ્થા પણ સાચા અર્થમાં બુનિયાદી કેળવણીની દીવાદાંડી બની છે. કૃષિ, ગોપાલન, પ્રાર્થના, પરિશ્રમ, છાત્રાલય, સહશિક્ષણ તો ખરાં જ. તે થકી સેંકડો નાળિયેરીની હરિયાળી, હજારેક કેસર કેરીનાં વૃક્ષોની શોભા, સુગંધી ઘાસનાં નવતર પ્રયોગો આવું કંઈક અહીં માણવા મળે છે. કેન્દ્ર સરકારે પ્રથમ ગાંધીજીને સ્વચ્છ ભારત સ્વરૂપે સ્વીકાર્યા, હવે પદયાત્રા સ્વરૂપે પણ સ્વીકાર થયો.

- ગાંધીજીની પદયાત્રાનો પ્રયોગ થોડા મહિના પહેલા જ માન. કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખભાઈ માંડવિયાએ દર્શકની આ પુણ્ય ભૂમિ મણારથી કર્યો. ખૂબ સફળ રહ્યો. અદ્ભુત લોકસહયોગ મળ્યો. અનેક સમસ્યાઓનું નિરાકરણ થયું. હું પણ યુવાનોની ટિમ સાથે જોડાયેલો ! અમારી ૨૫ ગામની પાણીની સમસ્યા છે. તે વિષે વાત થઈ. માત્ર તે માટે જ મારી વાડીએ આવી ૨૫ ગામના લીડરો સાથે સંવાદ કર્યો. ઉકેલને માટે ખાતરી આપી. હવે ભાજપે તેનો સ્વીકાર કર્યો છે. રાષ્ટ્રના ભાજપના દરેક સાંસદને પદયાત્રા યોજવા ફરમાન કર્યું છે !
- હજુ તો ગાંધી બાપુનાં બે જ રચનાત્મક કર્યો ઉપર વિશેષ ધ્યાન આપ્યું છે. બાકીનાં કામ હાથ ધરાશે ત્યારે લોકો લોકશાહીનાં વધુ મીઠાં ફળ ચાખશે.
- આનંદો, બુનિયાદી શાળાઓ ગાંધીબાપુનાં આ વ્રતોને વરેલી છે. એટલું જ નહિ, અહીં રચનાત્મક કાર્યોની ખુશ્બુ જ ખુશ્બુ છે.
- ગાંધીજી કહ્યું હતું કે આઝાદી કરતાં પણ આ નઈ તાલીમ - બુનિયાદી કેળવણી એ મારી આ દેશને મોટી ભેટ છે.
- દર્શક અને મૃદુલા બહેનના મણારમાં ડૉ. અરુણભાઈ દવે અને તેના સાથમાં ભાઈશ્રી સુરસંગભાઈની દીર્ઘદૃષ્ટિ અને જહેમત રંગ લાવી રહ્યાં છે. સહૃદય ઉદ્યોગપતિ, વૈજ્ઞાનિક, ગુરુજીઓ મુરબ્બીઓ સહુનો અનન્ય સાથ છે. આનંદો.
- ફરી એકવાર અનેરી શિષ્યા મૃદુલાબહેન અને ગુરુણાં ગુરુ દર્શકને શત શત વંદન !
- હા, સહુના ગુરુ નાનાભાઈ કેમ ભુલાય ! તેઓને પણ શત શત વંદન ! ધન્ય થયો.

●---------●●●--------●●●---------●

**શ્રદ્ધાંજલિ**

- અધ્યાપન મંદિરના ભુતપૂર્વ કાર્યકર શ્રી મનુભાઈ શાહના ધર્મપત્ની કલ્યાણીબહેનનું તા. ૦૧/૦૪ના રોજ ૭૮ વર્ષની વયે અમદાવાદ મુકામે દુઃખદ અવસાન થયેલ છે.
- લોકસેવા મહાવિદ્યાલયના કાર્યકર શ્રી મગનભાઈ આણંદભાઈ ગોહિલનું તા. ૦૧/૦૫ના રોજ ૫૯ વર્ષની વયે લાંબી બીમારીના અંતે સણોસરા મુકામે દુઃખદ અવસાન થયેલ છે.

સમગ્ર લોકદક્ષિણામૂર્તિ પરિવાર તેઓના પરિવારો ઉપર આવી પડેલ આ દુઃખદ આઘાતને સહન કરવાની શક્તિ આપે અને દિવંગત આત્માઓને પરમ શાંતિ મળે તેવી પ્રભુ પ્રાર્થના કરે છે અને શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.

## (૦૭) ગાંધીભારતી

**- અરુણ દવે**

મહાત્મા ગાંધીનું સત્ત્વ અને સ્વત્વ અખિલાઈપૂર્ણ જીવનદર્શનથી ઘડાયું હોવાથી તેઓ સકળ, અકાલ અને લોકોત્તર પુરુષ બન્યા. ભીતરની ઈશ્વરનિષ્ઠાથી પ્રગટેલી સ્વજાગૃતિમાંથી નિષ્પન્ન થતી કરુણાએ તેમને સમગ્ર માનવજાતના પ્રેરણા-પુરુષ બનાવ્યા. આજની અને આવતીકાલની સ્થાયી સુખાકારી માટે અને સમગ્ર જીવ, જગત અને પ્રકૃતિને સંપોષિત (Sustainable) બનાવવાની પ્રેરણા તેમના વિચાર-આચારમાંથી મળે છે. વળી, તેમના વિચારો આત્મપરીક્ષણથી કેળવાયેલા અને વૈજ્ઞાનિક હોવાથી સામાન્ય વ્યકિતના જીવનવ્યવહારમાં પણ આચરી શકાય તેવા છે. ખરા અર્થમાં માનવજાત માટે ગાંધીજીવનદર્શન શાશ્વત સુખ-શાંતિનો અજોડ રાજમાર્ગ છે.

માનવજાતને ચેતવણી - 'World Scientists' Warning to Humanity' નામના અહેવાલમાં ૭૦ દેશના ૧૦૨ નોબેલ પારિતોષિક વિજેતા સહિતનાં ૧૬૦૦થી વધુ વિજ્ઞાનીઓએ આજની માનવજાતના અસ્તિત્વ માટે ખતરારૂપ બનેલી વિકરાળ સમસ્યાઓનો ઉકેલ આપેલ છે. આ ઉકેલ સંપૂર્ણપણે ગાંધીવિચારમાં ગર્ભિત છે. આથી, ગાંધી જીવન-દર્શનના અધ્યયન, સંશોધન, વિસ્તરણ અને આચરણ માટેનું એક વિશ્વકક્ષાનું જ્ઞાનકેન્દ્ર હોવું અનિવાર્ય જણાય છે. જેમાં એક જ છત્ર નીચે સમગ્ર ગાંધીવિચારને તેનાં વિવિધ આયામોમાં જોઈ-સમજી શકાય. ગાંધીજીવનદર્શન સદાકાળ પ્રસ્તુત જ હોવાથી બા-બાપુની ૧૫૦મી અને વિનોબાની ૧૨૫મી જન્મ જયંતી નિમિત્તે પુષ્પ ચિંતન-મનનના અંતે લોકભારતી 'ગાંધીભારતી' કેન્દ્રની સ્થાપના દ્વારા આ યુગચેતનાની વંદના કરે છે.

ગાંધીવિચારના અભ્યાસ માટે આ કેન્દ્ર કોઈપણ વ્યક્તિ કે સંસ્થાને તમામ પ્રકારની ભૌતિક અને બૌદ્ધિક સુવિધાઓ પૂરી પાડશે. ગાંધીવિચારને જીવન વ્યવહારમાં વૈજ્ઞાનિક ઢબે કેવી રીતે કાર્યાન્વિત કરી શકાય તેના નીવડેલા પ્રયોગો અને તાલીમી કાર્યક્રમો આપ સૌના સહયોગથી આ કેન્દ્રમાં યોજાશે.

**મનોરથ (Vision)**

વ્યક્તિ, સમાજ અને પ્રકૃતિને સંપોષિત (Sustainable) બનાવતો જીવન-વ્યવહાર (Lifestyle) સમાજમાં અમલીકૃત કરવો.

**ધ્યેય (Mission)**

સંપોષિત (Sustainable) અને પ્રસન્નકર જીવન વ્યવહાર માટેના ગાંધીવિચારને ઓળખવા, સમજવા, અનુભવવા અને સર્વાંશે તેને પામવા માટેનો વૈધિક અને અવૈધિક અભ્યાસ મંચ પૂરો પાડવો.

**કાર્યક્રમો**

(૧) સજીવ ખેતી આધારિત તૈયાર થયેલ સંપૂર્ણ શાકાહારી-સમતોલ ખોરાક.

(૨) છએ ઋતુઓમાં શરીરને અને પ્રકૃતિને અનુકૂળ આવતો અને સંસ્કૃતિને પોષતો પોષાક.

(૩) મહત્તમ રીતે પ્રાકૃતિક હવા-ઉજાસ અને સામગ્રીથી નિર્મિત નિવાસ.

(૪) યોગ, ઉદ્યોગ અને સહયોગનાં કૌશલ્યો વિકસાવે તેવું મોજીલું શિક્ષણ.

(૫) સ્વપોષી, પરપોષી, પરભક્ષી અને મૃતભક્ષી એમ ચારેય પ્રકારની જીવ સૃષ્ટિને પોષે તેવો વ્યવસાય.

(૬) જ્યાં કાચો માલ પેદા થતો હોય ત્યાં જ પાકો માલ તૈયાર કરતી, વિકેન્દ્રિત, સ્વાવલંબી, સ્થાનિક લોકોને રોજગાર આપતી, સ્થાનિક લઘુયંત્રોને પ્રોત્સાહિત કરતી એવી સંસ્કૃતિ અને પ્રકૃતિનું જતન કરતી નાની સોહામણી ટેકનોલોજી.

(૭) મનુષ્યની ભોગવૃત્તિને શમાવે તેવા જ્ઞાન-વિજ્ઞાન-અધ્યાત્મ.

(૮) બિનપરંપરાગત અને વિકેન્દ્રિત સ્રોતોમાંથી મેળવેલી ઊર્જા.

(૯) શક્ય તેટલાં મર્યાદિત સાધનો-સુવિધાઓથી જીવવાનો અભિગમ.

(૧૦) જીવનના દરેક તબક્કે શકય તેટલો વધારે પુનઃપ્રાપ્ય દ્રવ્ય અને ઊર્જાનો ઉપયોગ.

(૧૧) સહુના ભલા માટે પ્રયોજાતો સર્વોદયલક્ષી વહીવટ.

(૧૨) કુદરતી સ્રોતોનું જતન-સવર્ધન કરતા, વર્ગભેદ-વર્ણભેદ વગરના, સાદગી અને જાત મહેનતવાળા સ્વાવલંબી, સૌ સાથેના સમન્વયકારી અને મૈત્રીસભર એવાં સંવેદનશીલ વાણી-વર્તન-વ્યવહાર.

(૧૩) સરળ, સસ્તું, લોકભોગ્ય, નિર્દોષ, અહિસંક, સંસ્કારી, સ્પર્ધામુક્ત, કુદરતી સ્રોતોનું જતન-સંવર્ધન કરતું, રચનાત્મક અને પ્રસન્નકર મનોરંજન.

(૧૪) તન-મનની તંદુરસ્તી વધારનાર નૈસર્ગિક ઉપાયો.

(૧૫) જીવનની પ્રસન્નતાને બક્ષતી અને મનુષ્યત્વને ઉજાગર કરતી જીવનની ધન્યતાને નિજાનંદી બનાવતી જીવનશૈલી.

**પ્રવૃત્તિઓ**

વિવિધ પ્રકારનાં લક્ષ્ય જૂથોની જરૂરિયાત આધારિત...

(૧) જીવન વ્યવહારની પ્રત્યક્ષ તાલીમો.

(૨) અભ્યાસ વર્તુળ, શિબિરો, કાર્યશાળાઓ અને વ્યાખ્યાનો.

(૩) ગાંધીવિચાર આધારિત નિવાસી અને ઓનલાઈન અભ્યાસક્રમો.

(૪) લલિતકલાઓ અને સર્જનશાળા.

(૫) અધ્યાત્મિક અને એકાદશીવ્રતોની કેળવણી.

(૬) રમત-ગમત

(૭) ગાંધી-ટૂરિઝમ

(૮) વ્યક્તિ-મુલાકાત

(૯) ગ્રામોદ્યોગ

(૧૦) પ્રદર્શન, નિદર્શન અને ગાંધીમેળા

(૧૧) પ્રકાશન

(૧૨) દૃશ્ય-શ્રાવ્ય ગાંધી સાહિત્ય નિર્માણ

**સહભાગી સંસ્થાઓ**

(૧) ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

(૨) સાબરમતી આશ્રમ, અમદાવાદ

(૩) સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ, રાજકોટ

(૪) લોકનિકેતન, રતનપુર

(૫) વિશ્વગ્રામ, મહેસાણા

(૬) મા ફાઉન્ડેશન, વાપી

(૭) સુઘડ, અમદાવાદ

(૮) જતન, વડોદરા

(૯) શ્રોફ ફેમિલી ચેરિટેબલ ટ્રસ્ટ, મુંબઈ

(૧૦) ગાંધીતીર્થ, જલગાંવ, મહારાષ્ટ્ર

(૧૧) હેડ હેલ્ડ હાઈ ફાઉન્ડેશન, બેંગ્લોર

(૧૨) ગાંધી પીસ ફાઉન્ડેશન, દિલ્હી

(૧૩) શિશુકુંજ ઈન્ટરનેશનલ, લંડન

**સહભાગી વ્યક્તિઓ**

(૧) શ્રી રમેશ સંઘવી

(૨) શ્રી અનિલ સદગોપાલ

(૩) શ્રી કુમાર પ્રશાંત

(૪) શ્રી પંકજ જોશી

(૫) શ્રી અનિલ ગુપ્તા

(૬) શ્રી પી કે લહેરી

(૭) શ્રી નરેશ વેદ

(૮) શ્રી સુદર્શન આયંગાર

(૯) શ્રી મહેન્દ્ર ચોટલિયા

(૧૦) શ્રી ભદ્રાયુ વચ્છરાજાની

(૧૧) શ્રી સુભાષ ભટ્ટ

(૧૨) શ્રી મનસુખ સલ્લા

(૧૩) શ્રી પી. કે. શુકલ

## (૦૭) પુસ્તક શ્રેણી પરિચય : ઝાડનાં પારખાં ફળ પરથી

- સી. ટી. ટૂંડિયા

લોકભારતી ગ્રામવિદ્યાપીઠ,—સણોસરા અને ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલામાં જે વિદ્યાર્થીઓ અભ્યાસ કરી ગયા હોય તેઓ જે ક્ષેત્રમાં કામ કરી રહ્યા હોય ત્યાં તેમને સંસ્થાના કયા અનુભવો ઉપયોગી બની રહ્યા છે તે અંતર્ગત પુસ્તકશ્રેણી 'ઝાડનાં પારખાં ફળ પરથી'ના એકવીસ ભાગ બહાર પાડવામાં આવેલા. જેમાં વિવિધક્ષેત્રના વિવિધ મહાનુભાવોની કલમે લખાયેલ આ લેખ આપણને સૌને પ્રેરણાપથ બની રહે તેમ છે.

લોકભારતી પ્રકાશન,—સણોસરા તરફથી પહેલી આવૃત્તિ માર્ચ ૧૯૮૩માં બહાર પાડવામાં આવેલી. જેમાં પૂજ્ય મનુભાઈ પંચોળી 'દર્શક' દ્વારા 'ઉપસંહાર અંતર્ગત લખ્યું છે કે 'રસોઈની પરીક્ષા ખાઈને થાય છે, તેના આકાર—પ્રકારથી નહીં. તેવી જ રીતે શિક્ષણસંસ્થાઓની કસોટી તેના વિદ્યાર્થીઓએ બહાર ગયા પછી કેટલો અને કેવી રીતે સંસારના અંધારા-અજવાળામાં રસ્તો કાઢ્યો તે છે.

નાનાભાઈના એકસોમા જન્મદિવસ નિમિત્તે જે વિવિધ કામગીરી થઈ, તેમાંની આ એક કામગીરી છે. ગ્રામદક્ષિણામૂર્તિ અને લોકભારતીના ગ્રામપ્રદેશ અને પછાત સમાજની અનુભવકથાઓ છે. આમાનાં કેટલાંક ખેતી, સહકાર, પંચાયત શિક્ષણ, ગોપાલન સાથે સંકળાયેલા છે, સરકારી અમલદારો છે, ધારાસભ્યો છે, જેલ સુપરિન્ટેન્ડેન્ટ પણ છે.

વાચકો આ વિવિધ ક્ષેત્રોમાં કામ કરી રહેલાના, ઓછી કે વધુ સુઘડતાવાળા અહેવાલોમાં એમણે લીધેલ શિક્ષણનો દોર જોઈ શકશે. પૂર્વ અને દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારમાં, કચ્છ કે ઝાલાવાડમાં શિક્ષણ કે ગ્રામવિકાસકાર્યમાં પરોવાયેલાના આવા બીજા ડઝનબંધ અહેવાલો પ્રાપ્ત થઈ શકે. પણ હાલ તો આટલો ઉપહાર જ ગુજરાત પાસે ધરીએ છીએ.

તેમાં અમારા સામર્થ્યની કોઈ વશેકાઈ નથી, પણ જે મહાત્માએ આ ગુજરાતમાં ખૂણે ખૂણે તેજ પાથર્યાં તેમના તપનો એ પ્રભાવ છે.

સદ્‌ગ્રંથોના માધ્યમથી સદ્‌ગુણો ખિલવવા અને જનસેવાનાં કાર્યો કરનારાઓને પ્રેરક બની રહે તેવું સાહિત્ય પ્રકાશિત કરાવનાર સામાજિક અને સહકારી ક્ષેત્રના અગ્રણી શ્રી વિઠ્ઠલભાઈ અમીને શ્રી વિ. પી. અમીન ફાઉન્ડેશન તરફથી આ કાર્ય માટે આર્થિક સહયોગ આપ્યો છે. એ માટે તેમનો આભાર.''

'ઝાડનાં પારખાં ફળ પરથી' દરેક પુસ્તિકાના મુખપૃષ્ઠમાં લેખકશ્રીઓના પરિચય આપવામાં આવેલા છે. જેમાં જે લેખકોએ જુદાં જુદાં પુસ્તકના નામથી જે લખ્યું છે, તેમાંથી કેટલાંક અંશ અહીં મૂકવાનો પ્રયત્ન કરેલો છે. જે આપને ગમશે, પ્રેરણાબળ પૂરું પાડશે. જે પ્રયોગો શું આપણે આપણા વર્ગખંડના શિક્ષણકાર્ય દરમિયાન કરીએ તો વિદ્યાર્થીઓ માટે મોટું ભાથું બની રહે તેવું લાગે છે.

**અંધારા ભેદીને : નાગજીભાઈ દેસાઈ**

મને કોઈ લોકભારતીનું ચાર વાકયોમાં વર્ણન કરો તેમ કહે તો તેના વાતાવરણમાંથી મને જે મળ્યું છે તેને આમ મૂકું : —

(૧) પૂ. નાનાભાઈની શિક્ષણ દ્વારા વ્યક્ત થતી જીવનનિષ્ઠા.

(૨) પૂ. મનુભાઈની પ્રબળ રાષ્ટ્રીય ભાવના, ચિંતન,—મનન.

(૩) પૂ. મૂળશંકરભાઈની એકલવ્ય જેવી શિક્ષણમાં શ્રદ્ધા.

(૪) લોકભારતી કાર્યકર—પરિવાર એટલે ''વસુધૈવ કુટુમ્બકમ્'નો જીવતો અનુભવ.

આનો સરવાળો એટલે જ મારે મન 'લોકભારતી.'

**અજવાળાં ઉતારો આપણ દેશમાં : ચંદ્રકાંત ઠાકર**

અધ્યાપન મંદિરમાં ઉદ્યોગ હતો કાંતણ—વણાટ. વણાટ માટે સૂતરનું દુપટ કરવાનું હોય. હાથે પાર આવે. મારો જીવ ઝડપી દુપટ કરવા શું કરવું તેમાં ચોંટયો. એક ચક્કર

ફરે અને એક સાથે ચાર–છ ત્રાક ફરે તેવા રેંટિયાના સંશોધનમાં પડ્યો. પૂ. નાનાદાદાએ જાતે જોયું, અને મને તે કામ માટે પ્રોત્સાહન આપવા કેટલાક તાસમાંથી છુટ્ટી પણ અપાવી.

.... તે દિવસે વહેલી સવારે મૂળશંકરભાઈ ગવરાવતા તે જાગો જાગો જન જુઓ ગઈ રાત વહી. ગવડાવતાં ગવડાવતાં વિદ્યાર્થીઓને સ્નાનઘાટથી સફાઈ કરાવી , બધાના દાંત તપાસ્યા અને પ્રાર્થના વખતે ભૂલથી નાનાદાદાને યાદ પણ કરી લીધા ને દવાખાનાના કામે ચડ્યો.

**કેડી અને ચઢાણ : મોહન દાંડીકર**

અહીં આપણું કોઈ નથી એવું લાગતું જ નહિ. નાનાભાઈ, મનુભાઈ, મૂળશંકરભાઈ વડીલો છે એવું લાગતું, બીક ન લાગતી. નાનાભાઈ સંસ્થામાં હોય ત્યારે ગમતું. મનુભાઈ આંબલા હોય, સણોસરા આવી શકે તેમ ન હોય ત્યારે અમે છ માઈલ ચાલીને આંબલા જતા. મોડી રાત સુધી એમને પજવતા. એમની સાથે સાંઢીડા મહાદેવે ધરામાં ધુબાકા મારતા. રાતે બબ્બે વાગ્યા સુધી દાંડિયારાસ રમી રમીને મૂળશંકરભાઈને ઊંઘવા ન દેતા. આટલી નિર્ભયતા, સ્વતંત્રતા. એને લીધે મમતાની એક ગાંઠ બંધાતી.

**તાલીમનાં ફળ : સુમંત રાવળ**

મેં કોલેજનાં ચાર વર્ષો પૂરાં કરેલાં, પણ ક્યાંય મહેનતનું શિક્ષણ લીધું નહોતું. અહીં આ શિક્ષણ પ્રાપ્ત થયું. અહીં પૂજાની રજ ચહેરા પર ચોંટી, અહીં પરસેવાથી બનિયન ભિંજાયું. અહીં અમે વાડોલિયું તૈયાર કર્યું. ગલકાં, ભીંડા, દૂધી, ચીભડાંના બીજ નાખ્યાં. પરસેવો પાડીને રોપેલાં બીજ ફૂટી નીકળ્યાં. ત્યારે અમારી ખુશીનો પાર ન રહ્યો. આ ખુશીની કિંમત તો જેણે પરસેવો પાડયો હોય તે જ સમજી શકે ?

**વગડામાં વનરાઈ : સવશીભાઈ મકવાણા**

આ તો ગ્રામદક્ષિણામૂર્તિ–લોકશાળા, લોકોની શાળા. એમાં કામ સાથે તાલીમ આપવાનો પ્રબંધ હતો. સવારનો ચેતનવંતો સમય તે લોકશાળાના સમૂહશ્રમનો સમય. ખેતીવાડી શિક્ષકે મોટા વિદ્યાર્થીના નાયકપણા નીચે વિદ્યાર્થીઓની ટુકડીઓ પાડી ફળઝાડ અને ગોશાળાનાં કામો સોંપ્યા, સાધન આપ્યાં. મારા ગજા પ્રમાણે મને પાણી વાળવાનું સોંપ્યું. જમરૂખી વચ્ચે રીંગણી, ટમેટી, દૂધી, મરચી, ટીંડોરીના પ્લોટમાં પાણી વાળતાં મને ખૂબ આનંદ થતો. બે કલાકના સમૂહકામ પછી સૌ વિદ્યાર્થીઓને ગૃહપતિ ગુણવંતભાઈ તળાવે નાહવા લઈ ગયા. સૌના આનંદનો પાર નહોતો–નાહવામાં મશગુલ હતા. મને ગુણવંતભાઈ તરતાં શીખવતા હતા. જાતે કપડાં ધોઈ અમે સંસ્થામાં આવ્યા. જમવાનો બેલ વાગ્યો. ભોજન સાદું, સાત્વિક અને પૌષ્ટિક હતું.

**વનરાનું હું તો ભાઈયું ફૂલડું ભાગ : ૧ અને ૨ : કરમશીભાઈ મકવાણા**

આદરણીય નાનાભાઈની સાદાઈ, ચીવટ, વિનય વ્યવહાર બધું જ ઊંચી સમજવાળું, ચિત્તમાં રમી જાય તેવું હતું. ત્રાંબાવરણી દૂબળી દેહાકૃતિ, ટૂંકી ઘૂંટણ સુધીની પોતડી, ટૂંકી બાંયનો નાનકડો ઝભ્ભો, મોટે ભાગે તો ખુલ્લે શરીરે, ખભે બરાબર ગડી વાળેલો કપડાનો મોટો રૂમાલ, ટૂંકી પણ દઢ પગલાંની ચાલ, મોટા ગજાના નાનાભાઈની શોભા સમાન હતા. આજેય એમની વિશિષ્ટ પ્રવૃત્તિઓની યાદ, પારિજાતનાં ફૂલો જેવી મઘમઘે છે. ભોજન પહેલાં તેઓ છાત્રાલયમાં અચૂક એક આંટો મારતા. મેં વરસો સુધી નિયમિત વહેલી સવારે વીરાસનમાં બેસી એમને કાંતતા જોયા છે. બીમારના ખબરઅંતર પૂછી દવા–દારૂ, ખોરાક અંગે જરૂરી સૂચનો કરે.

**માલપરાની વિદ્યાવાડી ભાગ : ૧ અને ૨ : દુલેરાય માટલિયા**

માલપરા વિસ્તારમાં જે કાંઈ કામ થયું તેમાં અને મારા વ્યકિતગત ઘડતરમાં ગ્રામદક્ષિણામૂર્તિનો અમૂલ્ય હિસ્સો છે. હું તો મારા દ્વિજસંસ્કાર એટલે નવા જન્મનું મારું પિયર ગ્રામદક્ષિણામૂર્તિને ગણું છું. ૧૯૪૨ના જૂનથી ૧૯૪૭ના જૂન સુધીમાં જેલવાસ અને અમદાવાદના તાલીમકાળને બાદ કરતાં ગ્રામદક્ષિણામૂર્તિમાં મારે પાંચ વર્ષ રહેવાનું થયું. એટલે નાનાભાઈની આચારશુદ્ધિ અને વ્યવહારશુદ્ધિ પાછળનો વાસ્તવિક–વ્યવહારુ વિવેક, મનુભાઈ પંચોળીની ક્રાંતદર્શીભાવના અને વિજયાબહેનની નિર્મળ વત્સલ સેવાની મારા આંતરજીવન પર એટલી સચોટ અસર થયેલી કે મારું સાંપ્રદાયિક સંકુચિત આંતર–કલેવર જ બદલી ગયું.

ક્રમે ક્રમે વ્યવહારુ ધર્મભાવના અને પરહિતપોષક દૃષ્ટિ વધતી જ ગઈ. એટલું જ નહિ પણ સમાજસેવાના અહિંસક અભિગમની પદ્ધતિ અને કાર્યક્રમની સૂઝ પણ મને ત્યાંથી જ સાંપડી.

**માટીની સુગંધ : રામજીભાઈ વાઘાણી**

સવારે મિત્રો બોલાવવા આવ્યા કે ચાલો આપણે ભાગ્ય અજમાવવા (જુગાર રમવા) જઈએ. મેં કહ્યું કે હવે મારાથી જુગાર ન રમાય. હું લોકશાળાનો વિદ્યાર્થી છું. મને સાચું શિક્ષણ મળ્યું છે. જુગાર રમવું તે ખોટો માર્ગ છે અને તે મહાન પાપ છે. ત્યારે મિત્રો કહે કે દેવલોકમાં પાંડવો પણ જુગાર રહેલા. મેં કહ્યું , તે વાત સાચી પણ તેનું પરિણામ શું આવ્યું ? પાંડવો જુગારના કારણે દ્રોપદીને હારી ગયા, રાજપાટ ખોયું અને બાર વરસ વનમાં રખડવાનો વારો આવ્યો. રાનરાન અને પાનપાન થઈ ગયા, તે જ બતાવે છે કે જુગાર ન રમાય. મને જુગાર રમાડવા માટે તે લોકોએ ઘણી મહેનત કરી પણ હું ન જ રમ્યો. પછી કહે ચાલો અમસ્તા ફરવા જઈએ.

**કાષ્ઠે ફૂટયાં કૂંપળ : ગણેશ ડાભી**

અમે સંસ્થાની વાડીમાં કામ કરતા હોઈએ ત્યારે નાનાભાઈ ત્યાં આવી ચડે. અમે એકવાર આંબાનાં ખામણાં ગોડવામાં તલ્લીન અને નાનાભાઈ આવી ચડ્યા. બારીકાઈથી અમારું કામ જોતા જાય. મારી નજીક આવ્યા એટલે મારાથી સહેજે પુછાઈ ગયું : નાનાભાઈ ! ખામણું કેવું સરસ થયું ? એટલે નાનાભાઈ ઠાવકાઈથી કહે : હા, સરસ ખામણું બનાવ્યું હોં ૧ અને પાછા કહે : આ આંબો મોટો થશે અને તમારાં છોકરાં અહીં ભણવા આવશે ત્યારે તે છાતી ફુલાવીને કહેશે કે આ આંબો મારા બાપાએ ઊછેર્યો છે. મને તો એટલું હસવું આવ્યું એટલું હસવું આવ્યું ! અને ખરેખર યથા સમયે જયારે પ્રવીણ, ઈન્દુ, આશા અને અશોક સૌ આ જ સંસ્થામાં ભણી ગયાં ત્યારે મને નાનાભાઈના બોલ યાદ આવતા.

**મારું જીવન ઘડતર : ગોવિંદભાઈ પટેલ**

એક વખત યાદ છે કે સંસ્થામાં પીંજવાનો વારો આવ્યો ને હું પીંજવા ગયો. નાનાભાઈએ બોલાવ્યો 'શું તમારો રિવાજ ?' મેં વાત કરી કે, 'આમ જમવાનું ને મારે પીંજી આપવાનું.' નાનાભાઈએ કાશીરામદાદા રસોઈયાને બોલાવ્યાને વાત કરી કે ગોવિંદભાઈને આજે ચૂરમું કરીને જમાડજો. મેં તો ઘણા સંકોચથી વાત કરી કે 'નાનાભાઈ અહીં આવું ન હોય. હું તો અહીંથી શીખ્યો ને મફત ભણ્યો. મારે તો સંસ્થાનું ઋણ અદા કરવાનું છે.' છતાં નાનાભાઈ ન માન્યા ને ચૂરમું ખવડાવ્યું. આ જ જીવન ઘડતર છે. તે વખતે નાનાભાઈ આટલા સમર્થ છે તેની પરખ તો કયાંથી હોય ? એમ બે—ત્રણ વરસ ઘરે કામ કર્યું છે. ગામમાં છાપ સારી પડી ને મેણાં—ટોણાં થોડાં ઓછાં થયાં.

**ગ્રામસ્વરાજની ઝાંખી માટે : જગુભાઈ ગોડા**

લોકશાળાનું ચેતનવંતું છાત્રાલય, રાત્રીપ્રવૃત્તિઓ, વાર્તાઓ ને ગીતો, પ્રવાસો, વૈવિધ્યપૂર્ણ દિનચર્યા, સહજીવનની સુગંધથી મારી ભયગ્રંથિ અને સાંભળેલી ટીકાઓ અદૃશ્ય થયાં. પ્રાતઃકાળનું આનંદિત આકાશ, શ્રમકાર્ય, વર્ગો, ભોજન, રમતગમત વગેરેમાં એવો તો ગૂંથાઈ ગયો કે સંસ્થા ઘર બની ગઈ. સૌ પરિવાર ભાવનાના રંગે રંગાઈ ગયા. સાચું ઘર ભુલાઈ ગયું. લોકશાળાની તમામ પ્રવૃત્તિઓ મનમાં એવી વસી ગઈ કે તેમાં દિલથી જોડાવાનું મન થતું. કામચોરી કે બહાનાં ઊભાં કરવાની વૃત્તિ કયારેય ન ઉદ્‌ભવી.

**ધરતીને ખોળેથી : વલ્લભભાઈ મો.પટેલ**

અમારા ગૃહપતિ પૂ. મનુભાઈ હતા અને ગૃહમાતા પૂ. વિજયાબહેન હતાં. રસોઈ બરાબર થાય એની પૂરતી કાળજી રાખવી, જમવા વખતે હાજર રહેવું, માંદગીમાં દવા વગેરેની સંપૂર્ણ કાળજી તેઓ રાખતાં. જાતે સારસંભાળ રાખવી એ એમની વિશિષ્ટતા હતી. દવા પિવડાવવી, બામ ઘસી આપવું — આ કામો તો કરતાં જ. એક વખત એક વિદ્યાર્થીને બેભાન અવસ્થામાં જાજરૂ થઈ જવાથી ચડ્ડી બગડેલી. તે પણ તેઓએ જ સાફ કરેલી. આટલી આત્મીયતા અમે શિક્ષણ લેતાં અનુભવી છે. રાત્રે સુતી વખતે ગૃહપતિ અને ગૃહમાતા જેમને અનુકૂળતા હોય તે આંટો મારીને વિદ્યાર્થીને પથારીમાંથી દડીને દૂર ખસી ગયા હોય તેને પથારીમાં સુવડાવવા, ઓઢાડવા આવતા. આત્મીયતાની આવી લાગણીભરી હૂંફ અને ભાવથી અમારા સૌનાં મન જિતાયેલાં—બંધાયેલાં રહ્યાં છે. આ લોકશાળાના જીવંત

શિક્ષણનો પાયો છે.

**શિક્ષકનું ઘડતર : મનસુખભાઈ દવે**

બીજા સત્રમાં અમારે આંબલામાં સંસ્થાના આંબાવાડિયામાં તંબૂઓમાં રહેવાનું હતું. એ પણ એક અનેરો આનંદ હતો. ભણાવવાની પદ્ધતિ જ એવી હતી કે કોઈને ભણતર ભારરૂપ ન લાગે. વાર્ષિક પરીક્ષાને પણ કંઈક નવો વળાંક આપવાનો પ્રયત્ન સંસ્થાઓએ કર્યો. એક માસ અગાઉ અમને સ્વાધ્યાય–પ્રશ્નો આપવામાં આવ્યા. ટુકડીઓ પડી, દરેક ટુકડીએ પોતાને ભાગે આવતું ઉદ્યોગકાર્ય, શ્રમકાર્ય અને સ્વાધ્યાય–પુસ્તિકાઓ તૈયાર કરવાની હતી. સંદર્ભગ્રંથોની યાદીઓ તૈયાર થઈ. પુસ્તકાલય ખુલ્લું મુકાયું. સંસ્થાના બધા કાર્યકર્તાઓનું માર્ગદર્શન તો જ્યારે જોઈએ ત્યારે મળતું જ હતું. ભણવા–વાંચવાનો એક નવો જ જુવાળ આવ્યો હોય એમ લાગ્યું. જ્યારે અમે જ અમારું મૂલ્યાંકન કરવા બેઠાં ત્યારે સમગ્ર વર્ષમાં થયું હોય એટલું કામ આ એક માસમાં જ થયું છે એમ અમને લાગ્યું. આમ વાર્ષિક પરીક્ષાનું–મૂલ્યાંકન પણ હાઉને બદલે અમારે માટે એક મહોત્સવ બની ગયું.

**પાયો અને પડથાર : સુરસંગ ચૌહાણ**

દિવસો પસાર થવા લાગ્યા. અહીંના વાતાવરણમાંથી જ ધીમેધીમે સમજાવા લાગ્યું કે ખાદી, શ્રમ, ગૃહકાર્ય, કાંતણ વગેરે શા માટે છે. એ અંગેનાં ભાવ અને સમજણ પણ હૃદય તેમ જ મગજમાં સ્થિર થવા લાગ્યા. અને જ્યારે વિદાયવેળા આવી ત્યારે તો સ્પષ્ટ અનુભવ થવા લાગ્યો કે ક્યાં લોકભારતી પ્રવેશનો પ્રથમ દિવસ અને ક્યાં આજનો અંતિમ વિદાયદિન ! પ્રથમ દિવસે અહીંથી છૂટવા મથતો હતો જ્યારે આજે છૂટી શકાતું ન હતું. મતલબ કે અહીંના નિવાસ દરમિયાન જે સંસ્કારો દૃઢ થયા હતા, લાગણીના જે તાર વિંટાયા હતા તે એક બાજુથી ખેંચતા હતા.

**પ્રજાસેવાના અનુભવો : દલસુખભાઈ પટેલ**

એક વખત પૂ. નાનાભાઈ અમારો વર્ગ લેવા માટે આવવાના હતા. સામાન્ય રીતે તેઓ રાજ્યસભાના સભ્ય હોવાને કારણે દિલ્હી હોય, પણ જ્યારે લોકભારતીમાં હોય ત્યારે અમારો વર્ગ લેવા જરૂર આવતા. વર્ગ લેવા આવ્યા ત્યારે અમારા છાત્રાલયની આગળ એક છોકરો કેશવ અમારા બધાનાં ચંપલ અને બુટને પોલિશ કરી આપતો હતો. નાનાભાઈએ તેને બહાર જોયો અને અમારા વર્ગમાં આવ્યા. નાનાભાઈએ વર્ગની શરૂઆત કરી અને કહ્યું કે હવે હું ઘરડો થયો છું. કાને સાંભળતો નથી, આંખે સૂઝતું નથી અને લખવાનું થાય તો હાથ ધ્રૂજે છે. યાદ પણ રહેતું નથી તેથી તમે બધા હવે મને એક બ્રશ અને પોલિશની બેત્રણ ડબ્બીઓ આપો જેથી હું બેઠો બેઠો પોલિશ કરું. આ વાત જ્યારે નાનાભાઈએ કહી ત્યારે બધાનાં મન ઉપર ભારે અસર થઈ. સ્વાવલંબન અને હાથે કામ કરવાની જે ટેવ લોકભારતીમાં શીખવાની છે તેમાં કંઈક ઉણપ છે તેવો ટોણો નાનાભાઈનો હતો, તે અમે બધા સમજી ગયા. આવી રીતે આવા મહાન પુરુષોની શિક્ષણપદ્ધતિથી અમારા જેવા હજારો વિદ્યાર્થીઓના જીવનમાં પરિવર્તન અને ઘડતર થયું છે.

**આગવી સૈનિક શાળા : લક્ષ્મણભાઈ ભ.પટેલ**

નાનાભાઈ કહે, 'શાબાશ, આપણા લોહીમાં મહેનત છે તે આવા પ્રસંગે દેખાવું જોઈએ. ખડ પલળી જાય તો ગાયો ખાય શું ? હવે સૌ થાક્યાપાક્યા સૂઈ જાઓ.' થોડીવાર થઈ ત્યાં વરસાદ તૂટી પડયો. ખડ બચી ગયું. સવારે નાનાભાઈ ગુણવંતભાઈને કહે, 'ગુણવંતભાઈ, આ બધાએ રાત્રે ખંજરીમાં ખડ નાખવાનું મોટું કામ કર્યું છે. આજે તેમને સરસ ખીર આપો. પણ જુઓ વિદ્યાર્થી દીઠ સવાશેર દૂધનું પ્રમાણ રાખીને ખીર કરજો.' ગુણવંતભાઈએ દૂધપાક જેવી ખીર ખવરાવી. આમ, નાનાભાઈમાં અમને નિશ્ચયબળનાં દર્શન થયાં. અમારાં થાક અને આળસને કારણે અમે પાડેલી ના'ની સામે તેમણે તાળી પાડીને પાડેલી 'ના' એ ખડ પલળતું બચાવ્યું. કામ પૂરું કર્યું તેથી આત્મવિશ્વાસ વધ્યો. લીધેલું કામ કુશળતાથી પૂરું કરવું. મેદાન છોડવું નહીં. તેવો પાઠ મળ્યો. યોગઃ કર્મસુ કૌશલમ્ એ સૂત્ર માત્ર વિચારથી નહીં, આચારથી સાર્થક થતું લાગ્યું.

**કેદીઓનું જીવન ઘડતર : રઘુવીર વોરા**

પૂ. નાનાભાઈ, પૂ. મનુભાઈ, પૂ. ભાઈ વગેરેના સાંનિધ્યમાં રહેવાથી ખૂબ નજીકથી તેમનું જીવન જાણવાની અને સમજવાની તક મળી છે. સવાર–સાંજની સામૂહિક પ્રાર્થનાઓ, સાંસ્કૃતિક કાર્યક્રમો, પરિસંવાદો, છાત્રાલયનું સામૂહિક સાદગીભર્યું વાતાવરણ, સવાર–સાંજની દૈનિક

પ્રવૃત્તિઓ, જીવન તપાસવા માટે દરરોજ લખાતી નોંધ આજે પણ વાંચું છું ત્યારે ખૂબ આનંદ થાય છે. શિક્ષણ ફક્ત ચાર દીવાલો વચ્ચે જ નહીં, પરંતુ સામૂહિક વર્તણૂક અને બીજા માટે ઘસાઈ છૂટવાની ભાવના ને વિશેષ કરીને રાષ્ટ્રીય ચારિત્ર્યની શિસ્તબદ્ધ તાલીમ અમે ત્યાંથી મેળવી છે, જે જિંદગીમાં કદી ભુલાશે નહીં.

**ઉજાસ યાત્રા ભાગ : ૧ અને ૨ : જમુબહેન ચૌધરી**

લોકભારતીમાં માત્ર ચાર દીવાલોની વચ્ચે વ્યાખ્યાન પદ્ધતિનું શિક્ષણ નહીં પણ પ્રત્યક્ષ તાલીમ મળી. દા.ત. કમ્પોસ્ટ ખાતરની થિયરી વર્ગમાં શીખવે અને તુરત પ્રેક્ટિકલ હોય. જેમાં માપનો ખાડો તૈયાર કરવો, કચરો ભેગો કરવો, છાણ લાવી રાબડું બનાવવું, પદ્ધતિસર થર બનાવી ખાડો ભરવો, તૈયાર થયે ત્રણ મહિને તેનો ઉપયોગ કરવો. જમીનની ગરમી માપવાની થિયરી શિખવાય. સાથે ખેતર ઉપર જઈ ગરમી માપવાની જમીન વિજ્ઞાનની થિયરી હોય, સાથે પ્રયોગશાળામાં જઈ પ્રયોગ કરવાના, જમીન માપણીની થિયરી સાથે સાંકળ લઈ ખેતર પર જઈ માપીને તેનું ક્ષેત્રફળ કાઢવાનું.

ઉપરોક્ત એકવીસ પુસ્તકોનો સરવાળો અહીં મૂકવાનો પ્રયત્ન કર્યો છે. આ એકવીસ પુસ્તકો પ્રાપ્ય થાય તો અચૂક વાંચશો તો તેમાં લોકભારતીમાં કરવામાં આવેલા પ્રયોગોનું દર્શન આપણને અલગ ભાવવિશ્વમાં લઈ જશે. પુસ્તકોમાં પૂ. નાનાભાઈ, પૂ. મૂળશંકરભાઈ તથા પૂ. મનુભાઈના શિક્ષકત્વ અને ગુરુત્વનાં દર્શન આપણને સતત થતાં રહે. વિદ્યાર્થીઓને કેવી રીતે અનુભવજન્ય શિક્ષણ પૂરું પાડી શકાય તે માટે દિવાસ્વપ્ન પછી આ પુસ્તકશ્રેણીઓ પણ પૂરક પુરવાર થશે તેવી શ્રદ્ધા છે.

●---------●●●--------●●●---------●

પ્રાચાર્ય, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર, મોબાઈલ : ૯૮૨૪૮ ૨૫૫૬૧

**તસવીર -ગાથા**

**- મૂકેશ પંડિત**

## ઘાઘરા ઘમ્મરિયાળા...



પોષાક પરિધાનથી જ્ઞાતિ-જાતિ અને પ્રદેશની ઓળખ થતી આજે એવું નથી. આજે તો નર કરતાં નારી ઓછા કપડાં પહેરતી હોય તેવું લાગે છે. આ દૃશ્ય હરિદ્વારનું છે, પણ જોતા જ રાજસ્થાની હોવાનો અણસાર આવી જાય છે. આ પ્રદેશની મહિલાનો પહેરવેશ ઘમ્મરિયાળો ઘાઘરો લોકનૃત્યોમાં આપણે નિહાળતા રહીએ છીએ... પરંતુ અહિ તો આ મહિલાઓ યાત્રિક બની ગંગા મૈયામાં સ્નાન કરી થાક ઊતારવા બેઠેલી છે.. સાથે જ તેના ધોયેલા પોષાકોમાં સૂકાઈ રહેલા ઘાઘરા ઘમ્મરિયાળા નજરે પડે છે !

## (૦૮) મંગળની શિક્ષણયાત્રા

- મનહરભાઈ ઠાકર

**ગતાંકથી ચાલુ...**

મંગલને ક્યારેય ભણવા માટે ટ્યુશનની તક મળી ન હતી. કારણ કે તેની પાસે ફી ભરવાના પૈસા જ ન હતા. સ્કૂલમાં થતું શિક્ષણકાર્ય જ એનો આધાર હતો. એટલે એકાગ્ર ચિત્તે એ ભણતો. જાતમહેનતથી એને ઉજ્જ્વળ સફળતા મળતી. કોઈ ગાઇડ, અપેક્ષિત, સ્યોરસજેશન્સ જેવી સામગ્રી ખરીદવાનો તેને વેંત ન હતો. છતાં તેણે જાતે તૈયાર કરેલી વાચનસામગ્રીના આધારે ઊંચી ગુણવત્તા સાથે પાસ થતો. બોર્ડની ફાઇનલ પરીક્ષા વખતે રહેણાંકથી ઘણે દૂરની સ્કૂલમાં તેની બેઠક વ્યવસ્થા ગોઠવાયેલી હતી. આઠ દિવસનો પરીક્ષા કાર્યક્રમ ગોઠવાયો હતો. એટલે બધે દૂર સીટીબસમાં જાય તો જ પોસાય તેમ હતું. પરીક્ષાનો સમય સાડા દસનો હતો. પરીક્ષાસ્થળે સમયસર પહોંચવા માટે પોતે બે કલાક વહેલા બસસ્ટોપ પર આવી જતો ને બસ દ્વારા સવાદસે સ્થળ પર પહોંચી જતો. જે દિવસે ગણિતની પરીક્ષા હતી તે દિવસે એક કલાક બસ મોડી પડી. રીક્ષામાં જવાના પૈસા ન હતા. મોડી ઉપડેલી બસ દ્વારા કેટલીયે ચિંતાઓ સાથે પરીક્ષાસ્થળે પહોંચ્યો, ત્યારે પોણાબારનો સમય થઈ ચૂક્યો હતો. તેને પ્રશ્નપત્ર તથા ઉત્તરવહી આપવાની સુપરવાઇઝરે ના પાડી દીધી. પોતે પ્રિન્સિપાલ પાસે જઈને આપવીતી વર્ણવી ત્યારે તે સાંભળતા તેમની આંખ ભીની થઈ ગઈ. તેને પોતે પરીક્ષાખંડમાં બેસાડી ગયા ને પછી તરત જ સરબતનો એક ગ્લાસ મોકલ્યો. મંગલે ઉત્તરપત્ર લખવા માટે વધારાનો સમય ન માગ્યો છતાં સમયમર્યાદામાં જ ઉત્તરપત્ર પૂરેપૂરું લખી આપ્યું.

સ્કૂલમાં વિશ્રાંતિ દરમ્યાન સૌ વિદ્યાર્થીઓ નાસ્તો કરવા માટે ડબ્બા ખોલે ત્યારે સ્કૂલના કમ્પાઉન્ડમાંથી સૌની નજર ચૂકવીને બહાર નીકળી જવાનું. વિશ્રાંતિનો સમય પૂરો થયે રસ્તા પર લટાર મારીને વળી પાછું વર્ગખંડમાં આવીને બેસી જવાનો એનો નિત્યક્રમ હતો.

**૪. ઉચ્ચશિક્ષણના સથવારે**

બારમા ધોરણના વિજ્ઞાનપ્રવાહમાં સત્યાશી ટકા સાથે મંગલ પાસ થયો. તેના મનમાં હવે પછીના ભણતર માટે ગડમથલ ચાલતી હતી. તે જ્યાં જનમ્યો અને ઊછર્યો તે સમાજ માટે કંઈક કરી છૂટવાની ભાવના ભીતર ઉછળે છે. જે બધાથી બંધાયેલું તેનું વ્યક્તિત્વ છે. જ્યાં સૌ એને પીછાણે છે. તેમની સાથે તેનો સામાજિક વ્યવહાર છે, લાગણીનો સંબંધ છે. તેમની પાસેથી તેને આવકાર મળે છે. એ માદરેવતન તેને યાદ આવે છે. હવે એવું ભણતર લેવું કે જેના આધાર પર ગ્રામોદ્ધાર માટેની ભાવના બળવત્તર બને અને કાર્યાન્વિત થાય. તેણે મનોમન વિચાર્યું કે આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ ગામડાં તરફ પાછા વળોની જે ઘોષણા કરેલી અને સૌને ગ્રામલક્ષી થવા અનુરોધ કરેલો એ રાષ્ટ્રના વિકાસ માટે મહત્ત્વની બાબત છે- તેને વળગી રહેવું. ખેતી, કલા-કારીગરી, ગ્રામોદ્યોગ, ગૃહઉદ્યોગ માટેનું જ્ઞાન અને કૌશલ્યો પ્રાપ્ત થાય તેવું ભણતર અને જીવન ઘડતર માટે કટિબદ્ધ થઈને તેણે કૃષિ અને ગ્રામાભિમુખ કેળવણીની સંસ્થા સર્વમંગલ લોકનિકેતન, સારસ્વતપુર ખાતે ઉચ્ચશિક્ષણમાં પ્રવેશ લીધો.

આ સંસ્થા ગ્રામપુનરુત્થાનની પ્રવૃત્તિઓ માટે ગામડાંમાં શિક્ષણ, સંશોધન અને વિસ્તરણનું કાર્ય કરે છે. ગ્રામસમાજને પોષક એવી પ્રવૃત્તિઓ જેવી કે શિક્ષણ, ખેતી, પશુપાલન, પંચાયત, સહકારી પ્રવૃત્તિઓ, ગ્રામસ્વરાજ, પછાત જ્ઞાતિઓનું સામાજિક સ્થાપન વગેરે અનેકવિધ કાર્યો માટેની તાલીમ લઈને અહીંના વિદ્યાર્થીઓ સમાજનું ઉત્તરદાયિત્વ નિભાવે છે.

મંગલે આ ગ્રામવિદ્યાશાખાના સ્નાતક અભ્યાસક્રમ દરમ્યાન કૃષિ-પશુપાલન, કૃષિટેક્નૉલોજી, ગ્રામટેક્નૉલોજી, ઊર્જાટેક્નૉલોજી, સૌરઊર્જા, ગ્રામીણ યંત્રવિદ્યા, જમીન સંસાધનવિજ્ઞાન, કૃષિવિજ્ઞાન, સજીવખેતી, પાણી સંગ્રહ યોજના, વોટરશેડ મેનેજમેન્ટ, સ્વૈચ્છિક સંસ્થાઓની કામગીરી,ગ્રામ દત્તક યોજના, નર્સરી, મહિલાઉત્થાન,

ખેતઉત્પાદનલક્ષી વ્યાપાર, ડેરી ઉદ્યોગ, ગ્રામસહકારી તંત્ર વગેરે ક્ષેત્રે જ્ઞાન-કૌશલ્યો પ્રાપ્ત કર્યાં.

આ પ્રકારના ભણતરથી તેનામાં જે ક્ષમતાઓ અને ગુણલક્ષણો વિકસ્યાં તે : કોઈપણ કાર્યને તે હલકું કે નાનું ગણતો નહીં. અજાણ્યાં કાર્યો કરવાં તે હંમેશાં તત્પર રહેતો. નવું કામ શીખવાની તેને આતુરતા રહેતી. ગામડાંના લોકો સાથે કામ પાર પાડવાની, તેમને સમજાવવાની, તેમની સાથે ભળવાની તેને સહજ ફાવટ આવી ગઈ હતી. નિયત કરેલા કલાકોમાં જ કામ કરવાને બદલે તે હોંશપૂર્વક વધુ કલાકો કામ કરતો. સખત અને માથાકૂટિયાં કામો કરવાં તે તૈયાર રહેતો. તેને સોંપેલાં કામો સફળતાપૂર્વક પાર પાડતો હોવાથી સૌને વિશ્વાસ બેસતો. જાહેરહિતનાં કાર્યોમાં પોતાની જાતને ગૌણ ગણતો. તે દિલથી કામ કરતો. પૂરી નિષ્ઠાને વફાદાર રહીને કામ કરવું એ તેનો ધર્મ હતો. નાગરિકધર્મનું પાલન એ તેનો વ્યવહાર હતો.

મંગલના ઉચ્ચશિક્ષણથી તેનામાં શારીરિક, માનસિક કે ચૈતસિક કાર્યોની અસરકારકતા આવી. તેની અસર પોતાની પ્રકૃતિ, સામાજિક કાર્યો અને પોતાની ચેતના પર પડી. આ ત્રણેયના અનુબંધથી તેનામાં સમગ્ર દર્શનનું જ્ઞાન વિકસ્યું. આ પ્રકારના તત્ત્વદર્શનથી તેનામાં કર્મ વિશેનો વિવેક અને સામાજિક ઉત્તરદાયિત્વનો ભાવ પ્રગટવા લાગ્યો. આ પ્રકારની કેળવણીથી પોતે વધારે પરિપક્વ, ઉત્તરદાયિત્વની ભાવનાવાળો અને વ્યાપક દૃષ્ટિકોણવાળો નાગરિક બન્યો.

અહીંના છાત્રાલયજીવનથી તેને વ્યક્તિગત ગુણવિકાસ અને નાગરિકધર્મની તાલીમ મળી. જાતિવાદ, જ્ઞાતિવાદ, ગરીબ-અમીરના ભેદની દીવાલો અહીં તૂટી ગઈ. આવા ભેદોને ઓગાળવા માટેના ઉપાયરૂપે સમૂહજીવનવાળા છાત્રાલયી શિક્ષણથી તેનામાં સમાનતાલક્ષી સમાજરચના અને નાગરિકધર્મનો ખ્યાલ વિકસ્યો અને સંકુચિત મનોવૃત્તિ દૂર થઈ. છાત્રાલયી સમૂહજીવનમાં પ્રેમ એટલે ભાગીદારી એ શિક્ષણનો પાયાનો સિદ્ધાંત તેનામાં પ્રગટ થયો. જેના લીધે પરસ્પરનો સહયોગ અને જવાબદારી ઉપાડીને તેને વહન કરવાનો લોકશાહીનો પાયાનો ગુણ તેનામાં વિકસ્યો. તેનાં હૃદય, બુદ્ધિ અને કર્તૃત્વશકિતના વિકાસની ખરી કેળવણી તે પામ્યો.

અહીં પરિશ્રમ અને અભ્યાસક્રમનું જોડાણ થયેલું હોવાથી આ શિક્ષણ દ્વારા પરિશ્રમની પ્રતિષ્ઠા અને તેનું ગૌરવ કરતા તે શીખ્યો. અહીંના અભ્યાસક્રમના પ્રત્યેક વિષયને સૈદ્ધાંતિક અને પ્રાયોગિક-વ્યવહાર દ્વારા જ ભણાવાય છે. એટલે કૃષિકાર્યમાં વાવણીથી શરૂ કરીને ઉત્પાદનને યોગ્ય સ્થળે પહોંચાડવા સુધીની તાલીમ, પશુઉછેરથી શરૂ કરીને માવજત, ઉત્પાદન વિતરણ-વ્યવસ્થાપનની કેળવણી, વિજ્ઞાન અને ટેક્નૉલોજીના સથવારે યંત્રવિદ્યા, ઊર્જાવ્યવસ્થાપન, ગ્રામોદ્યોગ અને સંશોધનનું અસરકારક શિક્ષણ તેને મળ્યું.

મંગલને અહીં મળેલા શિક્ષણમાં જ્ઞાન અને કર્મ, એમ બન્નેની સમન્વિત કેળવણી પ્રાપ્ત થઈ. દૃશ્ય જગતની ભૌતિક વિદ્યાઓ તથા આંતર જગતની અધ્યાત્મ વિદ્યાની સાથે માનવીય વિદ્યાઓના અભ્યાસથી તેનામાં તજજ્ઞતા અને સુજ્ઞતા, નિપુણતા અને સંવેદનશીલતા, શક્તિ અને સમજણ,તંત્રજ્ઞાન અને માનવતાનો ભરપૂર વિકાસ થયો.

મંગલના શરીર, મન અને આત્મામાં જે ઉત્તમ અંશો ઘર, શાળા, વતન અને રાષ્ટ્રભાવના થકી રોપાયા હતા, જે ઊગ્યા હતા તેનો ઉછેર-વિકાસ આ પ્રકારના શિક્ષણથી સધાયો. તેની કેળવણી મૌલિક, નવીન, યુગપ્રવર્તક અને સહજ બની. જે પોતાના જીવાતા જીવન સાથે રાજકીય, સામાજિક અને આર્થિક અનુબંધ પણ સાધતી હતી. જે કેળવણી પોતાની પ્રકૃતિ તથા સંસ્કૃતિને અનુકૂળ હતી. જેના પાયાના સિદ્ધાંત અને વ્યવહાર આપણા સમાજની જરૂરિયાતો પૂરી પાડવા માટે સક્ષમ જણાયા હતા. જેના વડે પ્રગતિ સધાય તેવી કેળવણી તે મેળવતો હતો. જેમાં હૃદયની કેળવણી, ચારિત્ર્યની ખિલવણી, નૈતિક શિક્ષણ, અક્ષરજ્ઞાન, શરીર-મનની કેળવણી-શ્રમ અને ઉદ્યોગનું સઘન શિક્ષણ તેને મળ્યું.

તેને આ ભણતર દ્વારા સમજાયું અને આત્મસાત થયું તે શ્રમ, શ્રમનું મૂલ્ય છે. ઉદ્યોગ વડે તેને હૃદય, હાથ અને મસ્તિષ્કની કેળવણી મળી છે. તેથી તેનામાં ચારિત્ર્યની ખિલવણી, સ્વાવલંબન અને વ્યક્તિ તથા સમાજનો વિકાસ કરવાનો હુન્નર સમજાયો. ભાવ-સંવેદનાને સ્પર્શે તેવું માતૃભાષા દ્વારા શિક્ષણ તેને પ્રાપ્ત થયું. સમાન નાગરિકતાના

ખ્યાલ માટે પુષ્ટિકર સ્વયં-વ્યક્તિગત અને સામાજિક શિસ્ત કેળવાઈ. શિક્ષક-વિદ્યાર્થીઓના સંબંધોમાં સમૂહજીવન, સ્વાશ્રય, સંયમ અને ચારિત્ર્ય ઘડતરના પાઠો શીખવા મળ્યા. ઉત્પાદનલક્ષી શ્રમકાર્યથી વ્યકિત-સંસ્થાના ખર્ચ બાબતે સ્વનિર્ભરતાનો ખ્યાલ પાકો થયો. સામાન્ય માનવ-વિશિષ્ટ માનવ એમ બન્ને પ્રકારે ઘડતર થયું. જેમાં સંપ, સહકાર, સદાચાર પાયામાં હોય તેવા સમાજની રચના વિશેની વિચારણા બળવત્તર બની. શિક્ષણના પાઠોનો જીવાતા જીવન સાથેનો અનુબંધ કેળવાયો. સામાજિક-ધાર્મિક-આર્થિક-રાજકીય દૃષ્ટિએ કોઈ શોષિત નહીં તેવા શોષણવિહીન સમાજની રચના સમજાણી. સત્ય અને અહિંસાના પાયા પર રચાયેલ સમાજરચના પર ભાર મૂકવાનો વિચાર ગૂંજતો થયો. જેના વડે ગામડાંનો વહીવટ-વ્યવસ્થાપન સ્વયં થતો હોય તેવા ગ્રામ સ્વરાજ-ગ્રામ પંચાયત વિશેનું શિક્ષણ મળ્યું. એવા રાષ્ટ્ર કે રાજ્યની સમજ કે જે પ્રજાસત્તાક અને પરસ્પરાવલંબી બને તેવી કેળવણી વિશે જાણી શકાયું. ધર્મની કેળવણીમાં માનવપ્રેમ, સહિષ્ણુતા, સહાનુભૂતિ દ્વારા ગરીબી, બેકારી, નિરક્ષરતા, પ્રદૂષણો, રોગ, યુદ્ધ, આતંકવાદ અને ભ્રષ્ટાચારને જાકારો આપવાની ભાવાત્મક એકતાનું શિક્ષણ મળ્યું. પ્રકૃતિમાં રસ અને હકારાત્મક વલણ કેળવીને આદર્શ નાગરિકજીવન કેળવવાના સિદ્ધાંતો અને વ્યવહારની અનુભૂતિ તેને થવા પામી.

**૫. શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ**

ગામડાંમાં વિજ્ઞાન અને ટેક્નૉલોજીના જ્ઞાનનો ઉપયોગ લોકોના જીવનની ગુણવત્તા સુધારવા માટે કરવો તેવા આશય સાથે મંગલે હવે અનુસ્નાતક શિક્ષણ, સંશોધન અને તેના દ્વારા પ્રાપ્ત જ્ઞાનને સેવા વિસ્તરણમાં પ્રયોજવાનો સંકલ્પ કર્યો. અભ્યાસક્રમના ભાગરૂપે પોતે કેન્દ્રનિવાસ માટે પોતાનું ગામ જ પસંદ કર્યુ. આ દરમ્યાન તેને કરવાના લઘુશોધ નિબંધમાં ગ્રામીણ જીવનની ગુણવત્તા ઊંચી લાવીને સૌનું જીવન નિરામય બનાવવાનો મુખ્ય હેતુ રાખ્યો. માણસ સખત મહેનત કરે અને તેને પૂરતું વળતર પ્રાપ્ત ન થાય તો અજુગતું લાગે. વિજ્ઞાન અને ટેક્નૉલોજીના અદ્યતન જ્ઞાનનો ઉપયોગ કરીને ગામડાંના લોકોના સમગ્ર જીવનને બળવત્તર બનાવવા માટે તેણે પ્રાચીન, અર્વાચીન અને અદ્યતન ટેક્નૉલોજી પર સંશોધનો અજમાવવાનું શરૂ કર્યું. ગ્રામ ટેક્નૉલોજીના સંશોધનોને તે ઝડપથી આગળ વધારવા લાગ્યો, ગામડાંના લોકો માટે આહાર, પોષાક, રહેઠાણ અને વ્યવસાયની પાયાની જરૂરિયાતો સંતોષાય તે રીતે તેને વિજ્ઞાન અને ટેક્નૉલોજીનો મહત્તમ ઉપયોગ કરવો છે. તેને ગામડાંમાં લોકોના અર્થસભર જીવન માટે વૈજ્ઞાનિક જ્ઞાનની સાથે સાથે વૈજ્ઞાનિક વિચાર અને કૌશલ્યોનો ફેલાવો કરવો છે. વિજ્ઞાનનું જ્ઞાન, કાર્યક્ષમતા તથા કૌશલ્યોને લઈને દરેક ગ્રામીણ નાગરિકમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવાય તેવી એની ભાવના છે. જેથી લોકોના જીવાતા જીવનમાં વૈજ્ઞાનિક વલણ અને વૈજ્ઞાનિક દૃષ્ટિ લાવી શકાય તો જ ગામડાંનું જીવન વધારે સમૃદ્ધ, સગવડભર્યું અને સલામત બને.

મંગલની યોજના ગ્રામીણજગતનાં જુદાં જુદાં ક્ષેત્રો જેવાં કે ખેતીવાડી, પશુપાલન, ખોરાક, તંદુરસ્તી, શક્તિ-ઊર્જા, વાહન-વ્યવહાર, શિક્ષણ, રોજગારી અને સામાજિક કલ્યાણ વગેરેના વિકાસમાં વિજ્ઞાન અને ટેક્નૉલોજીનો પગપેસારો કરાવીને સમૃદ્ધિ લાવવાની છે. સૃષ્ટિના સર્જનહારે ગ્રામીણસ્થળે જે કંઈ સર્જ્યું છે તેના સ્વાસ્થ્ય, સંવર્ધન અને સમૃદ્ધિમાં આંચ ન આવે તે માટે તેને સૂર્યશક્તિને કામે લગાડવી છે. ગામડાંઓમાં દીવાબત્તી, ખેતીવાડી, રાંધણ અને ગ્રામઉદ્યોગો માટે ઊર્જાની જરૂરિયાતને પહોંચી વળવા માટેના સ્રોતો આધારિત સાધનોની રચના કરવા માટે તેણે પોતાના વતનમાં ઘર આંગણે વર્કશોપ ઊભો કર્યો. જેમાં ગામના બેકાર યુવકોને કામ સોંપ્યું.

વર્કશોપમાં ગ્રામઊર્જાના લાક્ષણિક સ્રોતોમાંથી અને સોલારસેલ વડે ગ્રામ્ય વીજળીકરણના પ્રયોગો શરૂ કર્યા. સૂર્યઊર્જાની મદદથી ચાલતાં વિવિધ સાધનો બનાવીને ગામમાં તેનો ઉપયોગ શરૂ થયો. ગ્રામ્ય સ્તરે સરકાર તરફથી તે માટેની આર્થિક સહાય યોજનાનો લાભ મેળવાયો. બાયોમાસ, બાયોગેસ અને ગેસીફિકેશન, પડતર જમીનમાં ઊર્જા વનીકરણ, ધુમાડાના પ્રદૂષણ સામે નિર્ધૂમ ચૂલાઓ બનાવીને તેનો ઉપયોગ ચાલુ કરાયો. પવનની ગતિ અને દિશાની મોજણીનું કાર્ય કર્યા બાદ પવનચક્કી પમ્પો, પવનચક્કી જનરેટર, પવનચક્કી સંકુલ ઊભાં કરવામાં આવ્યાં.

ખેત તલાવડીના પાણીનો વ્યય અટકાવવા માટે તેના

તળિયે પ્લાસ્ટિકનું આવરણ પાથરવાના પ્રયોગો થયા. પાણીની કેનાલમાં પ્લાસ્ટિક વાપરીને ઝમણ અટકાવવાની યોજના અમલમાં મૂકી. ડ્રીપ ઇરિગેશન દ્વારા પાકની જરૂરિયાત જેટલા જ જથ્થામાં તેના મૂળને પાણી મળે તેવા પ્રયોગો શરૂ કરવામાં આવ્યા. ભૂમિઆવરણ-મલ્ચિંગરૂપે પ્લાસ્ટિક જમીનમાં પાથરીને બાષ્પીભવન દ્વારા ઊડી જતું પાણી અટકાવતી યોજના સાકાર કરવામાં આવી.

ખેતીમાં વધુ પાક મેળવવા માટે માટીના પૃથક્કરણના આધારે કયું ખાતર વાપરવુ, કેટલું વાપરવું, કઈ જાતનાં બિયારણ વાપરવાં તેમ જ કયું અનાજ ઉગાડવું તે કમ્પ્યૂટર સંચાલિત યંત્રો વડે નક્કી કરવાની ટેક્નૉલોજી વિકસાવવામાં આવી. એવા પ્રકારનાં સાધનો વિકસાવાયાં કે કમ્પ્યૂટરના સથવારે સિંચાઈ પણ શકય બનાવી.

ઉપગ્રહ મારફતે કુદરતી હોનારતો અને વરસાદ વિશે ચેતવણી મળતી હોવાથી ખેડૂતોને આવનારી મુસીબતોનો સામનો કરવા માટે જાણ કરવાનું તંત્ર વિકસાવ્યું અને તે સંદર્ભે પૂરતાં પગલાં લેવાય તેવી ભલામણો પ્રગટ કરવામાં આવી.

ખેતીવાડી ક્ષેત્રે ઉત્પાદન વધારવામાં પાકના આનુવંશિક દ્રવ્યમાં ફેરફાર, જીવકોષ ઉછેર, જીવકોષ જોડાણ, ઉત્સેચક ઉત્પાદનની પદ્ધતિઓ અમલમાં મૂકી. અનાજ ઉત્પાદન, ઊર્જા ઉત્પાદન, રોગચિકિત્સામાં બાયો-ટેક્નૉલોજી અને જીવ-રસાયણોનો ઉપયોગ, ખાતર અને કચરામાંના સેન્દ્રીય પદાર્થમાંથી સેલ્યુલોઝ અને તેનું આલ્કોહૉલમાં રૂપાંતર કરનારા ગ્રામોદ્યોગોનો વિકાસ કરવામાં આવ્યો. એ રીતે પ્રદૂષણ અટકાવવાનો પ્રયત્ન થયો.

ઉજ્જડ પ્રદેશમાં અનાજ ઉગાડવાની પદ્ધતિ, માટી વિના-જમીન વગર પાણીમાં હાઇડ્રોપૉનિક્સ પદ્ધતિથી ઉત્તમ ઉપજ, પાક સંરક્ષણની પદ્ધતિઓ, ઊંચી જાતના રોગપ્રતિકારક છોડ, બાયોપેસ્ટિસાઇડ્ઝ, બાયોફર્ટિલાઇઝર્સ તેમ જ હાઇબ્રીડ સીડ્ઝ જેવા કૃષિવિજ્ઞાનને પ્રયોજ્યું.

સૂર્યનો ધગધગતો ગોળો આખો દિવસ કરોડો મેગાવોટ વીજળીને ધરતી પર કિરણોના સ્વરૂપે વરસાવે છે. ગામડાંમાં સૂર્યનું સાન્નિધ્ય આખો દિવસ અનુભવાય છે. એટલે ઘણીખરી ઊર્જા જરૂરિયાતને સૂર્ય એકલે હાથે પહોંચી વળે તેવી ટેક્નૉલોજી પર નાના પાયે સંશોધનો કરીને તેણે સોલારસેલથી ઉત્પન્ન થતી સૂર્યશક્તિને કામે લગાડી.

ખાદ્ય સામગ્રીમાં શુદ્ધ-અશુદ્ધ પદાર્થો ઓળખવાની સાદી-સરળ વૈજ્ઞાનિક પદ્ધતિઓ અપનાવી અને જે તે ખાદ્ય પદાર્થોનું પોષકમૂલ્ય જાણવાની ટેક્નિકનો ઉપયોગ શરૂ કર્યો. પીવાના સ્વચ્છ પાણીની સુવિધા આખા ગામ માટે ઊભી કરી. ગામની આરોગ્ય વિષયક સુવિધાઓ, સ્વચ્છતા તથા બિનઉપયોગી પદાર્થો-કચરાનો નિકાલ કરવા માટેની યોગ્ય પદ્ધતિઓ વિકસાવી. ધૂમ્રપાન, કેફી પીણાં અને ડ્રગ્ઝથી થતા નુકસાન વિશે સમજાવીને લોકોને વ્યસનમુક્ત કરવાની ઝુંબેશ ચલાવી.

ગામમાં સુલભ એવા પદાર્થોમાંથી નિશાળે ભણાવાતા દરેક વિષય માટેનાં સરળ અને બિનખર્ચાળ શૈક્ષણિક સાધનો બનાવરાવીને શિક્ષણ આપવાની ટેક્નિકનો અમલ કરાવાયો. ચિનાઈ માટી, માચીસ બોકસ, પ્લાસ્ટિક પેટીઓ, વાંસની પટીઓ, લાકડાંની ચિપ્સ વગેરેનો ઉપયોગ કરીને આ પ્રકારનાં સાધનો બનાવવાની તરકીબો વિદ્યાર્થીઓને શીખવવામાં આવી.

સુધારેલ હાથશાળ, કુંભારનો ચાક, રેંટ, ધાતુકામ માટેનાં સાધનો, છાપકામ અને કલા-કારીગરીનાં સાધનો વિકસાવાયાં. રોજિંદા વપરાશમાં આવતી ચીજવસ્તુઓ જેવી કે સાબુ, ડિટરજન્ટ, ટૂથપેસ્ટ, શાહી, પેન, પડિયાં, પતરાળાં, ગૃહ સુશોભનના નમૂનાઓ કે જે કુદરતી કાચા પદાર્થોના વપરાશથી બનાવવાનો ગૃહ ઉદ્યોગ શરૂ કરવામાં આવ્યો.

ગામમાં દરેકની ખેતીવાડીમાં ઢોરનાં છાણ, મૂત્ર, વનસ્પતિનાં ડાળી-ડાંખરાં, નિંદામણ, શાકભાજીનો કચરો વગેરેને ડાયજેસ્ટર નામના એક કૂવામાં કોહવાવા દેવાથી બાયોગેસ છૂટો પાડવાનો પ્રોજેક્ટ તૈયાર કરાવીને તેમાંથી પાઈપ દ્વારા ગેસ એકઠો કરી પ્રદૂષણમુકત ઊર્જા મેળવવામાં આવી. મંગલના શિક્ષણ, સંશોધન અને વિસ્તરણના સથવારે ગામડાંઓમાં વિજ્ઞાન અને તેના દ્વારા કાર્યાન્વિત ટેક્નૉલોજીને સમજવાનો એક સળવળાટ પેદા થયો. તેની પ્રયુક્તિઓનો પ્રચાર અને પ્રસાર થયો. જેના કારણે ગામડાંના લોકોના અર્થસભર જીવન માટે વૈજ્ઞાનિક જ્ઞાનની સાથે તેના

ઉપયોગને સાકાર કરતું ટેક્નૉલોજી કેન્દ્ર અમલમાં આવ્યું. તેથી મંગલને પોતાના ભણતર અને ઘડતરથી સંતોષ થતો હતો.

**૬. ભારતનો આત્મા**

આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ 'ગામડાં તરફ પાછા વળો'ની જે હાકલ કરેલી અને સૌને ગ્રામલક્ષી થવા જે અનુરોધ કરેલો એ રાષ્ટ્રના વિકાસ માટે મહત્ત્વનો જાણીને મંગલે પોતાની તમામ શક્તિ એ દિશામાં જ કામે લગાડી. હજુયે તેની વૈધિક-અવૈધિક શિક્ષણયાત્રા એ માટે જ આગળ વધતી રહી. સાથેસાથે તેણે અનુસ્નાતકનો અભ્યાસ પૂરો કર્યો. એટલેથી અટકી ન જતા પોતે ગ્રામવિદ્યાશાખામાં વિદ્યાવાચસ્પતિ-પીએચ. ડી.ના અભ્યાસ સાથે યાત્રા આગળ ધપાવે છે.

આપણા દેશની વસતિનો મોટો ભાગ ગામડાંમાં વસે છે. ગામડું ભારતનો આત્મા છે. એ જેટલું સુખી, સમૃદ્ધ અને સત્વશીલ બનશે, એટલું આવતી કાલનું ભારત સબળ બનશે. આ ખ્યાલ સાથે મંગલની ગ્રામાભિમુખ સેવાવિસ્તરણની પ્રવૃત્તિઓ આગળ વધવા લાગી.

ગામડાંનું એકમ સ્વાવલંબી થાય તો દેશનો આર્થિક પાયો મજબૂત બને એવા આશયથી તેણે ગ્રામોદ્ધાર માટે જ પોતાના શિક્ષણને પ્રયોજ્યું.

તેણે ખેતી, કલા-કારીગરી જેવા ઉદ્યોગોથી ગામડું જીવતું-જાગતું રહે તે માટેની યોજનાઓ પવૃત્ત કરી. ગામડું જ હવે તો તેનું સતત આરાધ્યદેવ બની ગયું. તેને મન ગ્રામોદ્ધાર વિના રાષ્ટ્રોદ્ધાર શક્ય નથી એ વિચાર કેન્દ્રિત થઈ ગયો હતો. મહાત્મા ગાંધીજીના શબ્દો તેને યાદ આવ્યા.

'દેશમાં કરોડો હાથપગ કામ વગરના હોય તે દેશે ઉત્પાદન કરવા માટેનાં કયાં પ્રકારનાં સાધનો વાપરવાં તેનો વિવેક રાખવો જોઈએ. આપણા રાષ્ટ્રના વિકાસ માટે બે માર્ગો વિચારી શકાય : પહેલો માર્ગ એ કે મોટાં કારખાનાં ખોલીને તેમાં માણસોને કામ આપવું, જ્યારે બીજો માર્ગ એ કે ગામડાંમાં જ્યાં લોકો વસે છે ત્યાં કામને લઈ જવું.'

મંગલના શિક્ષણ, સંશોધન અને સેવાવિસ્તરણના અનુભવ પરથી તેને બીજો માર્ગ વધુ વાજબી લાગ્યો. ગામડાંમાંથી માણસોને ખસેડીને ગીચ શહેરોમાં મોટાં કારખાનાંઓ સુધી લઈ જવા કરતાં તેઓ જ્યાં વસે છે ત્યાં ગામડાંમાં તેમને કામ આપવું વધુ હિતકર હોવાનું તેને સમજાયું. ગામડું છોડીને શહેરમાં વસવાટ કરવા જતા ગરીબ લોકોના રહેઠાણનાં મકાનો, રસ્તા, પીવાનું પાણી, ગંદા અને ગરીબ વસવાટો, અશુદ્ધ હવા વગેરે અનેક ચિંતાઓ તેના મનને સતાવતી હતી.

આપણો દેશ ખેતીપ્રધાન હોવાથી આપણો મુખ્ય વ્યવસાય ખેતી છે. આ વ્યવસાયનો મુખ્ય સ્રોત ગામડું છે. એટલે ગ્રામવાસીઓમાં ખેતીઉદ્યોગો, કુટિરઉદ્યોગો, ગૃહઉદ્યોગોને અસરકારક બનાવવામાં વિજ્ઞાનની સિદ્ધિઓ અને ટેક્નૉલોજીના લાભ હાંસલ કરાવવાની દિશામાં મંગલે તાલીમ આપીને તેટલા પ્રમાણમાં ગામના અર્થતંત્રની સ્થિતિ તપાસવાનું સંશોધન, પોતાના પીએચ.ડી.ના અભ્યાસ અંતર્ગત હાથ ધર્યું.

પોતાના કાર્ય દરમ્યાન તેને રાષ્ટ્રપિતાના શબ્દો, 'ભારતની પ્રજા સાત લાખ જેટલાં ગામડાંમાં વસે છે. એ ગામડાં જ્યારે આબાદ થશે ત્યારે જ રાષ્ટ્રમંદિર ભવ્ય બનશે.' આ કથનની વાસ્તવિકતા સચોટ સમજાતી હતી. એટલે ગ્રામોન્નતિમાં જ રાષ્ટ્રોન્નતિ છે. કારણ કે ગામડું જ ભારતનું હાર્દ હોવાથી વિકાસની બાબતે એ ધબકતું રહેશે તો રાષ્ટ્ર સર્વાંગી ઉન્નતિ સાધી શકશે. આ ખ્યાલ તેના શિક્ષણના પરિપાકરૂપે મનમાં ગૂંજતો હતો. પોતે જે યોજના તારવી તે મુજબ : દેશમાં ખેતીની પેદાશ વધે એટલે ખેડૂતો અને ગામડાં સુખી અને સમૃદ્ધ બને. ખેડૂતોની ખરીદશકિત વધે, તેઓ પૂરતાં પ્રમાણમાં જરૂરિયાતની ચીજો ખરીદે, પરિણામે ઉદ્યોગોનો વિકાસ થાય. નવા ઉદ્યોગો પણ સ્થપાય. ગામડાં સમૃદ્ધ બને એટલે ગ્રામોદ્યોગો અને ગૃહઉદ્યોગો બેઠા થાય. ખેડૂતો પણ ખેતીનાં અવનવાં ખેતઓજારો વાપરતા થાય. ઉત્પાદન વધે. અનાજના વાજબી ભાવ નીચા ઊતરે અને જ્યારે જેટલું જોઈએ ત્યારે તેટલું અનાજ વાજબી ભાવે મળતું થાય. તેથી મધ્યમ વર્ગના માણસને સ્વરાજ્યનો સાચો આનંદ પ્રાપ્ત થાય.

**ક્રમશ...**

૪૦, શ્રીનાથજીનગર-૩, ભરતનગર પાછળ, ભાવનગર- ૩૬૪૦૦૨, મો. ૯૪૨૬૮૫૧૨૯૦

## (૦૯) લોકભારતીની સવાર અને ઊભા સાવરણાનું સંગીત !

- વિશાલ ભાદાણી

ઠાલી ઈચ્છાઓ જેટલી ધૂળની ડમરી ઊડીને શમી રહી છે. જેને ઝાડ પરથી પડવું જ નહોતું એવું કોઈ હઠીલું સૂકું પાંદડું કચરાના ઢગલામાં સામેલ થવા ઈચ્છતું જ ન હોય, એમ સાવરણાની બાથમાંથી વારંવાર છટકી જાય છે. વાળનાર વ્યક્તિ જેમ જેમ આગળ વધતી જાય તેમ તેમ સાવરણાના આરોહ-અવરોહ દ્વારા જમીન પર જે ભાત ઊપસી છે તેના પર બોગન-વેલે વારી જઈને હમણાં જ એક ફૂલ વહેતું મૂક્યું છે. રસ્તાની બંને બાજુએ કતારબદ્ધ ઊભેલાં વૃક્ષોની ડાળીઓ તડકાનાં હળવા સ્પર્શથી તાલબદ્ધ લયમાં ડોલી રહી છે. એવામાં દૂરથી ચાલી આવતી સાયકલ સાથે ટીંગાડેલી બે નિજાનંદી બરણીઓ પણ એ જ લયમાં હાલકડોલક ઝૂમે છે; કહો આમાં જડ અને ચેતનનો ભેદ ક્યાં ? તો વળી, આ બાજુ કિશોરીઓ જેવી ચકલીઓ સાવરણાના ધ્વનિ સાથે પોતાના નખરાળા અવાજને એવી તો સિફતથી ગૂંથે છે જાણે કે દૂરદર્શનના“ ‘મિલે સૂર મેરા તુમ્હારા’”નો ઉપહાસ ન કરતી હોય !

વાળનારે સાવરણો કેવી રીતે પકડ્યો છે તેનાં આધારે સાવરણો અમૂક રીતે જમીન સાથે ઘસાય છે અને એમાંથી સંભાળતા ધ્વનિના આવર્તનો કાન મંડાવે તેવા હોય છે. જરા થંભીને સાંભળીએ તો વાળનારના સ્વભાવનો પણ ખ્યાલ આવી જાય. દાખલા તરીકે કોઈએ સાવરણો એકદમ ત્રાંસો રાખ્યો હોય અને લાંબા લસરકે સફાઈ ચાલતી હોય, આપણને ખ્યાલ આવી જાય કે આ એનું રોજનું પસંદ કરેલું કામ છે. એની દૃષ્ટિ એના કામમાં લીન છે, એના હાથ મસ્તિષ્ક કરતાં વધુ સજાગ અને પગ વધુ તત્પર છે. એનાં હોઠ પર વહેલી સવારે સાંભળેલ પ્રભાતિયાંનાં પગલાંનો સળવળાટ છે. આવા સફાઈ રાગને માણતાં-માણતાં રાસ્તાની બીજી બાજુના ખેતરમાં શ્રમવીરો કામે ચડી ગયા છે.

હજુ તો ગઈકાલે જ ઘઉંનું ખળું પત્યું ને આજે ત્યાં વેરાયેલા દાણા પર પોતાનો પ્રાકૃતિક અધિકાર ભોગવવા ત્રીસ-પાંત્રીસ મોર અને ઢેલ પથરાણાં છે. એ તો ગહેકવાના, નક્કર માટીમાં પાકેલું અનાજ કોઠે પડે એટલે સ્વભાવમાં રહેલી પ્રસન્નતા પ્રકૃતિ ગાય નાખે છે ! કોઈક આંગણામાં સફાઈ પૂરી કરીને ઝાડના થડે ઊભેલો માર્મિક સાવરણો આ મોર, ખેતર અને બદલાતું આકાશ જોવામાં ધ્યાનસ્થ છે. સફાઈ સારી થઈ હોય એમ લાગે છે કેમ કે રસ્તે પસાર થતાં સૌને આજે આ આંગણું કંઈક વધારે સોહામણું લાગે છે. આ જોઈને પણ આંગણાની વાડના ટેકે ઊભેલ યુવાન સાવરણો બોગનવેલ તરફ ગર્વીલું સ્મિત ફરકાવે છે. જવાબમાં બોગનવેલ તો શું કહે, એ જરા વધારે લળીને થોડાં વધારે ગુલાબી બની ગયેલા બે ફૂલ હળવેકથી અંબાવે છે. સાવરણાને હાથ નથી પણ તોય એણે એ ફૂલ લીધાં નથી એમ કહેતાં જીભ ઊપડતી નથી !

કોઈએ સાવરણો થોડો વધારે સીધો પકડ્યો હોય તો એનો એક હાથ એના માથા કરતાં થોડો ઉપર આવ-જા કરતો દેખાય—ચરખા પર કાંતતી વખતે જેમ ત્રાગડો લેવા માટે હાથ માથાથી દૂર જાય તેમ. સુતરની સાદગીનો આ ત્રાગડો આકાશના સ્વચ્છ પોતને માટીની ભાત સાથે ટેભે-ટેભે સીવતો હોય એવું લાગે છે. તો વળી બીજી જ ક્ષણે, જૂનાગઢમાં ભક્તિરસમાં બંધલીન મસ્તિષ્ક પર હવામાં કડતાલ-શોભીત એ હાથ નજર સામે તરવા લાગે છે. આ સમયે આવતો ધ્વનિ થોડો તુટક-તુટક પણ નાભિમાંથી આવતો હોય એવો છે. સાંજે ઝાલર ટાણે મંદિરે આરતી પૂરી થતી વેળાએ જેમ નગારું વગાડનાર ચલતીમાં વગાડે એમ આજે આ સાવરણો ચલતીમાં વીંઝાઈ રહ્યો છે. કદાચ વાળનારને આજે મોડું થયું હશે અથવા તો ક્યાંક જવાની ઉતાવળ હશે. આખા સમૂહમાંથી એક પારેવું ઊડે ને વળી ઝડપથી બેસી જાય એમ ફડફડાટ કરતું આજનું છાપું એનાં આંગણામાં ઊતર્યું અને તરત જ છાપાની બંધાણી આંખો

એને બચ-બચ-બચ ચૂસવા લાગી છે. પોતાના સિવાય અન્ય કોઈ ઊડી જ કેવી રીતે શકે એવા ભાવ સાથે પોપટો એક સામટા ચમકી ગયા.

"'આવું તો રોજ થાય છે, એમાં વળી ચમકવાનું શું ?''' સાવરણાએ કહ્યું.

"'લે, અમે તો એને વઢવાના. માંડ સમૂહગીત જામ્યું હોય ત્યાં આ બેસૂરું કોણ જાણે ક્યાંથી ટપકે, કળયુગની થાપ જેવું ! ગાતા-બાતા તો આવડતું નથી ને ગામ આખાની પંચાયત કરે !''' એક પોપટ કુંડામાં રેડાયેલા તાજા પાણીમાં ચાંચની ધાર કાઢીને બોલ્યો.

ત્યાંથી થોડા આગળ ચાલો તો એક આડો સાવરણો પણ પોતાનું કામ નિષ્ઠાથી કરતો દેખાય છે, શક્ય છે વાળનારની કમરને ઉંમરનો થાક લાગ્યો હોય. આડા સાવરણાથી વાળતી વખતે માણસની કમર, ડોક, અને ઢીંચણની અંગભંગીઓ પર જાણે કે આ ઊભા સાવરણાને દયા આવતી હોય એમ એ બધું જોયા કરે છે. પાછો કલ્પના પણ કરે છે કે પોતાને પકડનાર ગણરાજ્યનો કોઈ યોદ્ધો છે, રણનીતિનો બરાબર ઉપયોગ કરનાર અને દુશ્મનોની બધી જ પ્રયુક્તિઓને ધૂળ ચટાવનાર છે અને પોતે તેનું કોઈ અભેદ શસ્ત્ર છે. આ કલ્પનાશીલ સાવરણાને 'દર્શક'નાં ઘરની દીવાલનો ટેકો છે !

પેલી બાજુ બહેનોના છાત્રાલય પાસે ચાર-પાંચ ઊભા સાવરણાઓ સમૂહમાં કામ કરે છે અને જો એની ફરતે વીંટળાયેલી માનવ-આકૃતિઓ દૂર થઈ જાય તો એ વાંસની લાકડીઓ પૂનમની ગરબી રમતી દેવીઓ જેવી બાળાઓ જ જોઈ લો તમે ! અને આ બાજુ મોકળા મેદાનમાં કચરાના હરોળબદ્ધ ઢગલાઓ આ સાવરણાએ રેલાવેલ સંગીતમાં વચ્ચે વચ્ચે આવતાં જરૂરી મૌન સમાન બેઠા છે. સાવરણાની ગતિશીલતા અને ઢગલાની સ્થિરતા મળીને એક દ્વૈત બને છે જે ઉકેલવા બેસીએ તો સફાઈ અને જિંદગી અધૂરી રહી જાય. હમણાં બે વિદ્યાર્થીઓ આવશે અને એક-એક ઢગલાને ખાતરની કોથળીમાંથી બનાવેલ જોળીમાં ભરીને કૃષિ-કચરાનાં મોટા ખાડામાં ઠાલવશે. આમ જુઓ ત્યાં, એ બંને વિદ્યાર્થીઓ જોળી લઈને ચાલી રહ્યા છે. સાથે ચાલવાથી જે ગતિ બની છે એમાં આ જોળીએ પોતાની ગતિને મેળવી દીધી છે એટલે હવે સરવાળો કરીએ તો એ ત્રણ નહીં પણ એક છે. જોનાર એમ કહેશે કે ઢગલા ભરાય છે પણ જેને 'દેખાય' છે એ તો એમ જ કહેવાના કે માણસ ખાલી થાય છે— એનો અહંકાર ઠલવાઈ રહ્યો છે !

જેમણે કાયમ સોંપ્યાં કરતાં વધુ કામ કર્યું છે એવા કેટલાક સાવરણાઓની સળીઓ તૂટી ગઈ તો બીજી સળીઓ છાતીએ વળગાડી છે. પણ, એની સાથે રહેલા વાંસ ઘસાઈને એટલાં જ ઊજળા થયા છે. હવે તો એની ફાંસ પણ વાગતી નથી એટલા સુંવાળા લાગે છે. આ વાંસ પર સમયની હસ્તરેખાઓ છપાઈ ગઈ છે; બે-બે પેઢીઓએ એક જ સાવરણાથી વાળ્યું હોય એવા તો ઘણાં જીવતર અહીંયા મળે. આમ પણ હાથો મજબૂત હોય પછી ભલેને ગમે તેટલી સળીઓ બદલાય, આખરે તો મજબૂતાઈ બોલી ઊઠવાની !

પેલી સાયકલ હવે ઘઉં સંશોધન અને વિજ્ઞાનભવન થઈને ગૌશાળા પહોંચી હશે. ગાયો તો ક્યારનીય દોવાઈ ગઈ છે, એમનું કંઈ સાવરણા જેવું મોડું જરાય નહીં. દૂધ પણ કેનમાં ભરાઈ ગયું છે અને વિતરણ માટે સાયકલ દ્વારા મોકલાઈ ગયું છે. સવાર સવારમાં ગેલ કરતાં કોઈ વાછરડાને જોઈએ એટલે ગોકુળની વાસ્તવિકતા વિષે નિઃશંક બની જવાય છે. હમણાં જ ગોવાળ એ ધણને લઈને ઊપડશે ગૌચર તરફ અને આખો દિવસ ગૌશાળામાં એનાં વગર સાવરણા, તગારા, પાવડા, હવાડા, ગાય બાંધવાના ખીલા અને સાંકળો વિરહીલા બની એક-મેકને વિલાયેલાં મોઢે જોયા કરશે. ચેતનનાં છાંયા વગરનું જડ, બમણું જડ બની જાય છે, નઈ ?

ત્યાં લીમડા નીચે જુઓ, એક હાથ કમર પાછળ ટેકવેલો છે અને બીજા હાથમાં આડો સાવરણો પકડીને વાછરડાના વાડામાં ઝૂકીને વાળતી પેલી ઝંઝારીની જોડ તમને દેખાય છે ? વાડામાં જમીન થોડી ભીની છે એટલે ધૂળ નથી ઊડતી એટલે ત્યાંથી ઘેરું અને ભીનાશ સંકોરતું સંગીત સંભળાય છે. અહીંયા પ્રમાણમાં લીમડાઓની સંખ્યા વધારે એટલે એના ઝીણા-ઝીણા પાન જમીન સાથે ચોંટીને આ ઝાંઝરીને વધુ મહેનત કરાવે છે. માંડ બે પાન કાઢે ત્યાં વળી

બીજા બે પડે. કપાળ પર નમેલી લટ સરખી કરવા એ સીધી થાય છે, ઊંચું માથું કરીને લીમડા સામે મોં બગાડે છે અને એને માફ કરીને વળી, એક-એક પાંદડું વીણી-વીણીને બહાર કાઢે છેઃ એ લોકભારતીના ધરુવાડિયામાં ઊછરતી ઝાંઝરી છે, એ થાકશે નહીં ! એનો શ્રમ જરૂરિયાતના નહીં પણ જીવન સંગીતનો ભાગ છે.

ગૌશાળાએથી દૂધ લઈને સાઈકલ ધીમે ધીમે બધાં ઘેર પહોંચાડતી વચ્ચે 'અતિથિગૃહે' ઊભી રહે છે. લોકભારતીમાં મહેમાનોનો પાર નહીં, આવકારો 'કાગ'વાળો રહ્યોને ! અતિથિગૃહ પાસે આર.સી.સી. રોડ છે એટલે ઊભા સાવરણની જરૂર નથી. અહીંયાં તો એક નમણી સાવરણી આપણને સંભળાય પણ નહીં એવા સ્વરે પોતાનું કામ શાંતિથી કરે છે. એને કંઈ કોઈનેય પોતાનું સંગીત સંભળાવવાની પડી નથી ! એ તો માને છે કે "'આપણે ન બોલીએ, આપણું કામ બોલે.'" પ્રાંગણમાં જ એક સુંદર આંબો છે જેની નીચે હિંડોળા રાખ્યા છે; સવાર સવારમાં તો હિંચકવાવાળું કોણ હોય ? હા, હમણાં હમણાંથી કોયલની કે પોપટની એંઠી કેરી મહારાણીની જેમ ઝૂલતી દેખાય છે. આ કેરી જો વાળનારની આંખે ચડી તો પછી ત્યાંથી દાંત વચ્ચે દબાઈને કકડભૂસ થઈને એનાં મોમાં ઓગળી જતાં વાર નહીં લાગે !

અરે, આ બધાં સાવરણા ક્યાં ચાલ્યા ? આમ જુઓ બધી જ દિશાઓમાંથી ઊભા સાવરણાના નેતૃત્વમાં દાતરડી, તગારા, ખંપાળીઓ, ઢગલાં ભરવાની જોળીઓ અને સફાઈ કરવાની ઇચ્છાઓ 'ઉતાવળી' નદી જેવાં આવી રહ્યાં છે. આજે કંઈ ખાસ છે ?

અરે હા, આજે તો મંગળવાર છે એટલે અહીંયાં સફાઈનો યજ્ઞ થવાનો જેને " 'યજ્ઞાર્થે સફાઈ'" કહે છે. સૌ સાથે મળીને આખીય લોકભારતીની સફાઈ કરશે, ગીતો ગવાશે અને લગભગ બે કલાકમાં તો આખીય સંસ્થા સ્વચ્છ, સુઘડ અને કેળવાયેલા વિચાર જેવી રૂપાળી લાગવા લાગશે. બધાયના સાવરણા આવ્યા પણ મારો સાવરણો ક્યાં ? હું આમતેમ શોધું છું. પણ એની ક્યાંય ભાળ મળતી નથી. મને થયું કે લાવને કોઈ બીજાનો સાવરણો ઉછીનો લઉં, પણ ત્યાં જ અંદરથી એક પંખી બોલી ઊઠ્યું, "જેમ ઊડવા માટે પોતાની જ પાંખ જોઈએ તેમ યજ્ઞ આહુતિ માટે પોતાનો જ હાથ જોઈએ એમ પોતાનો જ સાવરણો જોઈએ !" ગરમાળાને પૂછ્યું તો એણે આછા ગુલાબી રંગના ફૂલોથી લથબથ કરેણ તરફ ઇશારો કર્યો. હું એ દિશામાં આગળ વધુ છું અને મને ત્યાંથી ડૂસકું સંભળાય છે. એક હાથે કરેણ-પડદો દૂર કરીને એનાં ક્યારામાં જોઉં છું તો માયૂસ ચહેરે પડ્યો છે એક ઊભો સાવરણો. એને પણ યજ્ઞમાં જોડાવું હતું પણ કોઈ હાથે એને વળગાડ્યો નહીં એટલે એને જરા લાગી આવ્યું. ના, એ સાવરણો મારો નથી. પણ જાણે કે ઘણાં વર્ષોથી મેં સાવરણો પકડ્યો નથી એની એને ખબર પડી ગઈ હોય એમ એ મને જોઈને ફરિયાદ કરે છે. એની રાવ સાવ સાચી છે કેમ કે મેં આંગણું વેચીને ઘરમાં વેક્યુમ ક્લીનર ખરીદ્યું છે—ધૂળ બધી "ક્લીન" થાય છે પણ "ખાલીપો" ? એને મનાવવા અને મારા આત્મસંતોષ માટે મેં એને ઊપાડી લીધો. એને અડકતાં હાથ રણઝણી ઊઠ્યો, મારા વિચારો સાબદા થયા અને દૂરથી શંખનાદ સંભળાયો. ધીમે ધીમે સાવરણો ચાલતો ગયો અને મારા સાતેય કોઠે દીવા થવા લાગ્યા છે. આંખોમાં મારગ ભૂલ્યાનો બળાપો ભાપ થઈને એક ખૂણે બાજી ગયો છે અને જાગ્યા ત્યાંથી સવાર માનીને પક્ષીવૃંદનાં મધુર ગાન સાથે મેં હવનકુંડમાં આહુતિ આપવાનું શરુ કર્યું ! આ યજ્ઞની ફળશ્રુતિરૂપે જે કંઈ આવતું હશે એ કદાચ આ ઊભા સાવરણાના માધ્યમથી આવતું હશે, કેમ કે એનો એક પગ માટીમાં છે અને બીજો આકાશમાં...

આ સામૂહિક રવમાં ધીમે ધીમે મારો સૂર પણ ઘૂંટાઈ રહ્યો છે... પેલી ઝાંઝરીની ખનક મનમાં શાંતિના ભાવ પ્રગટાવી રહી છે... આત્મમુક્તિની ખબર નથી પણ આત્મશોધન શરૂ થાય ત્યારે આવું જ સંગીત સંભળાતું હશે ને ? કાન સાથે મન માંડીએ તો કદાચ વિરાટના સાવરણાનું અનહદ સંગીત પણ સંભળાય..!

●---------●●●--------●●●---------●

લોકભારતી- સણોસરા, મો. ૯૪૨૬૯૮૮૫૩૮૭

## (૧૦) ગાંધીજીઃ એક 'અકાલ પુરુષ', 'સકલ પુરુષ' અને 'આચાર પુરુષ'

**- રમેશ ર. દવે**

આજે 'કોડિયું'ના વાચકોને, આપણા સૌના મિત્ર એવા રમેશ મ. સંઘવી દ્વારા થયેલા એક મઝાના, મહત્ત્વપૂર્ણ કામનો આછોતરો પરિચય અહીં આપવો છે. આરંભે જ હમણાં જેને સૌના મિત્ર કહ્યા છે એ રમેશ સંઘવીની મારા મન-અરીસે ઝિલાયેલી નાનેરી છબી બતાવું ? આદરણીય નાનાભાઈ ભટ્ટની નિશાળો (પ્રાથમિકશાળા-આંબલા, ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા -આંબલા, લોકભારતી ગ્રામવિદ્યાપીઠ-સણોસરા) અને ગાંધી-સ્થાપિત ગૂજરાત વિદ્યાપીઠ-અમદાવાદના વિદ્યાર્થી એવા આ રમેશભાઈ એટલે-ભારતીય સંસ્કૃતિનાં ઉદ્‌ગાતા અને દ્યોતક એવાં શ્લોક-સુભાષિત, પ્રાર્થના-ભજન-ધૂન, ગીત-ગાન અને દૂહા-ચોપાઈમાંથી સરજાયેલા સુવિચાર-સદ્‌વિચાર !

આ માણસને હમણાં ઉપર સૂચવી એ જીવનમૂડી જ્યાંથી જડી, એણે એને મહામૂલી વસ-વસ્તુ-સંપત્તિરૂપે સાચવી અને એને 'ગમતાંનો કરીએ ગુલાલ'- એ ભાવનાથી આવ્યા એ અવસરે આ મૂડીને, મારા-તમારા કશાય ભેદભાવ વિના સૌને સંપડાવી-સોંપી.... વાંચો, માણો ને વહેંચો - એવા શુભાશયથી ! જરા જુદી રીતે કરેલી આ વાતના સમર્થનરૂપે, સંઘવીએ કરેલાં સુવિચાર-સંપાદનો નોંધું ?

'શાંત તોમાર છંદ' (૨૦૦૪), 'અમી ઝરણાં' (૨૦૦૭), 'એક ઘડી આધી ઘડી' (૨૦૧૮) અને જેની વાત માંડી છે એ - 'શાશ્વતગાંધી' પુસ્તક પંચામૃત' : ૧-૫ (૨૦૧૯).

આ સુવિચાર-સદ્‌વિચાર રૂપ હલેસાંથી રમેશની જીવનનાવ સદાય તરતી-વહેતી રહી છે, એના અનેક પડાવ આવ્યા છે પણ એનું લક્ષ્ય-ગંતવ્ય-મુકામ તો છે ગાંધીજીવન અને ગાંધીદર્શન. ભરપૂર વાચન-ખજાનો ધરાવનારા આ માણસે જાતે-પોતે તો મન થયું ત્યારે લખ્યું જ છે પણ એનો સૌથી વધારે સમય તો એણે વિવિધ સંપાદનોમાં ફાળવ્યો છે. સતત થતા રહેલા અને કરવાં જેવાં કામ વિશેની એણે જરા કંજૂસાઈથી કરેલી કેફિયત 'ડૂબે સા તરે'માં ડોકિયું કરાવું?

આવા મહામાનવ (ગાંધી)નાં જીવન, કર્મ અને દર્શનના મહાસાગરમાંથી એક નાની-શી ધારા વહેડાવવા અને અંજલિ ઝીલવા, ઑક્ટોબર-૨૦૧૧થી 'શાશ્વતગાંધી' નામે પત્રિકા શરૂ કરી અને અદ્યાપિ ૬૪ અંકોનાં ૩,૦૦૦ પાનાંથી પણ વધારે પૃષ્ઠોમાં, દેશ-વિદેશના ચિંતકો, કર્મશીલો, અભ્યાસીઓ, સંશોધકો, વિવિધ ક્ષેત્રના અગ્રણીઓના સુંદર, ભાતીગળ અભ્યાસલેખો, અનુભવલેખો મૂકી શકાયા. પાછલા અંકોના લેખો વાંચતાં અને સમજતાં થતું કે હવે આમાંનું કેટલુંક પુસ્તક રૂપે મુકાવું જોઈએ. એ વાંચતા તેનો કેફ ચડે અને મનપ્રાણ તરબતર બને. જાણે : 'કેફ કિયા અબ કબહુ ન ઊતરે !' એવી સ્થિતિ થાય !..... 'શાશ્વતગાંધી'ના અંકોમાંથી પસંદ કરી, તેનું વિભાગીકરણ કરી કેટલીક સામગ્રી આ પાંચ ગ્રંથો : ('પરસે રૂપ પારસ સો કહિયે !', 'ગાંધી : ગઈકાલના, આજના, આવતી કાલના', 'યજ્ઞપુરુષને પગલે', 'બંદે મેં હૈ દમ', 'પીધા અમરત પિયાલા')માં છે. લેખો નીચે અવકાશપૂરક અવતરણો પણ 'શાશ્વતગાંધી'ના અંકોમાંથી સારવેલાં છે. ગાંધીજી એક 'અકાલ પુરુષ', 'સકલ પુરુષ', અને 'આચર પુરુષ' હતા. તેની પ્રતીતિ આ વૈવિધ્યભરી, ભાતીગળ લેખોની છાબનો સ્વાદ લેતાં થશે'' (સૂચિત ગ્રંથસંપુટના સંપાદકીય 'ડૂબે સો તરે' પૃ. ૪માંથી સાભાર)

જેનાં વાચન-મનનથી કેફ ચડે ને મનપ્રાણ તરબતર થઈ જાય એવા આ પંચામૃત-ગ્રંથોમાં સંગ્રહિત સામગ્રીના વિષયો અને તેના લેખકો વિશે પણ થોડી વાત કરવી છે - ના, વાત નહીં, માત્ર યાદી જ આપું ?

- ગાંધી : જેવા મેં જોયા, જાણ્યા - રોનાલ્ડ ડંકન
- ગાંધીજીની શીખે મને બચાવી - વિજયાલક્ષ્મી પંડિત
- કાંટાળું વાત્સલ્ય - નિર્મળા દેસાઈ
- માટીમાંથી માનવી - નરહરિ દ્વા. પરીખ
- એ અદ્‌ભુત દિવસો -મહાવીર ત્યાગી

- હું ગાંધીજીનો જેલર હતો - પેટ્રિક ક્વિન
- ગાંધીજી આધુનિક હતા ? - જે.બી. કૃપલાની
- પુણ્યાત્માનાં સ્મરણો - ધીરુભાઈ ઠાકર
- ચરખાનું સંગીત - ડૉ. પ્રફુલ્લ દવે
- યજ્ઞપુરુષને પગલે પગલે - મીરાબહેન ભટ્ટ
- રાષ્ટ્રના શિક્ષક - ફાધર વાલેસ
- ટ્રસ્ટીશીપ : એક ભવ્ય વિકલ્પ - જે. ડી. સેઠી
- કળા, સૌંદર્ય અને મહાત્મા - દિલીપકુમાર રૉય
- લાગી કટારી પ્રેમની - મોહન દાંડીકર
- ગાંધીબાબા કી બેટી - રસિક ઝવેરી
- અત્તરનાં પૂમડાં - એચ. સી. દાસપ્પા
- ગાંધીજીના આશ્રમમાં - પંડિત સુખલાલજી
- બાપુ પાસે - વિનોબા
- લંડનમાં ગાંધીજી : ૧૯૦૯ - મીલી પૉલાક
- દધીચિ સમા - સ્વામી આનંદ
- ગાંધીજી અને સ્ત્રીઓ - કમળાબહેન પટેલ
- કેટલાંક સ્મરણો - કેદારનાથજી
- અવિસ્મરણીય વ્યક્તિત્વ - ખાન અબ્દુલ ગફારખાન
- મહાત્માજી - શરદબાબૂ
- તપસ્વી મહાત્મા - રવીન્દ્રનાથ ઠાકુર
- દુનિયા માટે તારક ગાંધી વિચાર -જયપ્રકાશ નારાયણ
- જીવનનો કલાધર - ઉમાશંકર જોષી
- ગાંધીવિચારનો અર્ક - મનુભાઈ પંચોળી 'દર્શક'
- લોકનાયક ગાંધીજી -મૂળશંકરભાઈ ભટ્ટ
- ગાંધીવિચારની પ્રસ્તુતતા - ચુનીભાઈ વૈદ્ય
- ગાંધીજીના સ્વપ્નનું ભારત - ચી. ના. પટેલ
- ગાંધીજીને જગવંદન - પર્લ એસ.બર્ક, ચાર્લી જ્યોર્જ અરંડેલ, એન્ડ્રુઝ
- યુગપુરુષ ગાંધી - હોરેસ એલેક્ઝાંડર
- ખટમીઠા પ્રસંગો- રામમનોહર લોહિયા
- ગાંધીજીએ મને શું આપ્યું ? - કિશોરલાલ મશરૂવાળા
- ગાંધી : ગઈકાલના, આજના અને આવતીકાલના - નારાયણભાઈ દેસાઈ
- ક્રાંતિકારી ગાંધીવિચાર - સર્વપલ્લી રાધાકૃષ્ણન્
- રાષ્ટ્રપિતા - જવાહરલાલ નહેરુ

ગાંધીજીએ એમના સતત સંઘર્ષમય રહેલા જીવનના સાર-સર્વસ્વ રૂપે, આપણને સૌને આપેલી અમૂલી ભેટ એટલે, પ્રેમપૂર્વક આચારીએ અને જીવનભર પાળીએ - એવા આ અગિયાર પાવનકારી વ્રતો :

"સત્ય, અહિંસા, ચોરી ન કરવી,
વણજોતું નવ સંઘરવું,
બ્રહ્મચર્ય ને જાતે મહેનત,
કોઈ અડે ના અભડાવું,
અભય, સ્વદેશી, સ્વાદત્યાગ ને
સર્વધર્મ સરખા ગણવા,
આ અગિયાર મહાવ્રત સમજી નમ્રપણે દ્રઢ આચારવા."

અહીં આપણે જે 'પંચામૃત' ગ્રંથસંપુટની વાત કરીએ છીએ તેની સઘળી સામગ્રીમાં, ગાંધીજીએ એમના જીવનમાં આ અગિયાર જીવન-સ્તંભ જાતે-પોતે ક્રમશઃ શી રીતે રચ્યા-સ્થાપ્યા હતા એની કથા કહેવાઈ છે. અલબત્ત, એ કથામાં કશી વ્યાખ્યા કે વિવેચનરૂપે નહીં, બલકે એમની સાથે રહેલાં સંતાન સમાં અંતેવાસીઓ તેમજ એમનાં અનુયાયીઓ તરીકે ગૌરવ પામેલાં સુજ્ઞ સજ્જન-સન્નારીઓએ પિતા સમાન ગાંધીજીની સંનિકટ રહેતાં-રહેતાં, એમણે શાં-શાં પ્રેરણાદાયી ઘટના-પ્રસંગો જાતે માણ્યાં હતાં ને સાક્ષીભાવે પ્રમાણ્યાં હતાં તેનું સરળ, ભાવવાહી અને હૈયા મહીં વસી જનારું-હૃદયગમ આલેખન કર્યું છે.

અંતે એક શુભેચ્છા - રમેશ સંઘવીએ આ ગ્રંથોમાંથી વાચન સામગ્રીની ઉપયોગિતા - તેનું મહત્ત્વ દર્શાવવા - સમજાવવા લખ્યું છે : "એ (સામગ્રી) વાંચતા તેનો કેફ ચડે અને મનપ્રાણ તરબતર બને. જાણે 'કેફ કિયા અબ કબહુ ન ઊતરે'- એવી સ્થિતિ થાય !"

તો મિત્રો, સાચ્ચે જ પંચામૃત સમાં આ પુસ્તકો વાંચતાં-વાંચતાં તમે પણ આવી જ મોજ માણો !

## (૧૧) ખેતી વિકાસમાં આધુનિક વિજ્ઞાનનું યોગદાન

- હીરજી ભીંગરાડિયા

મારી-અમારી ૭૦-૮૦ વર્ષ વટાવી ગયેલ પેઢીએ આપણી જૂની પરંપરાગત અને હવે વિજ્ઞાનના સહારે બદલી રહેલી : બન્ને ખેતીની પદ્ધતિઓનો પ્રત્યક્ષ અનુભવ લીધો છે. આમાંનું કેટલુંક નવી પેઢીને જલદી ન મનાય તેવું નવાઈ પમાડનારું લાગશે. હવેનાં ખેત-સાધનોએ ખેતીને ખૂબ સરળ બનાવી છે. નવી પેઢીને ખેતીકામો સિવાયનું મુક્ત જીવન જીવવા મળી રહ્યું છે. પરંતુ તે વખતે ખેડૂત પરિવારના એંસી વરસના ભાભાથી માંડી પાંચ વરસના બાળકના હૃદયનો ધબકાર "ખેતી" હતી. દિવસ-રાતનો તમામ સમય ખેતીનો હતો. શ્વાસોશ્વાસ જેટલી સામાન્ય ક્રિયા શરીરશ્રમ અને ખેતી હતાં. ખેડૂતો જ નહીં, વહવાયા, ખેતમજૂરો, ગોપાલકો – એવા તમામ ગ્રામજનો, કહો કે, આખું ગ્રામજગત ખેતી સંસ્કૃતિમાં જીવતું હતું. પર્વો, ગીતો અને ઉત્સવોમાંયે કૃષિ-સંસ્કૃતિ ગૂંજતી હતી. હવેના વિજ્ઞાને તેમાં આણેલો ફેરફાર જાણવો સૌને રસપ્રદ બનશે.

પહેલાં હાડકાં ગાળતી શિયાળાની કડકડતી ટાઢમાં કોશિયો 'બાપો ! હાલો મારા ધીંગા-ધોરીડા, હાલો !'" કહી, કોહે જૂતેલા બળદિયાને ડચકારી કીચૂડ....કીચૂડ પૈડાંના અવાજ સાથે કોહ થાળામાં ભખળ...ળ કરતો પાણી ઠાલવે અને એના ધીમાધીમા આવતા પાણીના પ્રવાહે કંટાળાજનક નાકા ફેરવતા પાણતિયાને છૂટકારો ઑઇલ એન્જિન, સેન્ટ્રિફ્યુગલ પંપ, ઇલેક્ટ્રિક મોટરો અને હવે તો સબમર્સિબલ મોટરે તથા ઓછામાં ઓછા પાણીથી ખેતી પાકોને વધુમાં વધુ સંતોષ અર્પણ કરનારી ટપક સિંચાઈ પદ્ધતિની ભેટ ધરીને કાયમી વિટંબણાઓમાંથી મુક્તિ કોણે અપાવી છે, કહો. ખેતીના આધુનિક વિજ્ઞાને જ ને !

અરે ! અમારા વડદાદા વાત કરતા કે અમારા વખતમાં કૂવો ગાળવા માટે તો ફીણા માથે ઘણ મારી મારી દમ નીકળી જતો ! કૂવો ગાળવો એ જિંદગીભરનું એક કામ ગણાતું. અરે, એકવાર તો એવું બન્યું કે ગાળતાં ગાળતાં કૂવો અંદરથી સાંકડો થઈ ગયો. પછી તો તેને ખોલવી પૂરા માપે કરવા સલાટ બેસારવા પડેલા કે જેણે છીણી-હથોડીથી ચારે બાજુ કોતરી કોતરી-કઠ્ઠણ પથ્થરોને કાપી કૂવાને ઘાટ આપેલો, બોલો ! અને અત્યારે ? કૂવો ગાળવા ઘણ-ફીણા લેવાની જરૂર જ નહીં, ભૈ ! કૂવાનો પથ્થર કઠ્ઠણનો બાપ કેમ નથી ! લાવો એરકંપ્રેસર, પાડી દો દાર, ભરો અંદર ટોટા ને દબાવો સ્વીચ ! હડુડુડુ....ભમ...કરતો થાય અવાજ અને કૂવાના તળિયે શિલાઓનો કરી દે મોટો ઢગ !! ચાલુ કરો ચરખી ને કાઢી નાખો ગાળ કૂવા બહાર. કૂવો ઊંડો ન થાય ને જાય ક્યાં ? અને હવે તો ૧૦ બાય ૧૦ નો કૂવો કે ૨૦ બાય ૨૦ જેવડી જળમ ગાળવાનીયે ક્યાં જરૂર છે, ભલા ! બોલાવો બોરવેલ મશીનવાળાને, કરાવી લ્યો દાર, ૪૦-૫૦ કલાકમાં જ તળમાં હોય તો પાણીને લાવે બહાર ! આ ખૂબી વિજ્ઞાનની જ ગણાયને, ભાઈઓ !

યાંત્રિક સાધનો બાબતે વિજ્ઞાન એટલું મદદગાર બની રહ્યું છે કે એકે એક કામમાં ખેડૂતનાં સમય, શ્રમ અને કામની ગુણવત્તા-બધામાં ફાયદો કરી દીધો છે. દા.ત. ઘઉં વાવવાના હોય તો પ્રથમ બળદના વાવણિયાથી બે સર કાઢી બીજ વાવવાનાં, ઉપર રપટો ચલાવવાનો, પછી ક્યારા-પાળી બનાવવા સુતરણાં નાખ્યાં પછી પાછો અંદર ક્યારો સમતળ કરવા લોઢિયો ફેરવવાનો, અને ખંપાળી લઈ માણસ દ્વારા પાળા પલોટી, ક્યારા રોડવા સુધીનાં કાર્યો પાર પડે પછી ઉભાર માટે નીકણું નખાય અને ધોરિયો ખોરી લીધા પછી ઘઉં પાણી પીવે એવું થતું. તમે જુઓ ! પાર વિનાની બળદ અને માનવશક્તિ ઉપરાંત કેટલોય સમય જતો. તેને બદલે આવ્યો "ઑટોમેટિક વાવણિયો" ! પાયાનું ખાતર અને બીજ બન્ને યોગ્ય ઊંડાઈએ અને સપ્રમાણ રીતે વવાતાં જાય, બીજ પર માટીનું ઢાંકણ, યોગ્ય દબાણ, અને ક્યારો સમતળ થવા ઉપરાંત પાળા પણ સાથોસાથ બનતા જાય ! નીકણું નાખી ઉભાર કરી વાળો, પડું તૈયાર !

અને ઘઉંના છોડવા વાઢવા, એના પાળા બનાવવા, ભરોટા ભરી ખળામાં પહોળા કરી તપાવ્યા પછી, ઉપર ગાડું-બળદિયા ચલાવી, પગર પકાવી, ઘોડીઓ માંડી, વાવલી-ઉપણી, કૂંવળ-ઘઉં જુદાં પાડી, ચારણે ચાળી, દાણાની ધાર કરીએ ત્યારે કોથળા ભરાતા. જ્યારે આજે ? ઘઉંને વાઢવાની, કે પાળા કરી, ઓપનરમાં નાખી

મસળવાની યે જરૂર નહીં ! પાકી ગયેલા ઘઉંનો ઊભો ઘેરો હાર્વેસ્ટરને સોંપી દો, ઘડીકની વારમાં વાઢી, મસળી, ઉપણી, જ્યાં કહો ત્યાં બુંગણ કે સીધા ટ્રેકટરના ટ્રેલરમાં કોઠીના સાણાંમાંથી ધોધ છૂટે એમ હબહબાવીને ટ્રેલર ભરી દે !

આવું જ, કપાસનો પાક પૂર્ણ કરી હવે ચીપિયાથી સાંઠી ખેંચી, પાથરા બનાવી, ભરોટા ભરી, પડા બહાર કાઢી, તેનો ભૂકો કરી, માટી-ભેજ આપી સેડવીએ ત્યાં છ મહિના વીતી જાય. જ્યારે અત્યારે તો નક્કી કર્યું કે હવે કપાસ પૂરો થઈ ગયો છે, ને પાણીની સગવડ છે, તો પછી આ જ પડામાં ઘઉં કરી વાળ્યા હોય તો ? તો ઊભી સાંઠીમાં મૂકાવો "શ્રેડર" ! સાંઠી ભલે માથાંઢક ઊભી હોય ! થડિયેથી કાપી, કૂંવળ જેવડા કટકા કરી વિખેરી દે આખા પડામાં, અને જમીનમાંથી મૂળિયા સમેત થડિયાં પણ ખેંચીને કાઢી આપે બહાર, વીણી લ્યો, બાર મહિનાના બળતણનો સવાલ થઈ જાય હલ અને જમીનમાંથી પાકે લીધેલું જમીનને કરી દીધું પરત-કૂંવળ જેવડા કટકા સ્વરૂપે, તે જમીનમાં ભળી આપમેળે સારશે સેંદ્રીય ખાતરની ગરજ ! બસ, કરી વાળો દાંતી-રાંપ, પસિયું ઘઉં વાવવા થઈ જાય તૈયાર !

મેં ખેતી શરૂ કરી ૧૯૬૫માં. તે દિ' દવા છાંટવાના પંપ નહોતા. મરચીમાં કુકડ આવ્યે ડોલમાં પાણી ભરી, તેમાં દવા ભેળવી, સાવરણીએ સાવરણીએ મેં છાંટેલી. જરૂરિયાત સંશોધનની જનની છે ને ? શરૂઆતમાં કોઠી પંપ, પછી આવ્યા હેંડલવાળા ખભાપંપ, અને હવે તો હેંડલે નહીં મારવાનાં, નાની બેટરીનું જોડાણ લાગી ગયું. દવાનો ફૂવારો આપમેળે થયા કરે. છાંટનારે માત્ર છંટકાવ જ કર્યે જવાનો. અરે ! સોલાર-પાવરથી ચાલતા પંપો અને મોટાપાયે દવા છાંટવાની થાય તો હેલિકૉપ્ટરથી એકી સાથે કેટલોય વિસ્તાર છાંટી દે, તેવી સુવિધા વિજ્ઞાને જ કરી ગણાય ને ?

આવી જ રીતે જમીન લેવલ કરવાનાં, પાળા બાંધવાનાં, ચર ગાળવાનાં, તલાવડી બનાવવાનાં, ઝાડ ઉખેડવાં જેવાં કામ કરનારાં જેસીબી-હીટાચી મશીનો, ઝાડ કાપવાનાં કટરો, જુવાર-ઘઉં-મકાઈ-ડાંગર જેવા પાકને વાઢવાનાં બ્લેડરો, બટેટા-ડાંગર ચોપવાનાં યંત્રો, માટીમાંથી બટેટાં-મગફળી જુદા કરવાના ચારણાઓ, ફળોનાં ગ્રેડિંગ મશીનો, જમીનમાં હોલ કરવાનાં, અરે ! આખેઆખા ઝાડવાને મૂળસમેત પીંડલો ઉખાડી અન્ય જગ્યાએ રોપી દેનાર રાક્ષસી મશીનો, નાનાંમોટાં પ્રાથમિક ખેડ, આંતરખેડ અને પાછલી ઊંડી ખેડ કરી આપનારાં વિવિધલક્ષી ટ્રેક્ટરો-કેવાં કેવાં યંત્રો વિજ્ઞાને નથી આપ્યાં, કહો !

ખેતી હોય એટલે ગાય-ભેંશ વર્ગનાં ખેત-કચરો ખાઈ દૂધ-ખાતર દેનારાં પશુઓ પણ હોવાનાં જ, એના અડાણમાંથી દૂધ દોહવાનું કામ તો હાથથી જ કરવું પડે ! ક્યારેક જાનવર તોફાની પણ નીકળે ! દોહનારને લાગી-ભાગી જવાનો પૂરો રહે ભય, અને દૂધેય પૂરું મળે કે ન પણ મળે ! અને વખત કેટલો બધો લાગે કહો ! જ્યારે અમે થોડા દિ' પહેલાં ઇઝરાયલ તેની ખેતી જોવા જ ગયેલા. તો ત્યાં એકી સાથે ૪૮ ગાયોને ગોળાકારમાં બાંધી યંત્ર વડે ફટાફટ ૧૫-૨૦ મિનિટમાં દરેકનું ૮૦-૯૦ લિટર દૂધ દોહાઈ જઈ પાઈપ દ્વારા દૂધઘરમાં પહોંચી, કઈ ગાયનું કેટલાં લિટર દોહાયું છે, તેની નોંધ રેકર્ડબૂકમાં થતી જોઈ છે.

તમારી ગાયને વાછરડી જોઈએ છે કે વાછરડો ? શું જોઈએ છે, બોલોને ! જેની જરૂર હોય તેવાં જ બચ્ચાં ગાય જન્માવી શકશે, એવું આધુનિક વિજ્ઞાને ગોઠવી દીધું છે. પશુધનનાં ગોબરનાં છાણાં બનાવી રસોઈ અર્થે બાળી દેવાથી તો નુકશાનીનો પાર રહેતો નથી. વિજ્ઞાને એ જ ગોબરને સળગાવ્યા વિના ઈંધણઅર્થ તો સરે ઉપરાંત લાઇટ અને ઉત્તમ સેંદ્રીય ખાતર મળી રહે તેવા અવાતજીવી જીવાણુઓની ભેર દેનાર ગોબર ગેસપ્લાંટની ભેટ ધરી ખેતીની બહુ મોટી સેવા કરી છે. એવું જ સેંદ્રીય કૂચો જલ્દી સેડવી દેનાર, જમીનમાંના અલભ્ય ફોસ્ફરસ તથા પોટાશને સુલભ બનાવી દેનાર અને હવામાંથી નાઇટ્રોજન પકડી જમીનમાં ઉમેરનાર વિવિધ બેક્ટિરિયાની ભેટ પણ વિજ્ઞાને જ ધરી છે. વિજ્ઞાન કયાં નથી પહોંચ્યું, કહેશો ? ખેતીપાકોમાં ફલિનીકરણના અર્થસરણ ઉપરાંત માનવ આરોગ્યઅર્થે અમૃત સમાન મધ પણ મળી રહે, તે માટે મધમાખીઓને પાલતું બનાવવાના ઘર-મધપેટીની શોધ, અરે ! ઑફ સિઝનમાં મોલ ઉગાડી ઉત્તમ કમાણી કરી શકાય તેવાં નેટ અને ગ્રીનહાઉસ અને ઉત્પન્ન માલના ભરાવા વખતે સંગ્રહી રાખી યોગ્ય સમયે વેચાણ કરવાની સુવિધા બક્ષતા શીતાગારોની ભેટ પણ વિજ્ઞાને જ પૂરી પાડી છે, મિત્રો !

અમારું મૂળ ગામ ચોસલા. ત્યાં રહેતા હતા તે દરમ્યાન અમારા કોઈ સગાંવહાલાંને અમારે ત્યાં ચોસલા આવવું હોય

તો એક અઠવાડિયા અગાઉ ટપાલ લખે કે ''અમે ત્રણની રેલગાડીમાં માંડવા રેલ્વે સ્ટેશને ઊતરશું, ગાડું સામું મોકલજો.'' ચોસલાથી માંડવાનું રેલ્વે સ્ટેશન ૬ કિ.મી. દૂર થાય. અને ત્યાંથી અમારે ગામ આવવા કોઈ બસ તો શું, તે દિવસોમાં છકડો-રિક્ષાની પણ સગવડ નહોતી. એટલે જો ટપાલ સમયસર મળે તો માંડવા-રેલ્વે સ્ટેશને બળદગાડું સામું જાય અને મહેમાન તેમાં બેસી ચોસલા આવે. પણ જો ટપાલ મોડી પડી તો ? મહેમાનને ૬ કિ.મી. ગુડિયાગાડીમાં-એટલે કે પગે ચાલતાં આવવું પડતું. અને આજે ? મૉબાઈલ ફોન ! અને એમાંયે પાછી કેટકેટલી સુવિધા ? હું મારી વાડીમાં ઊભો ઊભો અમેરિકામાં વસતા સંબંધી સાથે એનો ફોટો દેખાતો હોય એવી રીતે વાત કરી શકું ! અરે, મારા ખેતીપાકમાં કોઈ રોગ-જીવાત લાગ્યાં હોય, તો છોડને કેવું નુકસાન થયું છે તેનો ફોટો પાડી, નજરો નજર જોવા તેના વૉટ્સએપમાં રવાના કરી, મોલાતમાં ઊભા ઊભા જ કૃષિ વિજ્ઞાનીની સલાહ-માર્ગદર્શન મેળવી શકું છું, બોલો !

અરે, મારા મૉબાઈલમાં હવામાનમાં થતા ફેરફારો, એમાં રાખવી જોઈતી સાવચેતી, વરસાદની આગાહી, જુદીજુદી ખેત-પેદાશોના ઘણાંબધાં માર્કેટયાર્ડોના બજારભાવ જેવી કેટકેટલીય વિગતો આવતી રહેતી હોવાથી બધી બાબતોથી હું વાકેફ રહી શકું અને ઘટતાં પગલાં લઈ શકું. કેવી સગવડ કહેવાય, કહો !

અન્ય વ્યવસાયોની જેમ ખેતીમાં પણ પૂર ઝડપે વિકસતા વિજ્ઞાનના હિસાબે સવારમાં નવી લાગતી વાત સાંજ થાય ત્યાં જૂની થઈ; કોઈ નવું બીજ, નવી પદ્ધતિ, કે નવી દવા કે પાકને જરૂરી સુવિધાઓ પૂરી પાડવા અર્થેની અજીબ તરકીબો ''નવી'' તરીકે ઊભરી આવે છે.

અને આગળ કહું ? આ ઈન્ટરનેટના આગમન અને એના પ્રચાર-પ્રસાર અને વ્યવહારમાં લેવાણા પછી તો જો ખેડૂત એનો ઉપયોગ કરતો થઈ જાય, તો દુનિયા આખી એની નજર આગળ ખડી થઈ જાય એવું વિજ્ઞાને ગોઠવી દીધું છે. આપને શેની માહિતી જોઈએ છે, બોલોને ! કોઈપણ પાક, એનું બીજ, એને આપવી જોઈતી માવજત, એનું બીજ કેવા ભાવે અને ક્યાં મળે ? દુનિયાના કયા કયા દેશોમાં એ થાય છે ? બધી જ વિગતો કમ્પ્યુટર ચાલુ કરી(હવે તો મૉબાઈલ ફોનમાં પણ કરી શકાય છે) '''ગુગલ' જેવી એજન્સીને પૂછ્યા ભેળો મળી જતો હોય છે, જવાબ !

અરે ! ''ગાય'' એમ લખીએ, ત્યાં ગાયોની કેટલી ઓલાદ છે ? કઈ ઓલાદનો શારીરિક દેખાવ કેવો છે ? કયા દેશમાં એ ઓલાદનું ચલણ છે ? તેને કેવી બીમારીઓ લાગી શકે ? અને ત્યાંના લોકો તેના કેવા ઉપાય કરે છે ? એ કેટલું દૂધ કરે ? જેવી બધી વિગતો ફટાફટ ફોટા સહિત જોવા મળે. એ શું નાનીસૂની વાત ગણાય ? અરે ! આપણને એક બીજ, પદ્ધતિ કે નુસ્ખો સફળ લાગ્યો તો ફટ કરતોકને એ સંદેશો ફોટા સહિત ફોનના વૉટ્સએપ દ્વારા તરત જ જેટલાને મોકલવા ધારીએ એટલાને ઈસી મિનિટે મોકલી ગમતાંનો ગુલાલ કરી શકીએ !

હું જ્યારે કૃષિ કૉલેજમાં ભણતો હતો ત્યારે ખેતીના આનુવંશિક વિજ્ઞાનમાં મેંડલનો ૧ : ૩નો નિયમ ભણવામાં આવતો. પણ એમાં તો સંકરણ દ્વારા બે લક્ષણોને ભેગાં કરી સારાં લાગેલ ગુણોને સ્થિર કરી ઉત્તમ બીજ તૈયાર કરવામાં ઘણાં વરસોની મહેનત અને સમય લાગી જતાં. જ્યારે આજે તો જનીન વિજ્ઞાન એટલું બધું આગળ નીકળી ગયું છે કે એક વનસ્પતિ સાથે બીજી વનસ્પતિના જીન તો સમજ્યા મારા ભાઈ, વનસ્પતિ સાથે અન્ય જીવના જીન્સ ચોંટાડી ન કલ્પ્યાં હોય તેવાં પરિણામો જીનેટીક વિજ્ઞાન દેખાડી રહ્યું છે. તેમાં કેટલુંક સારું તો કેટલુંક ન ધાર્યું હોય એવું નબળા ગુણોવાળુ માઠું પરિણામ પણ મળી જતું હોઈ, બહુ વિવેકથી આગળ વધવા જેવું છે, ભાઈ !

અંતે કહેવાનું એટલું કે વિજ્ઞાન તો ટેક્નૉલૉજી રીત-પદ્ધતિ-યંત્ર આપી જાણે છે. પછી તેનો કેવો, કેટલા પ્રમાણમાં તથા કેવી સાવધાની-વિવેકથી ઉપયોગ કરવો તે આપણા-ખેડૂતના હાથની વાત છે. એના વ્યવસ્થિત ઉપયોગથી વીજળી આપણા ૧૦૦૦-૧૨૦૦ ફૂટ ઊંડા દારમાંથી સબમર્સિબલ મોટર દ્વારા પાણી બહાર ફેંકી શકે છે, પણ એ જ વીજળીનો કરંટ ખુલ્લા વીજ વાયરને હાથ અડાડી દેતાં તરત જ ફટાક...કરતો આપણા દેહનો ફટાકિયો કરી પ્રાણ પણ હરી શકે છે, એ વાત ખ્યાલ બહાર ન રહેવી જોઈએ મિત્રો !

પંચવટીબાગ, માલપરા, જિ.બોટાદ , મો. ૯૩૨૭૫૭૨૨૯૭

## (૧૨) નિવૃત્ત શિક્ષક, પર્યાવરણમાં પ્રવૃત્ત શિક્ષક

- સંજય તલઆણિયા

સુકલકડી કાયા, ચમકતુ કપાળ, પ્રકૃતિના તમામ તત્વોમાંથી શિખતી આંખો, હરહંમેશ પશુ-પક્ષી અને જીવ-જંતુ વૃક્ષ-વનસ્પતિની ચિંતા અને ચિંતન કરતું સર્જનશીલ દિમાગ, હાલતું ચાલતું ઔષધ વિજ્ઞાન એટલે કિશોરભાઈ ભટ્ટ. બચપણ ગામડામાં વિતાવ્યું. પિતા સ્વાતંત્ર્ય સેનાની માતા તારામતિબેન, તેઓ માણર તેમજ સણોસરા ગાંધી મૂલ્યો સ્થાપિત જીવનશૈલીમાં રહ્યા અને તે સંસ્કાર નાના કિશોરમાં પણ ઉતર્યા. ગામઠી શાળામાં અભ્યાસ કર્યો પણ નાનપણથી જ ઉડતા પંખી ખીલતા ફુલો વિશિષ્ટ વનરાજીને નિહાળવાની તેમની બાળસહજ વૃત્તિ હતી. આંબલા સંસ્થામાં ધોરણ ૮ થી ૧૦ અભ્યાસ એટલે કે ઓલ્ડ એસ.એસ.સી. પૂર્ણ કર્યું. ભણવાની અદમ્ય ઈચ્છા તેથી લોકભારતી સણોસરામાં પી.ટી.સી. અને ત્યારબાદ એમ.એ.બી.એડ. રાજકોટ અને ભાવનગર પૂર્ણ કર્યા.

પુત્રના પારણામાંથી અને વહુના બારણામાંથી તેમ નાનપણથી જ પક્ષી, પ્રાણી અને વનસ્પતિ સાથે તેમનું જોડાણ થયું અને ધીમે ધીમે એ વિશે તેમનું ઊંડું ચિંતન પણ ચાલ્યુ અધ્યાપકો આચાર્ય સાધુ સંતો અને અનેક સાથે મુલાકાત યુવાવસ્થાથી જ લગાવ અને કહોને કે પેલું પશુ પક્ષી પ્રાણી, વનસ્પતિ જીવ-જંતુ સાથેનું અનુકંપિત હૃદય તેમને એ તરફ વધુ પ્રેરિત કરતું ગયું.

શિક્ષણ મેળવ્યા પછી પહેલું કામ રોજીરોટીનું હતું. પરિવારની જવાબદારી માતા-પિતા અને ભાઈભાંડુંની જવાદારીને કારણે તેમને આર્થિક રીતે કઈ રીતે ઉપયોગી થવું તે હતી. એ જ અરસામાં તેમના લગ્ન શ્રીમતી તૃષાબેન સાથે થયા. બે દીકરીઓ દેવાંગી અને કૃપાલીને ઉચ્ચ શિક્ષણ આપ્યું. આ બધી પ્રવૃત્તિઓ સાથે-સાથે પર્યાવરણ અને પ્રકૃતિનું કાર્ય પણ એટલીજ સહજતાથી થયું.

પ્રારંભિક સમયમાં ત્રાપજ બંગલા અધ્યાપન મંદિર જિલ્લો ભાવનગરમાં તેઓ અધ્યાપક તરીકે સક્રિય રીતે કાર્ય શરૂ કર્યું. તેમના જીવનમાં પિતાજીની કર્મઠતા પ્રામાણિકતા નિષ્ઠાની મોટી અસર હતી. હરહંમેશ વિદ્યાર્થીઓને શીખતા શીખવતા કરવાની તેમની અધ્યાપન પદ્ધતિ અન્ય કરતા કંઈક અલગ હતી. આ ઉપરાંત વિદ્યાર્થીઓને પારખી તેમને યોગ્ય કાર્ય તરફ વાળવાની સુઝબુઝને કારણે વિદ્યાર્થીઓમાં પણ એટલા જ પ્રિય થયા. ત્રાપજ બંગલા એ સમયે ભૂતાવળ સમાન હતો. પાણીની અગવડ, નિર્જન જમીન, ખાડાટેકરા હતા એ ભૂભાગ પર કિશોરભાઈ અને તાલીમાર્થીભાઈઓના તથા અધ્યાપકોની જહેમતથી પરિસરની કાયાપલટ થવા લાગી. વૃક્ષ-બગીચાથી અધ્યાપન મંદિરનું ભાવાવરણ વિકસવા લાગ્યું.

એક સમયે ઉદ્યોગ અને કાંતણને શિક્ષણમાં સમવાય શિક્ષણ તરીકે સ્થાન મળેલું વિદ્યાર્થીઓને આ કામ ઘણા અપ્રિય પણ લાગે છતાં કિશોરભાઈ ભટ્ટના પરિશ્રમી જીવનને નિહાળી વિદ્યાર્થીઓ પણ તેમની સાથે હોંશેહોંશે કેમ્પસ નિર્માણના કાર્યમાં સહભાગી બનતા ગયા અને એ જ તો સાચુકલા શિક્ષકનું કાર્ય છે ને કે જે વિદ્યાર્થીઓને પ્રેરિત કરવા ચિંતનશીલ કરતાં પ્રેરે.

આમ જયારે ૧૯૯૧-૯૨માં ત્રાપજ એટલે કે અધ્યાપન મંદિરને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનો દરજ્જો મળ્યો અને ત્યારબાદ આ સ્થળ ભાવનગર ક્રેસંટ મુકામે શરૂ થયું. ત્યારબાદ ૨૦૦૪માં આ સ્થળ સિદસર મુકામે બદલાયું. ત્યા પહેલું કાર્ય વાતાવરણ નિર્માણ કરવાનું હતું. જે તેઓએ ખૂબ જ મહેનત અને નિષ્ઠાપૂર્વક આ શરૂ કર્યું.

કિશોરભાઈનો મૂળભૂત જીવ વૃક્ષો અને પક્ષીઓ તરફનો, એટલે તાલીમાર્થીઓના અને અધ્યાપકોને પણ તેઓએ આ કાર્યમાં સહભાગી બનાવ્યા. ૫૦૦ કરતા પણ વધારે વૃક્ષો વવાવ્યા, ઉછેરાયા. ઉનાળામાં ઘણા વૃક્ષો સુકાય પરંતુ ફરી પાછા ચોમાસામાં વૃક્ષો વવાય. વૃક્ષો કદાચ સુકાય પણ કિશારભાઈ થાકે તે બીજા... નર્સરીમાં જઈને અનેક નવા-નવા રોપ તેઓ લઈ આવે. વડલાની પાકટ ડાળીઓ

લઈ વાવરવે, જેથી ઝાડ ઝડપથી મોટા વૃક્ષો બની શકે વિદ્યાર્થીઓ પાસે ગોડ કરાવે, પાણી પાય, છટણી કરાવવી આ બધામાં તે તો પહેલાં જ હોય. તેઓના આ કાર્યમાં સેવક રઘુભાઈ ખૂબ સહયોગી બન્યા હતા. શનિ-રવિ અને રજાના દિવસોમાં પણ અભ્યાસક્રમ ઉપરાંત આ કાર્ય સહુ માટે પ્રેરણારૂપ બનવા લાગ્યું. આજે તેમના વાવેલા અને ઉછરેલા અનેક વૃક્ષો તાલીમ ભવન ભાવનગરને હરિયાળું બનાવી રહ્યું છે એ તેઓના અને તાલીમાર્થીઓના પરિશ્રમનો પરિપાક છે.

૧૯૯૮માં નવો વિચાર એટલે કે શાળાઓમાં ઔષધબાગ બનાવવો. જેથી બાળકોને વનસ્પતિનો પરિચય થાય અને તેઓ ઔષધિય વનસ્પતિઓનું મહત્વ સમજે. તાલીમ ભવન પાછળની જગ્યાએ ટીંબા જેવી હતી ત્યાં એક આદર્શ પૂરો પાડવા માટે મહા મહેનતે ઔષધબાગ ઊભો કર્યો. શ્રી કિશોરભાઈ ભટ્ટ અને તેમની તાલીમાર્થીઓની ટીમે એક નવો જ આદર્શ પૂરો પાડ્યો. જિલ્લાની જુદીજુદી શાળાઓમાંથી તાલીમમાં આવનાર શિક્ષકો માટે પ્રેરણાનો વિષય બન્યું. આ ઔષધ બાગનું ઉદઘાટન તત્કાલિન શિક્ષણ મંત્રી દ્વારા થયું હતું. આ બેગના અરડૂસી, તુલસી, રગતરોહીડો, લીંબડો, રતન ગુંજા, દંતક્રાંતિ, શતાવરી, જાસુદ, આસોપાલવ વગેરે અનેક ઔષધીય વૃક્ષો અનેક માટે ઉપયોગી બન્યા છે. એમાંના અમુક વૃક્ષની જાતિ વિક્ટોરિયા પાર્કમાં પણ જોવા મળતી નથી તે અહીં છે. આજે જ્યારે પણ તેઓ તાલીમ ભવનમાં આવે છે ત્યારે આ ઔષધબાગની તેઓ અચૂક મુલાકાત લે છે. ચિંતા કરે છે તેની સમૃદ્ધિ માટે માર્ગદર્શન અને પોતાના વિચારો પૂરા પાડે છે. વૃક્ષો પણ તેમને જોઈ કેટલા આનંદિત થતા હશે એ કલ્પનાતીત છે. કદાચ વૃક્ષો, દાદા બની ગયેલા કિશોરભાઈને જોઈ વધામણા કરતા ગીતો ગાતા હશે, જેમાં શંકાને સ્થાન નથી.

નિવૃત્તિમાં પ્રવૃત્તિ-

આમ તો શ્રી કિશોરભાઈ સેવા નિવૃત્ત થયા ન હતા ત્યારથી જ અનેક શૈક્ષણિક સંસ્થાઓ પર્યાવરણ સંલગ્ન સંસ્થાઓ પર્યાવરણવિદો સાથે તેમનો પરિચય હતો. ભાવનગર જિલ્લાના પર્યાવરણવિદ જ ન હતા ગુજરાતમાં હવે તેમની સેવા વૃતિનો પરિચય થવા લાગ્યો અને હવે તેઓને ભાવનગરના સમાજ શ્રેષ્ઠીઓ પણ તેમના આ કાર્યોથી પરિચિત થયા હતો. એકસલ કંપનીના માલિક શ્રી નિશીથભાઈ અને સમાજસેવી દિલીપભાઈ પણ જ્યારે કિશોરભાઈ એમ કહે કે પર્યાવરણ વિશે આ-આ કાર્ય કરવું છે ત્યારે તેમની આર્થિક સહાય મળી રહેતી હતી એમાં પણ કિશોરભાઈ પોતાના ગજવામાંથી પાંચસો-હજાર ઉમેરી પર્યાવરણના કામે લગાડે.

ચબુતરા વિતરણ-

સરકારશ્રીના અક્ષયપાત્ર યોજના પ્રાથમિક શાળામાં શરૂ થઈ એ પહેલાં તો તેઓએ ભાવનગરની સરકારી પ્રાથમિક શાળાઓમાં પક્ષીઓ માટે ચબુતરા દાતાશ્રીઓના માધ્યમ દ્વારા પહોચતા કર્યા હતા. કોઈપણ શિક્ષક કે પછી આચાર્ય આ અંગે ફોન કરે કે અમારી શાળામાં ચબૂતરો જોઈએ છે ત્યારે, કિશોરભાઈ એક ફોન કરે અને ચબૂતરો શાળામાં ૧૫ દિવસમાં પહોંચી જાય વૃક્ષો -વનસ્પતિ પશું-પક્ષીઓ માટે તેમને કોઈ પાસે હાથ લાંબો કરવામાં જરા પણ શરમ ન હતી કારણકે, તેમનું કાર્ય પ્રકૃતિના સંવર્ધન અને જતન માટેનું હતું. આ કાર્ય તેઓ બાળકોમાં નવા સંસ્કાર પૂરે એ માટે કરતા હતા. જીવો અને જીવવા દો, તેમજ તમામ જીવો પ્રત્યે દયા, અનુકંપા વગેરે સંસ્કાર પણ આમાંથી જ તે શીખે છે. આજે પણ સેવા નિવૃત્ત થયા છતાં તેમની આ પ્રવૃત્તિએ વિરામ લીધો નથી. આ કાર્ય માટે ન તો તેઓ સરકાર પાસેથી નાણાં મેળવે છે કે ન તો તેમના હવે પછીના કાર્યક્ષેત્રમાં આવે છે, છતાં તેમના આ કાર્યથી તેમને આનંદ ચોક્કસ મળે છે. હા આપણે શિક્ષણના ઉચ્ચ પદ બિરાજમાન અધિકારીઓ આવા પર્યાવરણ પ્રેમી શિક્ષકો કે જે સેવાનિવૃત્ત હોવા છતાં પણ કાર્યરત છે તેને શોધવા માટે પ્રયત્ન કરતા નથી, તેમને સન્માનિત કરતા નથી. બિરદાવતા નથી જે અંગે વિચારવું જ રહ્યું. અને હા, આ બધા કાર્યો તેઓ કોઈ પ્રતિષ્ઠા માટે કે લોભ લાલચ એ માટે નહી પરંતુ બાળકોમાં તે સંસ્કાર સિંચન થાય અને પ્રકૃતિ ઋણ અદા થાય એ હેતુ એ કરે છે. તેથી તેઓનો ભાવનગર જિલ્લાની ખ્યાતનામ સંસ્થા સાથેનો નાતો છે. અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત, કચ્છ વગેરેના પર્યાવરણવિદો

તેમજ જિલ્લાની તમામ બુનિયાદી સંસ્થાઓ અને સમાજસેવી સંસ્થાઓ સાથે તેઓ આજે પણ જીવંત સંપર્કમાં છે.

ઉનાળાની સીઝનમાં પક્ષીઓ માટે પક્ષીઘર અને પક્ષીપરબ માટે ચિંતા કરતા કિશોરભાઈ ભટ્ટ તાલીમાર્થીઓ અને રસ ધરાવતા અધ્યાપકોને સાથે જોડે, વિક્ટોરીયા પાર્કના દરવાજે તથા પાણીની ટાંકી ભાવનગર કાળઝાળ ગરમી વચ્ચે ઉભા રહે અને વિનામૂલ્યે પક્ષીઘર અને પક્ષીપરબનું વિતરણ કરે. તેમની આ સેવાની નોંધ ટાઈમ્સ ઓફ ઈન્ડિયા તેમજ ગુજરાત સમાચાર, સૌરાષ્ટ્ર સમાચાર, ચિત્રલેખા, એગ્રોવલ્ડ, વગેરે એ લીધી છે.

સરગવો એક ઔષધ વૃક્ષ-

સરગવો એક એવું વૃક્ષ છે જેના પ્રત્યે આજ સુધી બહુ જાજુ લખાયું કે વંચાયું ન હતું તેના પ્રત્યે સહુનું ધ્યાન આકૃષ્ઠ કર્યું. તેના તમામ અંગો, પ્રકંડોનો જેમકે મૂળ, છાલ, ફળ, ફૂલ, બીજ, દરેકનું ઔષધીય એટલું મૂલ્ય રહેલું છે. તેને શિક્ષિત અને સમાજના બહોળા સમાજ વર્ગ સુધી પહોંચતું કર્યું. અને તે વિષે ૨૫૦૦૦ પુસ્તિકા શાળા-કોલેજમાં પહોંચતી કરી, આ ઉપરાંર જ્યારે પણ વ્યાખ્યાન આપવા જાય ત્યાં વિદ્યાર્થીઓએ માટે આ પુસ્તિકા લેતા જાય અને આપે.

ગૌશાળા-

નિવૃત્તિ પછીનુ તેમનું જીવનનું વિશેષ કર્યું પક્ષી, વનસ્પતિ અને ગાયો તરફી રહ્યું. ગાયો માત્ર દૂધ માટે જ નથી તેના દૂધ, દહીં, છાસ, છાણ અને ગૌમૂત્રનું મૂલ્ય પણ એટલું છે. તે અનેક પુસ્તકો સાધુ-સંતોની મુલાકાત પછી પેપ્લેટ સ્વરૂપે પ્રકાસિત કર્યું છે. આ પુસ્તિકાના પ્રકાશન માટે દાતાઓનો સહાયરૂ બને છે.

વિદ્યાર્થી સેમિનાર-

આજે સેવા નિવૃત્ત થયા છતાં તેમનો માહ્યલો શિક્ષકનો છે. જેનો લાભ આજે પણ અનેક નાની-મોટી શાળાઓ-કોલેજો અને સ્વૈચ્છિક સંસ્થાઓને મળે છે. વિદ્યાર્થીઓ પર્યાવરણ વિશે જાગૃત થાય પશું-પક્ષી પ્રાણીઓની ચિંતા કરે એ માટે પોતાના ખર્ચે અલગ-અલગ સંસ્થાઓમાં જાય છે અને પોતાના અનુભવજન્ય જ્ઞાનની પરબમાંથી વિદ્યાર્થીઓને જ્ઞાનની પ્યાસ તૃપ્ત કરે છે.

અમારા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન સરકારી બી.એડ. કોલેજના તાલીમાર્થીઓને ગત વર્ષે વિક્ટોરિયા પાર્કની શૈક્ષણિક મુલાકાત દરમિયાન તેઓશ્રીએ પર્યાવરણના તજજ્ઞ તરીકેની મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરી હતી આ વિશે તેમનું રસપ્રદ વ્યાખ્યાન સૌ માટે નવીનતમ હતું.

એન.સી.સી.કેમ્પ જયારે પણ ભાવનગર ખાતે હોય ત્યારે આ વિશિષ્ટ જ્ઞાનનો લાભ અચૂક તેઓ આપે. તેમના માટે ઘાસનું પ્રત્યેક તણખલું અને પર્ણ બહુમૂલ્ય ઔષધિ છે તેમનું વ્યાખ્યાન સાંભળવું એક લહાવો છે.

ખેડૂત સેમિનાર-

નિવૃત્ત થયા બાદ તેમનું કાર્યક્ષેત્ર વિશાળ બન્યું છે તેમનું જ્ઞાન હવે વર્ગખંડ પૂરતું સિમીત ન રહેતાં સમાજ અને મહિલાઓ, ખેડૂતવર્ગ માટે બહુમૂલ્ય સિદ્ધ થયું છે. જ્યાં જ્યાં સભાઓ અને સંગોષ્ઠિઓ થાય છે ત્યાં જઈ પોતાના અનુભવ અને જ્ઞાનનો લાભ તેઓ આપે છે. થોડા દિવસ પહેલાં જ તેઓનું લાખેણી વાડ વિષય પરનું વ્યાખ્યાન સાંભળી સૌ કોઈ મંત્રમુગ્ધ થયાં હતા. હવે સ્વયં ખેડૂત સભાનું આયોજન કરે છે તેઓ ઓર્ગેનિક ખેતી અને મોરિંગા વિશે વાત કરે છે. ખેતીવાડીમાં ગૌમુત્ર કઈ રીતે ઉપયોગ કરવો તેની રસપ્રદ માહિતી સાંભળવા દૂર-દૂરથી ખેડૂતો આવે છે.

બીજ એકત્રીકરણ-

જુદી જુદી વનસ્પતિઓ અને ઔષધીય વૃક્ષોના બીજ એકત્રિત કરવાનું કામ ભટ્ટદાદાનું પ્રિય અને કહોને મૂળ કામ લાગે. સિઝનમાં કોના બીજ, ફળ, ફૂલ થાય તેનુ પુરેપુરુ જ્ઞાન તેઓ ધરાવે. એટલું જ નહીં ભાવનગર શહેર અને શહેરની આજુબાજુના વિસ્તારમાં કઈ વનસ્પતિ છે તેના ફળ, ફૂલ, બીજ કોની વાડીએ અને બગીચામાં છે તેની માહિતી સુધ્ધા તેમની પાસે તેમના ફિલ્ડવર્કથી તેમને મળે છે. કોની વાડીએ વિશેષ વનસ્પતિ છે, વેલાઓ છે એની ભાળ-મળતા પોતાના વાહન પર નીકળી પડે. નિવૃત્તિ બાદ તેમની આ પ્રવૃત્તિઓને વેગ પકડ્યો છે. ૬૪-૬૫ વર્ષની ઉમરે પણ આજે જ્યારે સમાચાર મળે અશોક વૃક્ષ ,

બીલી, મહુડો, ચણોઠી, મામેજવો, રતાંગુંજા, કમલકેતકી, બીજોરુ, શતાવરી, રૂખડો, તુલસી અરડુસી દેશીબાવળ, આવળ, શીમળો વગેરેના બીજ, ગાંઠ, કે કંદ અહીંથી મળે છે તો ત્યાં તેઓ તરત પહોંચી જાય.

જયારે પણ કોઈ શાળામાં જાય ત્યારે આ ઔષધ અને વૃક્ષોના બીજ રસ ધરાવતા શિક્ષકો વિદ્યાર્થીઓને આપે અને તેના ઉછેર માટેની તેની વિધિ સમજાવે, માર્ગદર્શન આપે. પર્યાવરણ જતન અને સંવર્ધનનું તેમનું આ કાર્ય કોઈપણ માટે પ્રેરણા અને માર્ગદર્શન રૂપ બને છે. આજે તેઓ ફેસબુકમાં ખૂબ પ્રસિદ્ધ થયા છે. દૂરદૂરના રાજયમાંથી તેમની પાસે દુર્લભ વનસ્પતિઓના બીજ માગે છે. ત્યારે તેઓને પોતાના ખર્ચે કુરિયર કરે છે. મે એક વખત પૂછેલું કે આમા આટલા બધો ખર્ચ કરો છો, ટોકન ચાર્જ તો રાખતા હોય તો, ત્યારે હસતાં મોએ કહે જે રીતે આપણે પિતૃઋણ અદા કરવું પડે છે એમ હુ પર્યાવરણ ઋણ અદા કરું છું. પ્રત્યેક વ્યક્તિ એ આ ઋણ અદા કરવું જ રહ્યું. આજે હિમાલય પ્રદેશ, હરિયાણા, રાજસ્થાન, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશના અનેક પ્રકૃતિવિદ સાથે તેમનો આજે વાનસ્પતિક નાતો છે. તેમના ફેસબુક પર રોજ તેઓ બેથી ત્રણ વનસ્પતિનો પરિચય આપી જાણે પર્યાવરણિક વાતાવરણ ઊભું કર્યું છે. તેમની સાથે કાર્ય કર્યાનો આજે આનંદ થાય છે. તેમની પર્યાવરણના જતન અને સંવર્ધનની આ પ્રવૃતિ માટે સો સો સલામ.

જળસંચય અભિયાન-

આજે તેમનું નૂતન કાર્ય એટલે વોટર હાર્વેસ્ટિંગ, એટલે કે વરસાદી વહી જતાં પાણીને એકઠું કરી જમીનમાં ઉતારવું એ છે. ખુલ્લી જગા, વનવિભાગ, શાળા પરિસર, ગ્રામ્ય ગૌચર વગેરેમાં લોકો, ખેડૂતો, પ્રકૃતિ ચાહકોને સાથે રાખી જમીનમાં ૧#૧ના ખાડા કરાવી, વહી જતા વરસાદી જળને સંચય માટે સુંદર આયોજન ઘડી રાખ્યું છે. આ ઉપરાંત જે તે શાળામાં પોતાની અગાસીનું પાણી સ્ટોરેજ કરવું હોય અથવા જમીનમાં ઉતારવું હોય તો તે માટે સર્વે કરે છે અને જરૂરિયાત મુજબ વોટર હોર્વેસ્ટિંગ માટે દાતાઓ પાસેથી અનુદાન લઈ તેનો સીધો લાભ શાળાને મળે તેવું તેમનું અયોજન છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓને પણ જળ એ જીવન છે, એ સંસ્કાર સિંચન થાય તે માટે તેમના પ્રેરણા અને માર્ગદર્શન પણ આપે છે.

સામાજિક સહયોગીતા-

તેમનું કાર્યક્ષેત્ર માત્ર પશુ-પક્ષી, પ્રાણી, વનસ્પતિ,જીવજંતુ પૂરતું જ સીમિત ન રહેતાં તેમનું અનુકંપી હૃદય ગામડાગામના નાનાં ખેડૂતો માટે ગૃહઉદ્યોગ અને ખેતમજૂરો માટે પણ એટલું જ સહાયરૂપ બને છે. ભટ્ટ સાહેબ તેઓ માટે સોલાર ફાનસ દાતાશ્રીઓ પાસેથી મેળવી આપે છે. તેમના બાળકો શિક્ષણ માટે વ્યવસ્થા પણ કરી આપે છે. તેમના પશુપાલન અને ખેતીના સાધનોની સહાય કઈ રીતે મળે તેનું માર્ગદર્શન પણ તેઓ આપે છે.

અનોખું સંગ્રહાલય-

કોઈને વાસણો, ભરતગૂંથણ, ટપાલ ટિકિટ, જૂનું રાચરચીલું જૂના સિક્કાને સંગ્રહ કરવાનો શોખ હોય છે. પરંતુ ભારતીય સંસ્કૃતિની ધરોહર સમાન અપ્રાપ્ય અને દુર્લભ પુસ્તકોનો જો સંગ્રહ જોવો હોય તો તમારે ભટ્ટ દાદાનો સંપર્ક કરવો પડે. જે પુસ્તકો રદ્દીમાં ફેકી દીધા હોય ઊધઈ કોરી ખાતી હોય વર્ષોથી ગ્રામ પંચાયત અને શાળાઓના કબાટમાં ભંડારીને રાખી હોય તે ભલે જર્જરિત બની હોય પરંતુ તેનું સાહિત્યિક મૂલ્ય અમૂલ્ય હોય તેને શોધી, સ્કેન કરવી, કે ઝેરોક્ષ કરીને સંચાવવાની સુજબૂજ કિશોરભાઈ ભટ્ટ પાસેથી શીખવા જેવી ખરી. પસ્તીવાળાને કહી રાખે આવું સાહિત્ય કે પુસ્તકો તમારી પાસે મળે તો રાખવા, મને ફોન કરવો હું તમારી પાસેથી લઈ જઈશ. ભાળ મળે રાજકોટ, અમદાવાદ, સુરત, કે ફલાણ જગ્યાએ પુસ્તક રસિક પાસે આ સાહિત્ય છે તો ત્યાં પહોચે અને જેરોક્ષ કરાવે. ગુજરી બજારમાં ભાળ મળતા ત્યાં પહોંચે. એન્ટિક ગણાતા આ પુસ્તકો કોઈ ખજાનાથી કમ મૂલવી ન શકાય. રસ ધરાવતા શિક્ષકોને તેઓ વાંચવા આપે, જેરોક્ષ માટે આપે. સાહિત્યનું આવું બેનમૂન કામ કોઈ પણ માટે પ્રેરણાનો વિષય બને છે.

આ કાર્ય તેઓ ૧૯૮૦થી કરતાં આવે છે. આજે તેઓની પાસે ૨૦૦ થી ૨૫૦ પુસ્તકોનો સંચય છે. જે સાહિત્યની ખૂબ મોટી સેવા ગણી શકાય. આ ઉપરાંત ટપાલ ટિકિટ, જૂના સિક્કાઓ, પોસ્ટકાર્ડ અને જૂદા જૂદા વનસ્પતિ

બીજનું અદભૂત કલેકશન નિહાળવું હોય તો તેઓની મુલાકાત અચૂક કરશો. આવો દુર્લભ સાંસ્કૃતિક વારસો જાળવનાર ભટ્ટ દાદાનું માનવું છે કે જો આ દુર્લભ ગણાતું સાહિત્ય, વસ્તુઓ આમ જ રફફે દફફે થઈ જશે, ધૂળમાં મળી જશે તો આવનારી પેઢી આ જ્ઞાનથી વંચિત રહી જશે.

સેવાનિવૃત્તિ હોવા છતાં પ્રકૃતિ, પર્યાવરણ- જીવ-જંતુઓ વનસ્પતિઓના જતન અને સંવર્ધનનું આવડું મોટુ કાર્ય કરનારને ઓળખવામાં સમજવામાં, તેને સમાજ અને સરકાર તેમજ શિક્ષિત વર્ગ સામે લાવવામાં આપણે ગોથું ખાઈ ગયા હોઈએ કે મોડા પડ્યા હોઈએ તેનો અહેસાસ થાય છે. શું તેમનું આ કાર્ય શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ વિજેતાને પણ આંટી મારે એવું નથી... આપણે સારસ્વતોએ કોઈ ખૂણે ખાંચરે પોતાની પૂર્ણ નિષ્ઠા અને ભક્તિથી આવા અનેક સેવાનિવૃત્ત શિક્ષકો કાર્ય કરી રહ્યા છે તેઓને શોધીએ, જાહેરમાં સન્માનીત કરીએ તો, તેઓને પણ થશે કે અમારા નિસ્વાર્થ કાર્યની કોઈએ નોંધ લીધી છે. આમ કરવાથી તેમને આનંદ થશે અને તેઓ વધુ ઉમળકા સાથે કાર્ય કરવા પ્રેરિત બનશે અને આખરે તો સૃષ્ટિનું જ ભલું થશે ને. આવો, આપણે તેમની આ સેવા નિવૃત્તિ પ્રવૃત્તિને સમજીએ, સહકાર આપીએ. તેઓની વાત સમાજ સામે ધરીએ, એ પણ એક પ્રકારનું સેવાકીય કાર્ય જ છે ને. શ્રી કિશોરભાઈ ભટ્ટનું આ કાર્ય વધારેને વધારે સહુ માટે પ્રરિત કરતું રહે, તેમનું આરોગ્ય નીરોગી રહે અને તેઓ પર્યાવરણના જતન સંવર્ધન માટે સતત પ્રયત્નશીલ રહે એ જ શુભ ભાવ સહ શ્રી કિશોરભાઈ ભટ્ટને શત શત વંદન....

// પ્રકૃતિ દેવો ભવ//

●---------●●●--------●●●---------●

સિનિયર લેકચરર, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ભાવનગર

---

## પથ્થરમાંથી પારસમણિ

- પરેશ રાઠોડ

તારા એક નિજદર્શનથી કરજે બીજાનાં સન્માન
સમર્પણ માટે રાખને સદા વફાદારી અને બલિદાન
નાનામાં નાનાં કર્તવ્યને સ્વયંથી મોટું કરજે.
તારી દીર્ઘ દષ્ટિથી રાહ ચીંધીને, સંસ્કાર રાખજે.
એકાગ્રતાથી દયા દાન કરજે, આદર્શોને પાળજે.
પરિવર્તન માટે પોતિકાનો ભાવ રાખજે.
અનુશાસન અને ઉત્સાહથી સહકાર આપજે.
ખેલદિલીથી જોડવાનું કામ આનંદથી કરજે.
મદદ કરજે, પ્રેમ પાથરજે, પણ કરુણા ના ભૂલજે.
વાત્સલ્ય આપજે ત્યાગની ભાવના ના છોડજે.

●---------●●●--------●●●---------●

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, લોકભારતી

## (૧૩) ગાંધીજીની નઈતાલીમ શિક્ષણ પદ્ધતિ

- તત્ત્વચિંતક પટેલ

ગાંધીજી એક મોટા પ્રયોગવીર હતા. તેઓ પોતાના જીવનમાં અનેક પ્રયોગો કરીને તેઓ અમુક નિષ્કર્ષ પર આવ્યા હતા. જેમાં સત્યાગ્રહ, સર્વોદય, નઈતાલીમ વિશેષ છે. તેઓના પ્રયોગોની એક મોટી વિશેષતા એ હતી કે પ્રથમ પ્રયોગ પોતાની જાત પર કરતા અને તેમાં સફળતા મળતી તો જ તે પ્રયોગ સાર્વજનિક કરતા હતા. તેમની એકપણ વાત, તેમનો એકપણ વિચાર અજાગૃતિપૂર્વક થયેલો નથી. આમ તેઓ સર્વજ્ઞ અને સંપૂર્ણ જાગૃત પુરુષ હતા, જ્ઞાનમાં સ્થિર થયેલા મહાપુરુષ હતા.

પ્રત્યેક વ્યક્તિ, સમાજ, સંપ્રદાય, પંથ અને ધર્મનું પોત-પોતાનું એક સ્પષ્ટ દર્શન હોય છે, આ દર્શનનો અર્થ છે જીવનની જુદીજુદી સમસ્યાઓના ઉકેલનો તેમાં નિર્દેશ. અને એ અનુસાર જીવન ગોઠવવાની સૂચનાઓ દરેક દર્શન પોતપોતાના સમાજને આપી, અનુયાયીઓને એ રીતે ઢાળવા મથે છે. એ જ એમના શિક્ષણનું દર્શન હોય છે. તેઓ વિશાળ દૃષ્ટિથી વિચારી શકતા નથી. પોતાના દર્શનની બહાર નીકળી શકતા નથી. તે તેમની મહામુશ્કેલી છે. બીજાના વિચારને તેઓ સ્વીકાર કરવા જ તૈયાર હોતા નથી અને બીજાનું પણ સત્ય હોય શકે તેવું તેઓ સ્વીકારતા નથી. મારું જ સત્ય બીજા બધાનું સત્ય જ નહીં, એ વિચાર જ ખતરનાક પરિણામ લાવે છે.

શિક્ષણનો વિષય એ સંપૂર્ણ માનવજીવન સાથે સંકળાયેલો છે. શિક્ષણ એ માણસનું ઘડતર કરી માનવ બનાવવાની પ્રક્રિયા છે. આ રીતે શિક્ષણ એક સામાજિક પ્રક્રિયા છે અને એનો સંબંધ માણસના સંપૂર્ણ જીવન સાથે છે. માણસના જીવનને સંતુલિત બનાવવા માટે શિક્ષણ અને દર્શન બન્નેની આવશ્યકતા છે. સમાજ અને વ્યક્તિની ઉન્નતિ અને ઉર્ધ્વીકરણ ત્યારે જ થાય છે, જ્યારે જીવનદર્શનના સિદ્ધાંતો વ્યવહારમાં ઊતરે. પરંતુ સમસ્યા ત્યારે ઊભી થાય છે કે જ્યારે ઘડતરના સિદ્ધાંતો વ્યવહારમાં કઈ રીતે ઉતારવા ? આ રીતે વિચારીએ તો માણસને માનવ બનાવવાનું ભગીરથ કામ શિક્ષણનું છે. આ હેતુને સિદ્ધ કરવા માટે ગાંધીજીએ સમાજનો સંતુલિત વિકાસ થાય અને માણસમાંથી માનવ બની શકે તે માટે આપણી સમક્ષ એક નવી જ શિક્ષણપ્રથા પેશ કરી છે, જે નઈતાલીમથી જાણીતી છે; જેને બુનિયાદી શિક્ષણપ્રથા પણ કહેવામાં આવે છે. આ આખી પ્રથા તેમણે પ્રયોગો કર્યા પછી તેમાં સફળતા મળ્યા પછી અમલમાં મૂકવાની ઘોષણા કરી અને નઈ તાલીમના સુફળ પ્રાપ્ત થયાં છે. બુનિયાદી તાલીમે અનેક માણસોને માનવ બનાવ્યા છે અને સમાજમાં રમતા મૂક્યા છે.

ગાંધીજીનું સમગ્ર જીવન એક નવાયુગનું નવું જ દર્શન છે. ગાંધીજી કોઈ હાડમાંસના પુતળાનું નામ નથી, પરંતુ એક મહાન ચિંતન, એક દૃષ્ટિ અને દર્શનનું નામ છે. જગતમાં આવો ચિંતક પાક્યો નથી અને પાકશે કે કેમ તે પણ મોટી શંકા છે. આ જગતમાં કૃષ્ણની તોલે ઊભા રહી શકે તેવા કોઈ ચિંતક હોય તો તે છે ગાંધી ! કૃષ્ણએ પોતે ઉપદેશ જરૂર આપ્યો છે, જેના તોલે કોઈ આવી શકે તેમ નથી, એ સાચું પણ તેમણે પોતાના જીવનમાં ક્યાંય તેમણે દર્શાવેલા સિદ્ધાંતોનો પ્રયોગ કર્યો હોય તેવો ઉલ્લેખ જોવા મળતો નથી. ગાંધીજીએ પોતાના જીવનમાં, પોતાના દર્શનના પ્રયોગો કરી તેમાં સફળતા મળ્યા પછી જ દર્શન રજૂ કરેલ છે, આથી તેમનું મહત્ત્વ વિશેષ છે, આગવું છે. જેની દુરોગામી અસરો પડવાની જ છે; તેમાં કોઈ શંકા જ નથી. દુનિયા ભલે અહિંસામાં ન માને પણ દુનિયાએ અહિંસાદિવસ જાહેર કરવો પડ્યો છે. તે જ તેમના વિચારનો તેમના દર્શનનો વિજય છે. તેમાં કોઈનાથી ના પાડી શકાય તેમ નથી. આ ઓછું મહત્ત્વનું નથી.

ગાંધીજીના જીવનને જેમજેમ સમજતા જઈએ છીએ તેમતેમ લાગે છે કે આ મહાપુરુષે કદી પણ પાછું વાળીને જોયું જ નથી, તે તેમના જીવનની મોટી વિશેષતા છે. તેઓ એક કુશળ રાજનીતિજ્ઞ, મહાન સમાજસુધારક અને મોટા આચારશાસ્ત્રી હતા. એમનું સંપૂર્ણ જીવન એના ચિંતનનું

અને એમના દર્શનનું મૂર્તરૂપ હતું. જો કે ગાંધીજીએ કોઈ નવો તત્ત્વજ્ઞાનનો સિદ્ધાંત પ્રસ્થાપિત કર્યો નથી કે આધ્યાત્મિક સિદ્ધિ માટે નવો માર્ગ પ્રસ્થાપિત કર્યો નથી. જેમ કે બુદ્ધે મધ્યમમાર્ગની ઘોષણા કરી હતી, મહાવીરે આત્મા એ જ પરમાત્માની ઘોષણા કરી હતી, કૃષ્ણ ભગવાને નિષ્કામ કર્મયોગ, સ્થિતપ્રજ્ઞ, સમત્વયોગની ઘોષણા કરી હતી. મહર્ષિ અરવિંદે પૂર્ણયોગની ઘોષણા કરી હતી. આ રીતે કોઈ યથાર્થવાદ કે વિજ્ઞાનવાદ ગાંધીજીએ પ્રસ્તુત કર્યો નથી પણ તેમણે આ બધા જ દર્શનો, સિદ્ધાંતો અને તેમાં રહેલા તત્ત્વને જીવનમાં વ્યાવહારિક રીતે અમલમાં કેમ લાવી શકાય તે માટેની જીવન દૃષ્ટિ પ્રદાન કરેલ છે. એટલું જ નહીં પણ તે બધાને પોતાના જીવનમાં આચરી બતાવેલ છે, એ જ તેનું મહત્ત્વ છે. દાખલા તરીકે સાધુઓ કહેતા ફરે છે કે બ્રહ્મચર્યનું પાલન કરવું જોઈએ પણ સો ટકા કોઈ પાળી બતાવતા નથી એ હકીકત છે. જ્યારે ગાંધીજીએ સો ટકા બ્રહ્મચર્ય પાળી બતાવ્યું છે. મન, વચન અને કર્મથી પાળી બતાવ્યું એ જ તેનું મહત્ત્વ છે. એ જ રીતે સત્યને પાળી બતાવ્યું છે અને ઘોષણા કરી કે સત્ય એ જ પરમાત્મા છે. પરમાત્માને પ્રાપ્ત કરવા હોય તો સત્યનું પાલન જીવનનાં તમામ ક્ષેત્રમાં કરો, પરમાત્મા જરૂર પ્રાપ્ત થશે. આમ ગાંધીજી મહાન પ્રયોગવીર હતા. તેમણે જીવન જીવવાનો સ્પષ્ટ માર્ગ પ્રસ્થાપિત કરી દીધો છે. આ માર્ગ પર ચાલવાથી શાંતિ અને સુખ પ્રાપ્ત થશે તેમ ઘોષણા કરતા ગયા અને એ માર્ગનું નામ છે સત્ય !

ગાંધીજી દ્વારા ભારતના સામાજિક ઇતિહાસમાં આપેલું મહાન પ્રદાન કદી પણ ભૂલાશે નહીં. ભારતીય જીવનદર્શનમાં કોઈપણ એવું ક્ષેત્ર નથી કે જેમાં ગાંધીજીનું ચિંતન પ્રસ્તુત થયેલું ન હોય. કોઈને કોઈ રીતે ગાંધીજીએ પોતાના સ્વતંત્ર ચિંતનથી પોતાનું દર્શન પ્રસ્તુત કરેલ જોવા મળે જ છે. એ પછી ધર્મ હોય કે રાજકારણ; સામાજિક ક્ષેત્ર હોય કે વિજ્ઞાન. માનવીય જીવનને લગતી કોઈપણ બાબત હોય તેમાં તેમનું ચિંતન જોવા મળે છે, પોતાનો આગવો મત પ્રસ્થાપિત થયેલો જોવા મળે જ છે. આવું જ એક આગવું ચિંતન શિક્ષણક્ષેત્રનું છે, જેનું નામ છે બુનિયાદી શિક્ષણ !

**નઈતાલીમ અથવા બુનિયાદી શિક્ષાઃ-**

ગાંધીજીએ જે શિક્ષણ વ્યવસ્થા પ્રસ્તુત કરી છે તે 'બુનિયાદી કેળવણી'થી જાણીતી છે. જેને 'નઈતાલીમ' પણ કહેવામાં આવે છે. જો સામાજિક જીવનમાં અને રાજનીતિમાં વ્યવસ્થિત ઉત્થાન કરવું હશે તો યુવાનોને તૈયાર કરવા પડશે. એ માટે ગાંધીજી શિક્ષણમાં પરિવર્તન ઇચ્છતા હતા. તેથી જ તેમણે નવી શિક્ષણપ્રણાલીની ઘોષણા કરી. તેઓ માનતા હતા કે જે રીતે મકાન બાંધકામ કરવામાં પાયો મજબૂત કરવો પડે છે એ જ રીતે રાષ્ટ્રનું નવનિર્માણ કરવામાં યુવાનોની ફોજ તૈયાર કરવી જ પડશે. એ માટે રાષ્ટ્રને અનુરૂપ શિક્ષણપ્રથાની ઘોષણા કરી છે, જેથી શિક્ષણનું સ્તર ઊંચું આવે. તેમણે કહ્યું કે સાચું શિક્ષણ એ છે જે બાળકની આત્મિક, બૌદ્ધિક અને શારીરિક ક્ષમતાને બહાર લાવે. અને તેનામાં પડેલી સુષુપ્ત શક્તિઓને બહાર લાવવાનું કામ શિક્ષણે કરવું જોઈએ.

શિક્ષણ અને જીવન એક બીજાં સાથે જોડાયેલાં જ છે અને બંનેમાં ઘનિષ્ઠ સંબંધ છે. તેને જુદાં પાડી શકાય જ નહીં. તેથી જ ગાંધીજીએ કહ્યું કે શિક્ષણપદ્ધતિ એવી હોવી જોઈએ કે એ માણસના જીવન વ્યવહારમાં નિરંતર કામ આવે. અને જીવનના રોજબરોજના પ્રશ્નો ઉકેલવામાં મદદરૂપ પુરવાર થાય. જે શિક્ષણ જીવનમાં કામ જ ન આવે તે વ્યર્થ શિક્ષણ છે એમ તેમણે કહ્યું. આવી શિક્ષણપ્રથાનો કોઈ ઉપયોગ જ નથી. ગાંધીજીએ વર્તમાન શિક્ષણપ્રથા વિશે કહ્યું કે આજની શિક્ષણપ્રથા સંકીર્ણ છે અને જીવનની વાસ્તવિકતાથી હજારો માઇલ દૂર છે. એ તો માત્ર કારકુનો જ પેદા કરવાનાં કારખાનાં જ છે, તેમાં જીવનનાં મૂલ્યોની પ્રતીતિ જ નહીં હોય, તેથી રાષ્ટ્રને ભારે નુકસાન થશે.

ગાંધીજીએ સ્પષ્ટ કહ્યું કે માણસને એવું શિક્ષણ આપવું જોઈએ કે જે તેમની ભૌતિક અને આધ્યાત્મિક જરૂરિયાતોની પૂર્તિ કરવામાં સમર્થ બને. એ કારણથી જ ગાંધીજીએ શિક્ષણમાં શ્રમને જોડ્યો હતો. શ્રમ દ્વારા શિક્ષણ આપવાની ભલામણ કરી હતી. તેઓએ કહ્યું કે શ્રમ સાથે શિક્ષણ જોડવાથી વિદ્યાર્થી કૌશલ્યવાન બનશે, બુદ્ધિથી સતેજ બનશે. વિદ્યાર્થીમાં જાગૃતિ અને આત્મ વિશ્વાસનો વધારો થશે. આજે સમાજમાં શ્રમ પ્રત્યે ભારોભાર સૂગ છે, એ નાબૂદ થશે. શ્રમ પ્રત્યે રુચિ કેળવાશે જેથી તે પોતાના

જીવનના પ્રશ્નો સહેલાઈથી ઉકેલી શકશે. એ જીવનમાં સ્વસ્થતાપૂર્વક જીવી શકશે અને પોતાનો ધંધો કરી પોતાનું ગુજરાન સારી રીતે કરી શકાશે. આવા વિદ્યાર્થીએ નોકરીદાતાની સામે મોઢું રાખીને બેસી રહેવું નહીં પડે. અને પોતાના જીવનનો સારામાં સારો ઉપયોગ કરશે અને જીવનના સિદ્ધાંતોનું પાલન પણ કરનાર બનશે કારણ કે શિક્ષણ દરમિયાન સમૂહમાં રહેશે જેથી સમાજમાં કેમ રહેવું તેની તેને કેળવણી મળશે. આ રીતે નઈતાલીમમાં માણસને સ્વાવલંબી બનાવવા ભાર મૂક્યો છે.

**નઈતાલીમનો ઉદ્દેશ...**

નઈતાલીમનો ઉદ્દેશ બતાવતા ગાંધીજીએ કહ્યું છે કે આ તાલીમનો મૂળભૂત ઉદ્દેશ એ છે કે બાળકને સારા સંસ્કાર દઈને સારો નાગરિક બનાવવો. આ ઉદ્દેશને ધ્યાને રાખીને આખી કેળવણીની પ્રક્રિયા ગોઠવાયેલી છે. પરંતુ નઈતાલીમનો સિદ્ધાંત અને તેની શિક્ષણની વ્યવસ્થા જોતાં બાળકો માટે એ ઉત્તમ શિક્ષણપ્રથા છે. કારણ કે તે સંસ્કારોનું સિંચન કરવામાં સફળ પુરવાર થયેલ છે. આ શિક્ષણ પ્રથામાં સારામાં સારી વાત એ છે કે કાર્ય દ્વારા, પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ આપવામાં આવે છે; એટલે કે કોઈ પણ હસ્તઉદ્યોગ કે કોઈ પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ આપવામાં આવે છે. આમ બુદ્ધિના વિકાસ દ્વારા શારીરિક અવયવોનો બરાબર ઉપયોગ કરવાથી વિદ્યાર્થીની શારીરિક શક્તિ, અને કર્મેન્દ્રિયોનો બુદ્ધિપૂર્વક ઉપયોગ કરવાથી વિદ્યાર્થીમાં શીઘ્ર માનસિક વિકાસ થાય છે. એટલે કોઈપણ હસ્તઉદ્યોગ દ્વારા શિક્ષણ આપવામાં આવે છે, અને આમ શિક્ષણને હસ્તઉદ્યોગ સાથે જોડાવાથી વિદ્યાર્થી શરીરથી સમર્થ બને છે, બુદ્ધિની સજાગતા આવે છે. અને એક પ્રકારની જાગૃતિ આવે છે. તેથી આત્મવિશ્વાસ દૃઢ થાય છે અને હસ્તકલા દ્વારા જે કંઈ ઉત્પાદન વિદ્યાર્થી દ્વારા થાય છે તેની જે કંઈ આવક થાય છે તે આવક વિદ્યાર્થીને આપવામાં આવે છે, જેથી તેને એટલી સ્વાવલંબનની ટેવ પડે છે અને વિદ્યાર્થીને જ્યારે પોતાના ઉત્પાદનની રકમ હાથમાં આવે છે ત્યારે તેને અદભૂત આત્મસંતોષ થતો હોય છે. જે તેના શિક્ષણમાં મદદરૂપ થતો હોય છે. તેને અભ્યાસમાં લાગણી થાય છે અને મેં કંઈક કર્યું ને હું કંઈક કરી શકું છું તેવો આંતરિક સંતોષ થાય છે, જે સંતોષ તેના શિક્ષણમાં ખૂબ જ મદદરૂપ થાય છે. આમ નઈતાલીમ આત્મવિશ્વાસ વધારનારી શિક્ષણપ્રથા છે. તેમાં પારંગત થયેલો વિદ્યાર્થી તેના ભાવી જીવનમાં ક્યાંય મૂંજાતો નથી ને સલુકાઈથી રસ્તો કાઢી લેતો હોય છે. તે સમૂહમાં રહ્યો હોય છે એટલે સમૂહમાં રહેવાથી તેનામાં સરળતા, સહજતાપૂર્વક જીવન જીવવાની તાલીમ મળી હોય છે, એ જીવનમાં ઉપયોગી પુરવાર થતી હોય છે અને હસ્તઉદ્યોગમાં પારંગત થયો હોય છે એટલે એક પ્રકારની જાગૃતિ તેનામાં આવી હોય છે જે ભાવી જીવનમાં ઘણી જ ઉપયોગી થાય છે, કારણ કે જાગૃતિ એ જ જીવન જીવવાની સાચી રીત છે, જે જીવનમાં ખૂબ જ ઉપયોગી થતી હોય છે. આમેય જાગૃત માણસ જ જીવનમાં સારી રીતે પ્રગતિ કરી શકતો હોય છે. આ રીતે નઈતાલીમમાં પારંગત વિદ્યાર્થી ભાવી જીવનમાં પણ સફળ થતો હોય છે.

ગાંધીજીએ નઈતાલીમનો હેતુ સ્પષ્ટ કરતાં કહ્યું છે કે આપણા ગરીબ દેશમાં હસ્તઉદ્યોગ દ્વારા વિદ્યાર્થીને તાલીમ આપવાથી વિદ્યાર્થી હસ્તઉદ્યોગમાં પારંગત થશે ને હસ્તઉદ્યોગ દ્વારા જે આવક થશે તે તેના શિક્ષણના ખર્ચમાં મદદરૂપ થશે. અભ્યાસ પૂર્ણ થતાં એક ઉદ્યોગમાં તે પારંગત હશે જેથી જીવનમાં તે કોઈપણ ધંધો કરીને આત્મનિર્ભર બની શકશે.

નઈતાલીમમાં નાગરિકતા પર ખૂબ જ જોર દેવામાં આવ્યું છે. નઈતાલીમ સારો નાગરિક બનાવવાની જ તાલીમ છે એમ કહીએ તો કાંઈ ખોટું નથી. વિદ્યાર્થી ગોખીને વિષયોની પરીક્ષા આપે તેવી આ તાલીમ નથી, પણ સંપૂર્ણ જીવનલક્ષી તાલીમ છે જેથી વિદ્યાર્થીની રહેણીકરણી પર વધુ ધ્યાન આપવામાં આવે છે. માત્ર વધારે માર્ક લેવાનું મહત્ત્વ નથી; પરંતુ સારી રીતે જીવન જીવવા પર વધુ જોર દેવામાં આવે છે. વિદ્યાર્થી સારા સંસ્કારવાળો થાય તેને મહત્ત્વ આપવામાં આવે છે. આમ આ સારો માણસ બનાવવાની તાલીમ છે. ટૂંકમાં માણસમાંથી માનવ બનાવવાની તાલીમ છે.

**પાઠ્યક્રમ અને શિક્ષણ આપવાની પ્રથાઃ-**

પાઠ્યક્રમ એવી રીતે ગોઠવવામાં આવે છે કે સ્થાનિક

**(અનુસંધાન પાના નં. ૪૧૪ ઉપર)**

## (૧૪) હેતાળવાં હૈયાં

- વાસુદેવ સોઢા

"સાહેબ..." એવો મધુર અને ભાવસભર અવાજ સાંભળીને હું ચમક્યો. મને થયું કે બેચાર દિવસમાં મને અહીં કોણ ઓળખતું હોય..!! અને એ પણ આવા વગડામાં ?

નદીનો ઊંચો અને રળિયામણો કાંઠો હતો. ચોમાસું હોવાથી નદી ખળખળ વહેતી હતી. જેથી નદીનો કિનારો સંગીતસભર લાગતો હતો. કાંઠે ઘટાટોપ નાનાંમોટાં વૃક્ષો હતાં. લીલીછમ ઝાડી હતી. દેશી અને પરદેશી બાવળનાં ઝુંડ હતાં. નાનકડા જંગલ જેવું લાગતું હતું.

બસ, આમ જ નીકળી પડ્યો હતો. ગામથી ત્રણેક કિલોમિટર દૂર ચાલતો ચાલતો પહોંચી ગયો હતો. ધરતીમાતાએ લીલી ઓઢણી ઓઢી હતી. ખેતરમાં માંડવીના અને બીજા પાકના છોડ છાતી કાઢીને ઊભા હતા. શેઢા પર ઘાસ માથું કાઢી ગયું હતું.

રસ્તાની બંને તરફનાં ઝાડ પોતાની તાકાત બતાવતાં હતાં. એટલે આ બધું જોવામાં અને આત્મસાત કરવામાં હું કેટલો દૂર નીકળી ગયો, તેનો ખ્યાલ ન રહ્યો.

નદી આવી એટલે આવા સુંદર મજાના કિનારે અટકી ગયો. નદીના કાંઠે નજર નાખી. એક તરફ આઠ-દસ ઝૂંપડાં જોયાં. ત્યાંથી થોડો કોલાહલ આવતો હતો. ઝૂંપડાં જેવાં મકાનો કેટલાંક કાચાં હતાં. તેનાં છાપરાં પતરાં, પરાળ કે પ્લાસ્ટિકની કોથળીઓનાં હતાં. કેટલાંકમાં નળિયાં હતાં.

આડાઅવળા આઠ દસ ઝૂંપડાં જેવાં મકાનો દેખાતાં હતાં. આસપાસ થોડાં બકરાં ચરતાં હતાં. ઝૂંપડાની પાસે કુકડાઓ ઉડાઉડ કરતા હતા.

હું વિચારમાં પડી ગયો. ખરેખર કોઈએ મને જ સાદ દીધો છે ? કે પછી અહીં મારી જેમ બીજું કોઈ હોય અને તેને સાદ દીધો હોય.....

મેં નજર પહોંચે ત્યાં સુધી, મને દેખાય ત્યાં સુધી જોઈ લીધું. અહીં આસપાસ મારા સિવાય બીજું કોઈ ન હતું. અને સાદ પાડનાર કોઈ મોટી વ્યક્તિ નહીં, પણ કોઈ બાળકનો અવાજ હોય તેવો લાગ્યો હતો. સાદ પાડનાર કોઈ નજરે ચડતું નહોતું. વાડ પર ઘેઘૂર વેલા હતા. એટલે વાડની આરપાર જોઈ શકાતું ન હતું.

બાજુમાં વાડી હતી. ત્યાંથી કશોક માણસોનો બોલાશ આવતો હતો. મેં એ તરફ નજર માંડી. ત્યાંના માણસો તેના કામમાં પરોવાયેલા હતા. ત્યાંથી ટ્રેક્ટર ચાલવાનો અવાજ આવી રહ્યો હતો. કયાંક દૂરથી બળદોને હાંકવાના ડચકારા સંભળાતા હતા.

પણ મેં સાંભળેલો સાદ ખરેખર કોણે પાડ્યો હતો..? કે મને ખાલીખાલી ભ્રમ થયો..!! એ હું નક્કી ન કરી શક્યો. કારણ કે સાદ પાડનાર મને કોઈ દેખાતું ન હતું.

સૂરજ આથમવાની તૈયારીમાં પડ્યો હતો. પ્રકાશ તો હતો, પણ સાથોસાથ આકાશમાં વાદળો પણ હતાં. તેઓ ક્યારેક અવળાઈ કરીને સૂરજને ઢાંકી દેતાં હતાં. એટલે ખીજાયેલા સૂરજે વાદળોને લાલઘૂમ કરી દીધાં હતાં. સૂરજના ક્રોધને જોઈને વાદળાઓ થોડીવાર આડાઅવળા થઈ જતા.

વાદળ વીંધીને પ્રકાશનો શેરડો અહીંની લીલી વનરાઈ પર પડતો હતો.

ભ્રમ જ થયો. કોઈ દેખાતું નથી. અને મને ઓળખનાર કોઈ નહીં હોય. એ વાતમાં શું માલ છે..!!! હા, રસ્તામાં કોઈ ખેડૂત સામે મળતા તેઓ શિષ્ટાચાર ખાતર 'રામરામ ' કહેતા. હું પણ સામે 'રામરામ' ઝીલતો. પણ તેનો અર્થ એ નથી કે તેઓ મને ઓળખતા હોય...!! આ તો એક વિવેક હતો.

હું વિચારતો હતો, ત્યાં ફરી સાદ પડ્યો. થોડો વજનદાર અને મોટા અવાજે સાદ પડ્યો, "સાહેબ.." હા, હવે મને થયું કે આ કોઈક મને બોલાવી રહ્યું છે. અહીં નજીકથી જ સાદ આવ્યો છે. મેં વાડ તરફ જોયું. વાડની પાછળ કશોક સળવળાટ થયો. ડાળખાં આડાંઅવળાં થયાં. તેમાંથી એક માસૂમ બાળકનો ચહેરો દેખાયો. એ ચહેરા પર

સ્મિત હતું.

" હમ.. તેં મને સાદ પાડ્યો ?" મેં પૂછ્યું .

"હા સાહેબ, તમે મને ન ઓળખ્યો ?" તેણે ડાળી અને ઝાંખરાંને વધારે એક તરફ કરીને વાડમાંથી તેનો ચહેરો પ્રગટ કર્યો.

દશેક વર્ષનો એક છોકરો ઊભો હતો.વાડ નીચેથી ગળકીને એ બહાર આવી મારી પાસે આવ્યો.

" જોજે.... કાંટા ન વાગે ...વાડમાંથી ચાલ નહીં.." તેના સાહસને હું જોઈ રહ્યો.

" ન લાગે, સાહેબ..." હાથ અને કપડાં પર ચોંટેલાં પાંદડાં અને ઝીણું કસ્તર ખંખેરતો એ બોલ્યો.

" તારું નામ શું ?" મેં તેને પૂછ્યું.

" મારું નામ તમને નથી આવડતું ?" થોડી વાર અટકીને એ બોલ્યો, "મારું નામ વિપુલ..."

" વિપુલ, તું નિશાળે આવે છે ?"

" હા સાહેબ, રોજ નિશાળે આવું છું..."

" તું અહીં રહે છે ?" મેં આસપાસ જોયું.

" હા, સામે દેખાય છેને..!! એ મારું ઘર છે." ઘરમાં હતું તો ઝૂંપડું, પણ તેના માટે તો એ ઘર હતું !

" તું અહીંથી આપણા ગામે ભણવા આવે છે ?" મને આશ્ચર્ય થયું.

" હા, અમે આઠ-દસ છોકરા ને છોકરીઓ ભણવાં આવીએ છીએ." એ બોલ્યો.

પછી યાદ આવ્યું હોય એમ તેમણે પૂછ્યું, " સાહેબ, તમે મને નથી ઓળખતા ?"

મેં કહ્યું, " તમે આટલા બધા છોકરાઓ હો નિશાળમાં... તેથી તરત કેમ ઓળખું..!! હજી હું અહીં ભણાવવા આવ્યો તેને અઠવાડિયું પણ થયું નથી. થોડા દિવસો જશે પછી બધાને ઓળખતો થઈ જઈશ." મેં તેને સમજાવ્યો.

એણે મારી બેદરકારીનો પુરાવો રજૂ કર્યો, " સાહેબ, હું તમારા ઘરે પાણી ભરવા માટેનો ગોળો મૂકવા આવ્યો હતો." તેના ચહેરા પર આનંદ છલકાયો.

" એમ..!!! ગોળો મૂકવા તું આવેલો..? પણ મારું ધ્યાન ન હતું. હવે તને નહિ ભૂલું બસ...!!" એ રાજી થયો.

એ વખતે ખરેખર મારું ધ્યાન ન રહ્યું કે કોણ છોકરો મારે ઘરે ગોળો મૂકવા આવેલો.

ત્યાં કોઈ ખેતમજૂર જેવા ભાઈ આવ્યા., " તમે સાહેબ છો ? નિહાળે ભણાવો છો ?" મેં હા પાડી ને પછી પૂછ્યું ,"તમે અહીં શું કરો છો ?"

" અમે અહીં વાડીમાં ભાગિયું રાખ્યું છે. વિપુલ મારો છોકરો છે, સાહેબ... મારે એને ભણાવવો છે. ધ્યાન રાખજો એનું ..." એબોલ્યા.

વિપુલ મારી સામે જોવા લાગ્યો." સાહેબ, સામે દેખાય છે, ત્યાં અમારું ઝૂંપડું છે. હાલો ત્યાં ....! તમે અમારા ચા- પાણી તો શેના પીવો..! પણ અમને થાય કે અમારા ઘરે વિપુલના સાહેબ આવ્યા હતા." વિપુલના પિતાજી ભાવથી બોલ્યા.

મેં કહ્યું, " તમારા ઘરે ચા—પાણી પીવા કેમ ન આવું?"

" અમે દેવીપુજક છીએ. અમારું તમને ખપે ?"

" ખપે ..જરૂર ખપે... ચાલો, હું તો ખાસ આવીશ."

અમે ઝૂંપડે ગયા. વિપુલ રાજીના રેડ થઈ ગયો. તૂટેલ ખાટલો બહાર કાઢ્યો. સારામાં સારો ગોદડાનો ગાભો પાથર્યો.

" આવો.." હું બેઠો. વિપુલનાં બા વારંવાર લોટો વીછળીને પછી પાણી ભરીને મને આપ્યું. મેં પીધું.

બકરીને દોહીને તાજા દૂધની ચા મૂકી. પેલા ભાઈનાં પત્ની વારંવાર બધાં વાસણો વીછળીને મને તે ચા આપતા હતા. હું આ લોકોના પ્રેમને અનુભવવા લાગ્યો. તેની લાગણી અને ભાવના કેટલી વિશાળ હતી. પેલા ભાઈની ઘરવાળી અહોભાવથી દોડાદોડી કરી રહી હતી. હું ઊભો થયો. ફરી વાર આવવાનું નિમંત્રણ તેણે આપ્યું.

બીજે દિવસે શાળામાં ગૌરવભેર બધાને વિપુલે વધાઈ આપી. "સાહેબ, મારા ઘેર આવ્યા હતા." તેના આનંદનો પાર ન હતો. મેં તેને ખૂબ જ યાદ રાખીને નામથી બોલાવ્યો. "વિપુલ, કેમ છે ?" તેને ખાતરી થઈ ગઈ કે સાહેબ હવે મને ભૂલ્યા નથી......

●---------●●●--------●●●---------●

૨૪-આદર્શનગર, ચક્કરગઢ રોડ, અમરેલી
પીન -૩૬૫૬૦૧

# (૧૫) નઈ તાલીમમાં ઉદ્યોગની કેળવણી

**- પિનાકિન મકવાણા**

નઈ તાલીમ કે બુનિયાદીકેળવણીમાં ઉદ્યોગને મહત્ત્વના સ્થાને મૂક્યો છે. માણસની મૂળભૂત જરૂરિયાતો ત્રણ-અન્ન, વસ્ત્ર અને આવાસ. આ ત્રણેયનું નિર્માણ ઉદ્યોગ દ્વારા જ થાય છે. એટલે કે કેળવણીમાં ઉદ્યોગ પ્રથમ સ્થાને હોવો જ જોઈએ. પણ આજના ચાલુ શિક્ષણમાં અંગ્રેજ શાસને ઉદ્યોગનું નામનિશાન રાખ્યું નહીં. કારણકે તેમને વહીવટ ચલાવવા માટે વાંચી લખી શકે, હિસાબ રાખી શકે તેવા તલાટી-મંત્રી, કારકુન અને અમલદારોની જરૂર હતી. તેમને હિન્દુસ્તાનનાં સાત લાખ ગામડાંઓમાં વહીવટી તંત્ર ગોઠવવું હતું. ઉદ્યોગો માટે તોહજારો વર્ષથી અહીં અનેકવિધ ઉદ્યોગો ખૂબ ઊંચી કક્ષાએ ખીલેલા હતા. એનો ઉપયોગ તેમના વેપારધંધામાં, તે ઉદ્યોગ માટેની તાલીમમાં પાઈનોય ખર્ચ કર્યા વિના થઈ શકતો હતો. તેથી તેમણે શિક્ષણમાં ફક્ત અક્ષરજ્ઞાન ને જ મહત્ત્વના સ્થાને મૂકી દીધું. તેથીવ્હાઈટકોલરનો એક નવો વર્ગ ઊભો થયો. આ વર્ગે ઉદ્યોગ ધંધાને તિલાંજલિ આપી. ઉદ્યોગ ધંધામાં વળતો પરસેવો, શરીર અને કપડાં પર પડતા દાગ, શરીરને પડતી મહેનત, ઉદ્યોગમાં રાખવી પડતી કાળજી વગેરેથી આ વર્ગ મુક્ત થયો. તેથીય વિશેષ ખૂબ ખતરનાક પરિણામ આશિક્ષણ (કુશિક્ષણ)ને કારણે એ આવ્યું કે આ વર્ગ ઉદ્યોગ ધંધામાં પડેલા વર્ગ કરતાં પોતાને ઊંચો ગણતો થયો અને ઉદ્યોગ ધંધાવાળા વર્ગને તિરસ્કારથી જોવા લાગ્યો. બીજી બાજુ, કરોડો ગામડિયાં કે જેઓ વાંચવા-લખવાનું જાણતાં નહોતાં, તેમને વાંચવા-લખવાનાં કામ માટે આ લોકોની જરૂર પડી. પોતાનાં અભણપણાના અજ્ઞાનને કારણે અને પેલાનાં ભણેલાપણાનાં જ્ઞાનને કારણે અભણ લોકો ભણેલાને માનની નજરે જોવા લાગ્યાં. આ માન-અપમાનની સ્થિતિ અંગ્રેજોએ ઊભાં કરેલાં અક્ષરજ્ઞાનને કારણે પેદા થઈ.

પણ એ અક્ષરજ્ઞાન પ્રાથમિક કક્ષાથી માંડીને કોલેજ કક્ષા સુધી પહોંચ્યું, પહોંચાડવું પડ્યું. કારણકે એક ખોબા જેટલો દેશ; ઈંગ્લેન્ડ, સાત લાખ ગામડાંઓના વહીવટ માટે આખો ખાલી થઈ જાય તો પણ ઓફિસોના પટ્ટાવાળા, કારકુનથી માંડીને નાનામોટા અધિકારીઓની સંખ્યા પૂરી પાડી શકે નહીં. હવે કોલેજકક્ષા સુધી પહોંચી શકે તે કંઈક બુદ્ધિશક્તિમાં વિશેષ હોય તે દીવા જેવું સ્પષ્ટ છે. તેમાં અંગ્રેજી ભાષાનું શિક્ષણ ભળ્યું. તેનાથી આ વર્ગ દેશપરદેશની સામાજિક, આર્થિક અને રાજકીય સ્થિતિ વિશે જાણકાર બન્યો. અંગ્રેજોએ અહીંના રાજા મહારાજાઓને લડાવીને તેઓ અહીંના ધણીધોરી થઈ બેઠા હતા. પણ દેશવિદેશની સમગ્ર સ્થિતિના જાણકાર રાજા મહારાજાઓ ન હતા. આ ખોટે કોલેજનું અંગ્રેજી શિક્ષણ લેનારાઓએ પૂરી કરી. અને અંગ્રેજોના જ દીધેલા અક્ષરજ્ઞાને અંગ્રેજોના દુશ્મનો ઊભા કર્યા. એ શિક્ષણ લેનારાઓ અંગ્રેજો દ્વારા થતા શોષણ, જુલમ વગેરે વિશે વિચારતા થયા. અને દેશમાં લાલ, પાલ અને બાલની ત્રિપુટીએ અંગ્રેજ શાસનની ઘોર ખોદી.

પણ ત્રણસો વર્ષની અંગ્રેજોની ગુલામી જેમના લોહીના અણુપરમાણુમાં એટલે સુધી પેસી ગયેલી છે કે તે અંગ્રેજોના ગયા પછી પેઢીઓની પેઢીઓ સુધી ક્યાં સુધી ચાલશે તેનીકલ્પના થઈ શકતી નથી.

આ ગુલામી માનસ તૂટે અને માણસ સ્વતંત્ર રીતે, સ્વમાનભેર, જીવી શકે તેનો રસ્તો ગાંધીજીએ નઈ તાલીમની કેળવણી દ્વારા બતાવ્યો. અત્યાર સુધી ફક્ત અક્ષરજ્ઞાનને જ મહત્ત્વ આપવામાં આવતું હતું. તેને બદલે કેળવણીમાં ઉદ્યોગને મહત્ત્વ આપવામાં આવ્યું. કારણકે આગળ જણાવ્યું તે પ્રમાણે માણસની ત્રણ મૂળભૂત જરૂરિયાતો-અન્ન, વસ્ત્ર અને આવાસમાં હાથપગને જ કામે લગાડવાના છે. તેથી આ કેળવણીને સર્વોચ્ચ સ્થાને મૂકવી જોઈએ. ઢાંકાની મલમલ, પાટણનાં પટોળાં, સૂરતનું જરીકામ વગેરે સર્વોચ્ચ કક્ષાએ દુનિયાભરમાં ફેલાઈ ગયાંહતાં, છતાં આ વર્ગ અભણ હતો. તેથી આગળ જણાવ્યું તે પ્રમાણે અંગ્રેજો એ વ્હાઈટકોલર ઊભો કર્યો હતો, તેની સામે ઉદ્યોગોની શાસ્ત્રીય કેળવણી પામનાર વર્ગ માટેઅક્ષર જ્ઞાન પણ કેળવણીમાં હોવું જરૂરી છે. એટલે નઈ તાલીમમાં ઉદ્યોગની કેળવણીની સાથોસાથ અક્ષરજ્ઞાનને મૂકવામાં આવ્યું છે.

આ બંનેના સુભગ સંયોગથી જે કેળવણી તૈયાર થાય તે વ્હાઈટકોલરથી મુક્ત હોવી જોઈએ. નઈ તાલીમ શરૂ થતાં તે થયું પણ ખરું. દેશભરની નઈ તાલીમ સંસ્થાઓમાં એક ઉત્તમ હવા પેદા થઈ અને આશાનો સંચાર પેદા થયો. દેશના વિચારવંત આત્મજ્ઞાની લોકોને સ્પષ્ટ લાગ્યું કે આ જ કેળવણી દેશનો ઉદ્ધાર કરી શકે તેમ છે. પણ અંગ્રેજોએ પેદાકરેલું ગુલામી માનસ; અમેરિકા, યુરોપ, ઓસ્ટ્રેલિયાનાં આખી દુનિયાના ઝંઝાવાત વગેરેની સામે આ નઈ તાલીમ કંઈક સૂરસૂરિયું બની રહી છે. એ ઝંઝાવાત અને ચળકાટમાં નઈ તાલીમ પોતાનું સ્વત્વ ગુમાવી રહી છે. તેથી આ સંસ્થાઓ અદ્યતન સાધન સામગ્રીથી સજ્જ થઈરહી છે. કર્મચારીઓ પણ વ્હાઈટકોલરવાળા જોવા મળે છે. તેઓ સરકારી કાયદાઓનો લાભ લઈને પોતાની મનફાવતી રીતે રહેતા થયા છે. એટલી નઈ તાલીમમાં પીછેહઠ થઈ છે.

ચંદ્રકાંત ઉપાધ્યાયે લખેલી ચોપડી 'બુનિયાદી શિક્ષણ (નઈ તાલીમ)ની ઐતિહાસિક અને વૈચારિક વિકાસયાત્રા'માં તેમણે તો ૧૮૯૩થી ગાંધીજીએ જે પ્રયોગો કર્યા તેનો પણ નઈ તાલીમમાં સમાવેશ કર્યો છે. ગાંધીજીએદક્ષિણ આફ્રિકામાં સ્થાપેલાં ટોલ્સટોયફાર્મ અને ફિનીક્સ આશ્રમમાં બધા ઉદ્યોગ દ્વારા સમૂહમાં પોતાનું ગુજરાન કરતાંહતાં. ગુજરાન અને કોઈપણ જરૂરિયાત પૂરીકરવા માટે આર્થિક ઉપાર્જન જરૂરી છે અને તેનું મહત્ત્વનું સાધન છે ઉદ્યોગ.

નઈ તાલીમની કેળવણીમાં આ ઉદ્યોગ મજૂરી ની રીતે નથી કરવાનો, શાસ્ત્રીય રીતે કરવાનો છે. તેથી નઈ તાલીમમાં ઉદ્યોગના મહત્ત્વના ગુણ જળવાવાજોઈએ. તેમાં સૌથી પહેલો મહત્ત્વનો છે શરીરશ્રમ. વ્હાઈટકોલરવાળા શરીરશ્રમ માટે અનુત્પાદક શ્રમ - વ્યાયામ કરે છે. નઈ તાલીમના શરીરશ્રમમાં ઉત્પાદક શ્રમ છે. ખેતી, કાતણ, વણાટ, લુહારી-સુથારીકામ, સીવણ વગેરે ઉદ્યોગોમાંથી નઈ તાલીમની સંસ્થાઓ પોતાનેઅનુકૂળ ઉદ્યોગ ચલાવતીહોય છે. આ બધા જ ઉદ્યોગોમાં શરીરશ્રમ પણ છે અને ઉત્પાદન પણ છે. કમ્પ્યુટર પાર વિનાની માહિતી આપે છે. એટલે હવે નઈ તાલીમની સંસ્થાઓમાં કમ્પ્યુટર દાખલ થઈ ગયું છે. કમ્પ્યુટર દ્વારા ઘણું શીખી શકાય છે પણ સાથો સાથ દૂષણો પણ તેને વાપરનારામાં દાખલ થઈ શકે. વળી તેમાં શરીરશ્રમને તોબિલકુલ સ્થાન નથી. તેના બચાવમાં નઈ તાલીમવાળા પોતાને ત્યાં ખેતી વગેરે દ્વારા વિદ્યાર્થીઓ શરીરશ્રમ મેળવી લે છે, તેવો બચાવ રજૂ કરે છે. ઉદ્યોગનો બીજો મહત્ત્વનો ગુણ છે શાસ્ત્રીય પદ્ધતિ. સામાન્ય રીતે ઉદ્યોગ કરનારા કાળજીપૂર્વક કામ કરે છે. તેઓ ઠીક રીતે કામ કરે છે. પણ જેમને યોગ્ય રીતે કામ કરવાની સમજણ અને આવડત નથી તેઓ અવ્યવસ્થિત રીતે ઢંગધડા વગરનું ધડાધડ કામ કરે છે. તે અવ્યવસ્થિત થાય છે. તેથી નઈ તાલીમમાં કેળવણી લેનારા કોઈ પણ વિદ્યાર્થીએ શાસ્ત્રીય રીતે જે તે ઉદ્યોગને જાણવો શીખવો જોઈએ, તો તે કામ ઉત્તમ અને સુંદર થાય. આ કેળવણીમાંના ઉદ્યોગનો ત્રીજો મહત્ત્વનો ગુણ છે કલા. શાસ્ત્રીય રીતે કોઈ પણ ઉદ્યોગ શીખવામાં આવે એટલે તેમાંકલાત્મકતા હોવાની. ઉદ્યોગથી પેદા થતી વસ્તુ પ્રત્યે દરકાર ન રાખવામાં આવે તો તે ઢંગધડાવગરની થવાની. એટલે જ કોઈ પણ વસ્તુ વાપરનાર સુંદર દેખાતી વસ્તુ પસંદ કરવાનોઅને ઢંગધડાવગરનીવસ્તુને અવગણવાનો. નઈ તાલીમનો વિદ્યાર્થી સમજ અને શાસ્ત્રીય જ્ઞાનપૂર્વક કામ કરતો હોવાથી તે વસ્તુને સુંદર કલાત્મક ઘાટ આપવાનો. પણ એની સાથોસાથ નઈ તાલીમના વિદ્યાર્થીએ ચોથો ગુણ ધ્યાનમાં રાખવાનો છે તે સાદાઈનો ગુણ છે. આ ગુણ ઘણો મહત્ત્વનો ગુણ છે. ઢાકાની મલમલ, પાટણનાં પટોળાં વગેરેમાં અદ્‌ભૂત સુંદરતા હોય છે. પણ તે વસ્તુઓ વૈભવવિલાસ તરફ દોટ મૂકનારી ન હોઈ શકે, મોંઘીદાટ ન હોઈ શકે, ધનનું અભિમાન પોષનારી ન હોઈ શકે. તે સામાન્ય માણસને પોસાઈ શકે તેવી અને સુંદર હોવાની. સામાન્ય માણસ પણ સુંદર વસ્તુ પસંદ કરવાનો છે. તેથી વસ્તુ સુંદર અને કલાત્મ હોવાની પણ મોંઘીદાટ ન હોવી જોઈએ. સાદાઈ સાથે સુંદરતા. પટોળું બનાવનાર તેમાં વપરાતી વસ્તુ ઊંચી કીમતની વાપરે છે અને સાથોસાથ દિવસોના દિવસો સુધી મહેનત કરે છે, તેથી વસ્તુ મોંઘી પડે છે. એમ વસ્તુ બનાવવામાં જરૂર કરતાં વધારે સમય આપ્યા વિના વસ્તુ ઉત્પન્ન કરવાની છે. તેથી એ વસ્તુ મોંઘી પડવાની નથી. પાંચમો ગુણ સાધન સંશોધન કરવાનો છે. ગંગાબેને ગાંધીજીને રેંટિયો શોધી આપ્યો પછી તે રેંટિયા પર કાંતવાનું શરૂ થયું. પણ એ જૂનવાણી રેંટિયા પર કામ ઝડપથી ન થાય, તે રેટિંયાને સહેલાઈથી ગમે તે જગ્યાએ ફેરવી ન

શકાય વગેરે કેટલીક ખામીઓ હતી. તેથી ગાંધીજીએ તેમાં સુધારો કરવાની સૂચના કરી અને તે માટે સાથીદારો અને અન્ય લોકો પણ નવો રેંટિયો બનાવવા માટે પ્રયત્ન કરવા લાગ્યા. એ રસપ્રદ ઇતિહાસ જાણવા જેવો છે. પણ તેમાં અહીં ઊતરવું નથી. છેવટે ગાંધીજીના સમયમાં યરવડા ચક્ર શોધાયો અને પછી એક બે તારથી માંડીને સોળ તાર સુધીનોઅને પેડલથી ચાલતો અંબર ચરખો શોધાયો. અંબરથી સ્વાવલંબી કાંતી શકે અને ધંધાર્થી કાંતી શકે છે. પણ તેમાં વીજળી મૂકાય છે અને સૌરશક્તિથી ચલાવવાના પ્રયોગ થાય છે. વીજળી અને સૌરશક્તિથી અંબર ચલાવવામાં આવે તેમાં અતિ મહત્ત્વના ગુણ - કામનો છેદ ઊડી જાય છે. તેથી તેમાં વીજળી કે સૌરશક્તિનો ઉપયોગ સામાન્ય ગણવો જોઈએ. એટલે નઈ તાલીમમાં કોઈપણ ઉદ્યોગમાં વપરાતાં સાધનો એવાં હોવાં જોઈએ કે તે માણસને પાંગળો ન બનાવે, માણસના શરીર અને મનબુદ્ધિનો તે દ્વારા સમુચિત ઉપયોગ થાય, માનવતા જળવાય, લોકકલ્યાણ થાય તેવાં સાધનો હોવાં જોઈએ, તેવા સુધારાને આમાં સ્થાન છે. આમ નઈ તાલીમમાં અક્ષરજ્ઞાન વગેરેની કેળવણી સાથે ઉદ્યોગની કેળવણી મહત્ત્વનું સ્થાન ધરાવે છે. તે કેળવણી સીધાં સાદાં સાધનોથી થવી જોઈએ.

સમાજ ઉપર છલ્લા દેખાવવાળા વ્હાઈટકોલરવાળાને માન આપે છે. અને મા-બાપ પણ પોતાનાં સંતાનોને વ્હાઈટકોલરવાળા બનાવવા પ્રયત્નો કરે છે. તેના ઝાકઝમાળમાં નઈ તાલીમ પામેલો લઘુતાગ્રંથી અનુભવે અને વ્હાઈટકોલરવાળાને મળતું માન મેળવવા ઈચ્છે છે. નઈ તાલીમવાળાએ પોતાનું આત્મગૌરવ સલામત રાખીને વધારતા રહેવું જોઈએ. કબીરદાસે કહ્યું છે કે "હાથી ચલત હે અપની ગતમેં" (આ પંક્તિના બીજા ભાગનો વિચાર ન કરવો.) એમ પોતાના આત્મગૌરવ સાથે ચાલતા રહેવું. એમ ચાલનારાઓની પણ સમાજ કીમત કરે છે અને એ સાચી કીમત છે. આમ વિચાર કરવાથી લઘુતાગ્રંથિથી મુક્ત થવાશે. આવક ઓછી-વધુ હોય એ અંગે નઈ તાલીમવાળો, નીચેના તકલીફ ભોગવતા લોકો તરફ નજર કરશે કે એ લોકોને ઓછી આવક છે, તેથી થોડી તકલીફ ભોગવે છે; પણ પોતાનો ઘર- સંસાર ચલાવે છે. એમ નઈ તાલીમવાળો પોતે પોતાની આવકથી ઘર-સંસાર ચલાવી શકે. આવો વિચાર કરવાથી આત્મસંતોષથી રહી શકાશે. બાકી તો તૃષ્ણાનો(મોહનો) પાર નથી. સ્કૂટર છે, તો મોટર લેવાની અને મોટર હોય, તો બંગલો બાંધવાની તૃષ્ણા દોડતી જ રહેશે. સ્કૂટર હોય તો સાયકલવાળાતરફ નજર કરવી.

●---------●●●--------●●●---------●

૨૬૭૫, ગાયત્રીનગર, ઘોઘા જકાતનાકા, ભાવનગર, મો. ૯૯૭૪૪૦૪૦૯૩

**(અનુસંધાન પાના નં. ૪૦૯ ઉપરથી)**

પરિસ્થિતિને અનુરૂપ વિષયો શીખવવામાં આવે છે. અને તે પણ માતૃભાષામાં શીખવવામાં આવે છે. એ સાબિત થઈ ચૂક્યું છે કે વિદ્યાર્થી માતુભાષામાં વધુ ગ્રહણ કરી શકે છે, જ્યારે વિદેશી ભાષામાં ગ્રહણશક્તિ ઓછી હોય છે. તેથી તમામ વિષયો માતૃભાષામાં જ શીખવવામાં આવે છે. માતૃભાષા દ્વારા જ ઇતિહાસ, ભૂગોળ, વિજ્ઞાન વગેરે વિષયોનું શિક્ષણ આપવામાં આવે છે, જેથી વિદ્યાર્થીમાં બોલવા-લખવાની ચપળતા આવે છે. વિદ્યાર્થી વધુને વધુ વાંચે-વિચારે તેવા તમામ પ્રબંધો કરવામાં આવે છે. આ માટે લાઈબ્રેરીની સુવિધા પૂરી પાડવામાં આવે છે.

નઈતાલીમમાં સાંપ્રદાયિક શિક્ષણને કોઈ જ સ્થાન નથી પરંતુ નૈતિકતા વિશે સભાન બને એ તેની વિશેષતા છે. ભાષાની દૃષ્ટિએ બીજી ભાષાઓ પણ શીખવવામાં આવે છે. આમ નઈતાલીમ એ સર્વોત્તમ શિક્ષણપદ્ધતિ છે. જેનાથી વિદ્યાર્થીમાં આત્મવિશ્વાસ વધે છે, જાગૃતિ આવે છે. ટૂંકમાં તે દેશ પ્રત્યે પોતાનું કર્તવ્ય સમજે, પોતાના આચરણમાં પવિત્રતા રાખે, અનુશાસનમાં રહે તેવો માણસ પેદા કરનારી આ તાલીમ છે. ટૂંકમાં ગાંધીજીના આદર્શને મૂર્તસ્વરૂપ આપનારી આ શિક્ષણ પ્રથા છે, જે સારો નાગરિક બનાવનારી શિક્ષણપ્રથા છે, એ જાગૃત માણસ બનાવનારી કેળવણી છે.

●---------●●●--------●●●---------●

600 paint creek Murphy tx 75094 usa sarujivan39@gmail.com.

## (૧૭) સંસ્થા સમાચાર - માર્ચ- એપ્રિલઃ ૨૦૨૦

- સંકલન : પ્રશાંત મહેતા

### લોકભારતી સમાચાર

- ફેબ્રુઆરીની ૨૯ તારીખે લોકભારતી ખેતી વિભાગના ચીકુ અને આંબાનાં વૃક્ષોના ફાલના ઈજારાની જાહેર હરરાજી ગોઠવવામાં આવી.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં મંત્રી ઓપવર્ગ ૨૩૦માં તા. ૦૧ના રોજ ભૂતપૂર્વ તાલીમાર્થી શ્રી સત્યકેતુભાઈ મકવાણાનું અવસાન થતાં તેમને શ્રદ્ધાંજલિ આપવામાં આવી.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં મંત્રી ઓપ વર્ગ ૨૩૦માં તા. ૦૩ના રોજ શ્રી હસમુખભાઈ દેવમુરારિએ તાલીમાર્થીઓ સમક્ષ પોતે કરેલા પ્રવાસના અનુભવોનું પીપીટી પ્રેઝન્ટેશન રજૂ કર્યું.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં મંત્રી ઓપ વર્ગ ૨૩૦માં તા.૦૪ના રોજ વહેલી સવારે ૫-૦૦થી ૬-૦૦ વાગ્યા સુધી રાજેન્દ્ર ટેકરી ઉપર શ્રી હસમુખભાઈ દેવમુરારિ દ્વારા આકાશદર્શન કરાવવામાં આવ્યું.
- તા.૦૬ના રોજ લોકભારતી ગ્રામવિદ્યાપીઠ ટ્રસ્ટના વ્યવસ્થાપક મંડળની એક બેઠક સંસ્થાના અતિથિગૃહે મળી ગઈ.
- તા.૦૫થી ૦૮ દરમિયાન સુઘડ- અમદાવાદ મુકામે યોજાયેલ રીટ્રીટ સેમિનારમાં ભાગ લેવા માટે શ્રી મનોજભાઈ અગ્રાવત અને શ્રી કુમારભાઈ પુરોહિત જઈ આવ્યા.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં મંત્રી ઓપ વર્ગ ૨૩૦માં તા.૦૭ના રોજ શ્રી રામચંદ્રભાઈ પંચોળીએ તાલીમાર્થીઓ સમક્ષ 'લોકશાહી અને નાગરિકધર્મ' અંગે વક્તવ્ય રજૂ કર્યું.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્રના આયોજન હેઠળ તા. ૦૮ના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી, જેમાં ૧૬૯ બહેનો-મહિલાઓએ ભાગ લીધો.
- આ સાલ 'કોરોના વાઇરસ'ની દહેશતને કારણે હોળી-ધુળેટીના તહેવારો નિમિત્તે સંસ્થાગત રંગોત્સવ કાર્યક્રમ બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો અને બે દિવસની રજા રાખવામાં આવી. હોળીના દિવસે તા.૦૯ના રોજ સાંજે જેટલાં વિદ્યાર્થી ભાઈઓ-બહેનો રજામાં ઘેર ગયાં ન હતાં તેઓ અને લોકભારતી કાર્યકર-પરિવારજનોની ઉપસ્થિતિમાં હોલિકા-દહન કાર્યક્રમ યોજાયો.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં મંત્રી ઓપ વર્ગ ૨૩૦ તા.૦૯ના રોજ સમાપન કાર્યક્રમમાં શ્રી અરુણભાઈ દવેએ તાલીમાર્થીઓને શુભેચ્છા પ્રવચનમાં વર્તમાન પરિસ્થિતિમાં સાથે રહી વૈકલ્પિક પ્રશ્નોના નિરાકરણ માટે શું કરવું જોઈએ તેની સમજણ આપી અને પ્રમાણપત્ર વિતરણ કર્યાં.
- તા.૧૧ના રોજ લોકસેવા મહાવિદ્યાલયના ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓનો ગ્રામ શિબિર અભિમુખતા કાર્યક્રમ યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં શ્રી હસમુખભાઈ સુથાર અને શ્રી કાંતિભાઈ ગોઠીએ જરૂરી માર્ગદર્શન આપ્યું.
- તા.૧૨થી ૧૭ના સમયગાળા દરમિયાન લોકસેવા મહાવિદ્યાલયના ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓની ગ્રામશિબિર કુંભણ મુકામે યોજાઈ ગઈ. તા.૧૨ના રોજ આ શિબિરના ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં શ્રી નાનુભાઈ વાઘાણી, શ્રી હસમુખભાઈ દેવમુરારિ, શ્રી રમેશભાઈ વાઘાણી, શ્રી કાંતિભાઈ ગોઠી, શ્રી હસમુખભાઈ સુથાર, કુંભણ હાઇસ્કૂલના આચાર્યશ્રી ઉપસ્થિત રહ્યા. જ્યારે પૂર્ણાહુતિ કાર્યક્રમમાં શ્રી અરુણભાઈ

દવે, શ્રી રામચંદ્રભાઈ પંચોળી તેમ જ શ્રી હસમુખભાઈ સુથાર ઉપસ્થિત રહ્યા. આ કાર્યક્રમના સંયોજક તરીકે શ્રી મુકુંદભાઈ શ્રીમાળી તેમ જ સહાયક કાર્યકરો તરીકે શ્રી શ્રીધરભાઈ ગજ્જર, શ્રી વિશાલભાઈ જોશી, શ્રી યોગેશભાઈ ત્રિવેદી તેમ જ શ્રી બાબુભાઈ વાંસિયા જોડાયા.

- પીડીલાઇટના સહયોગથી સણોસરાની આજુબાજુના વિસ્તારામાં જળ સંચયનાં કાર્યો ચાલે છે, તે પૈકીના ગારિયાધાર તાલુકાના વીરડી ગામે એક મોટો ચેક ડેમ બનાવવામાં આવ્યો છે. તેના નિરીક્ષણ અર્થે જળ સિંચન વિભાગના સુપરિન્ટેન્ડેન્ટ એન્જીનિયર શ્રી ગુપ્તા સાહેબ વીરડી ઇન્સ્પેક્શનમાં જતી વેળા તા.૧૩ના રોજ લોકભારતીની મુલાકાતે આવ્યા.
- તા.૧૫ના રોજ સાયં પ્રાર્થનાના અનુસંધાને નિયામકશ્રી હસમુખભાઈ દેવમુરારિએ હાલમાં પ્રવર્તેલ 'કોરોનાવાઇરસ' અને એને કારણે સરકારશ્રીએ શાળાઓ-કૉલેજો ૨૯ માર્ચ સુધી બંધ રાખવાના લીધેલ નિર્ણયને અનુસંધાને પ્રાસંગિક વાત કરી અને તા.૧૬થી વિભાગવાર આયોજન કરીને તારીખ ૨૯ માર્ચ સુધીની રજાઓ રાખવા અંગેની પ્રાથમિક વાત કરી. આ રીતે તા.૧૬ બપોર પછીથી બધાં વિદ્યાર્થી ભાઈઓ-બહેનો ઘરે ગયાં.
- સમગ્ર દુનિયામાં કોરોના વાઈરસની મહામારીની આંશિક અસર સંસ્થાની શૈક્ષણિક પ્રવૃત્તિઓ પર થઈ રહી છે. તમામ વર્ષના વિદ્યાર્થીઓને તા. ૧૬થી સરકારશ્રીના આદેશ અન્વયે શૈક્ષણિક કાર્ય સંપૂર્ણપણે બંધ રાખવામાં આવેલ છે. વિદ્યાર્થીઓને ઘરે જવાની રજાઓ આપવામાં આવેલ છે. તે અન્વયે નિવાસી સંસ્થા હોવાના કારણે સૌ સોશ્યિલ ડીસ્ટન્સ જળવાય તે રીતે વર્ક ફ્રોમ હોમથી પોતાના વિષય અને નેકનું કાર્ય કરી રહ્યા છે. કેટલાક કાર્યકરો દ્વારા વિદ્યાર્થીઓને ટેક્નૉલૉજીના ઉપયોગ દ્વારા પ્રાયોગિક રીતે શિક્ષણ આપવાનું પણ ગોઠવાયું છે.
- તા.૧૯ના રોજ ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી દ્વારા ગુજરાતની બધી ગ્રામવિદ્યાપીઠોના સંચાલકો-નિયામકો-આચાર્યોની એક બેઠક બોલાવવામાં આવી હતી, તેમાં હાજરી આપવા શ્રી હસમુખભાઈ દેવમુરારિ, શ્રી કાંતિભાઈ ગોઠી અને શ્રી ભાનુપ્રસાદજી ટુંડિયા જઈ આવ્યા.
- વિશ્વવ્યાપી મહામારી કોરોનાને કારણે પૂરા દેશમાં સામાજિક અંતર જાળવી રાખવા લોકડાઉન જાહેર કરવામાં આવતા ગોશાળા-ખેતી-બાગાયત-છાત્રાલય કોઠાર જેવાં આવશ્યક અને અનિવાર્ય કાર્યો જ શરૂ છે, બાકીની મોટાભાગની બધી પ્રવૃત્તિઓ સ્થગિત છે.
- લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા તા.૨૧થી ૨૪ સુધી શ્રી ભાવનાબહેન પાઠકના માર્ગદર્શન હેઠળ લોક વિજ્ઞાન કેન્દ્રના કાર્યકરોના સહયોગથી લોકભારતી કાર્યકર પરિવારનાં ૧૯ બાળકોની ગ્રીષ્મશિબિર અને ત્યાર પછી તા.૨૬થી ૩૧ સુધી કોરોના લોકડાઉનને કારણે લોકભારતી કાર્યકર પરિવારનાં ૧૭ બાળકોની સંપૂર્ણ રીતે સોશિયલ ડીસ્ટંસ જળવાઈ રહે રીતે ક્રાફ્ટ ટ્રેઇનિંગ પ્રવૃત્તિ યોજવામાં આવી.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા સમગ્ર માસ દરમિયાન વિવિધ વિષયો પર ૭ તાલીમ વિવિધ ગામોમાં યોજાઈ જેમાં ૧૪૦ ખેડૂત ભાઈ-બહેનોએ ભાગ લીધો.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા સિહોર તાલુકાના દેવગાણા મુકામે ચણા પાકનો ફિલ્ડ ડે ૨૮ ફેબ્રુઆરીના રોજ યોજાઈ ગયો.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા સમગ્ર માસ દરમિયાન કુલ ૮ વ્યાખ્યાન યોજાયેલ. તેમજ ટેલિફોનિક હેલ્પલાઇનની મદદથી ૧૮૮ ખેડૂતોના પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવ્યું. તેમ જ એસ.એમ.એસ. એગ્રો એડવાઇઝરીથી કોરાના વિષે જાગૃતિ કેળવવા માટે ૩૮૮૪૯ ખેડૂતોને

મેસેજ કરવામાં આવ્યા.

- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ફેબ્રુઆરી-માર્ચ દરમિયાન સ્કીલ ડેવલોપમેન્ટ માટેની 'ક્વોલિટી સીડ ગ્રોવર' વિષય પર ૨૫ દિવસની તાલીમ યોજવામાં આવી તેમ જ તેમની પરીક્ષા લેવામાં આવી,જેનું સંચાલન શ્રી જગદીશભાઈ કંટારિયાએ સંભાળ્યું.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ફેબ્રુઆરી-માર્ચ દરમિયાન સ્કીલ ડેવલોપમેન્ટ માટેની 'માઇક્રો ઇરિગેશન ટેક્નૉલૉજી'ની ૨૫ દિવસીય તાલીમ યોજાઈ ગઈ. જેનું સંચાલન શ્રી પ્રદીપભાઈ ક્યાડાએ સંભાળ્યું.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા કોરોના વાઇરસના કારણે લોકડાઉન દરમિયાન ક્ષેત્રીય કચેરી, પુનાના નિર્દેશાનુસાર લોકડાઉન દરમિયાન ખેતીક્ષેત્ર અંગેની માર્ગદર્શિકાનો ગુજરાતી અનુવાદ, ખેડૂતોમાં આરોગ્ય સેતુ એપ્લીકેશન ડાઉનલોડ કરવા બાબતે જાગૃતિ, ખેડૂતોને સોશિયલ મીડિયા દ્વારા ખેતીલક્ષી માર્ગદર્શન અને લોકડાઉન દરમિયાન કૃષિ ક્ષેત્રે અસરો અને ભવિષ્યના આયોજન બાબતે કામગીરી હાથ ધરાવામાં આવી.
- શ્રી અરુણભાઈ દવે તા.૧ અને ૫ માઈધાર જઈ આવ્યા. તા. ૧૨મીએ શ્રી બળવંતભાઈ પારેખની જન્મજયંતી નિમિત્તે યોજાએલ મહુવા ખાતેના કાર્યક્રમમાં પ્રમુખ વક્તા તરીકે સંબોધન કર્યું, જ્યારે તા. ૧૭મીએ કુંભણ ખાતેની લોકસેવા મહાવિદ્યાલય યોજિત ગ્રામશિબિરના સમાપન બેઠકમાં અધ્યક્ષીય પ્રવચન આપ્યું. એ પછી લોકડાઉન સંદર્ભે સંસ્થામાં જ રહીને ગાંધીભારતી યોજનાની, કોરોનાની શૈક્ષણિક માહિતી સમાજ સુધી પહોંચાડવાની અને પરિવારના સભ્યોને ક્રાફ્ટ દ્વારા સર્જનાત્મક પ્રવૃત્તિઓ દ્વારા સમય પસાર કરાવવામાં વ્યસ્ત રહ્યા.

**આંબલા સમાચાર**

- ધો.૧૦ની બોર્ડની પરીક્ષા તા.૧૭ના રોજ તથા ધો.૧૨ની બોર્ડની પરીક્ષા તા. ૨૧ના રોજ પૂર્ણ થઈ. દરેક વિદ્યાર્થીઓએ શાંતિપૂર્ણ રીતે પરીક્ષા આપી.
- કોરોના વૈશ્વિક મહામારીના કારણે સંસ્થામાં ધુળેટીના તહેવારની ઉજવણી બંધ રાખવામાં આવી.
- કોરોના વૈશ્વિક મહામારીના કારણે ગુજરાત અને ભારત સરકારના આદેશના કારણે તા. ૨૧ના રોજ બધા જ વિદ્યાર્થીઓને ઘરે જવા રજા આપવામાં આવી છે.

**મણાર સમાચાર**

- ધો.૧૦ તથા ધો.૧૨ની બોર્ડની પરીક્ષા પૂર્ણ થઈ. આ વરસે ધો.૧૦નાં ૪૭ છાત્ર-છાત્રાઓ તથા ધો.૧૨નાં ૪૪ છાત્ર-છાત્રાઓએ બોર્ડની પરીક્ષા આપી.
- કોરોના વાઇરસને કારણે ઉપસ્થિત થયેલ પરિસ્થિતિને ધ્યાનમાં લઈ સરકારશ્રીએ તમામ શૈક્ષણિક કાર્ય અને પરીક્ષાઓ સ્થગિત કરતાં અહીંના ધો.૯ તથા ધો.૧૧નાં છાત્ર-છાત્રાઓને ઘરે જવા રજા આપવામાં આવી છે.
- અહીંના કન્યા છાત્રાલયના નવા મકાનનું બાંધકામ તથા હાઈસ્કૂલના જૂના રસોડા તથા ભોજનાલયનું રીનોવેશનનું કામ શરૂ કરવામાં આવ્યું.
- તા.૧૮ના રોજ મહુવા તથા મણાર ગામની આસપાસના ખેડૂતોનું કે જેઓ એલોવીરા વાવવામાં રુચિ ધરાવે છે, તેમની એક દિવસીય તાલીમ યોજવામાં આવી. જેની તાલીમ ગુજરાત રાજયના આયુર્વેદિક વિભાગના સચિવશ્રી પ્રસાદસાહેબે આપી. તેમની સાથે શ્રી સુરસંગભાઈ ચૌહાણ, ડૉ. વીરેન્દ્રસિંહજી તથા અન્ય કાર્યકરો જોડાયા.
- કોરોના વાઇરસને કારણે ભારત સરકારના ૨૧ દિવસના લોકડાઉનને લીધે શૈક્ષણિક કાર્ય પર

પ્રતિબંધ આવતા લોકશાળાનું સમગ્ર શૈક્ષણિક કાર્ય સ્થગિત કરવામાં આવેલ છે.

- ગૂજરાત વિદ્યાપીઠના ગ્રામવિકાસના કાર્યકર શ્રી અબ્દુલચાચા તા. ૨૪ના રોજ મહુવાથી અહીં આવ્યા. બીજા જ દિવસે લોકડાઉન લાગુ થતાં તેઓ અહીં સંસ્થામાં જ રોકાઈ ગયા. તેમની આવડત અને અનુભવનો લાભ લેવા માટે રસ ધરાવતા કાર્યકરો બપોર પછી દરરોજ ૩ કલાક તેમની સાથે સોશિયલ ડીસ્ટંસ જળવાઈ રહે રીતે વાર્તાલાપમાં જોડાયા.
- સંસ્થાના કાર્યકરો લોકડાઉન દરમિયાનના દિવસો દરમિયાન દરરોજ ઓછામાં ઓછા ૪ કલાક શ્રમકાર્ય કર્યું. જેમાં ...

  - બે દિવસ ગૌશાળા માટે જુવારની નીરણ ચાફ કરી.
  - લોકડાઉન પહેલા નવું બાંધકામ શરૂ હતું, ત્યાં પાણી છાંટ્યું.
  - બગીચાને પાણી પાયું તથા બગીચા સફાઈ કરી.
  - જૂના રસોડાનો સ્લેબ તોડતાં જે સિમેન્ટ કોંક્રિટનું મટીરિયલ નીકળ્યું તેને ટ્રેક્ટરમાં ભરી યોગ્ય જગ્યાએ નાખવામાં આવ્યું.
- છાત્ર-છાત્રાઓએ પોત-પોતાના ઘેર જતાં ગૌશાળાની ગાયોનું દૂધ વધતાં સંસ્થામાં છાસકેન્દ્ર તા. ૨૬થી શરૂ કરવામાં આવ્યું. પરિસરની બહેનોએ છાસ વિતરણ તથા વાસણ સફાઈની જવાબદારી ઉપાડી.
- છેલ્લા દિવસોથી સંસ્થાની ચીકુવાડીમાં દીપડો દેખાઈ રહ્યો છે. સૌને આની જાણ કરવામાં આવી અને સાવચેત રહેવા જણાવ્યું. ગૌશાળાની ગાયો તથા વાછરુંને સુરક્ષિત જગ્યાએ ફેરવવામાં આવ્યાં. દીપડાના આગમનના સમાચાર જંગલખાતાને આપવામાં આવ્યા છે.

## સાજા -તાજાં રહીએ રે...

**- ભાવના પાઠક**

કાગડાભાઈ એ ટેસ્ટ કરાવ્યો,
કોરોના પોઝીટીવ રે...
ઘુવડ ડૉકટર દોડી આવ્યા,
ક્વૉરેન્ટાઈન એમને કીધા રે...
જંગલમાં તો સૌ ગભરાયાં,
લોકડાઉન અમલમાં રે...
કોયલબાઈ નાના બચ્ચાને,
હળદર બહુ ખવડાવે રે...
બચ્ચા પૂછે આ કોરોના,
ક્યાંથી આવ્યો અહીયા રે ?...
કાગડાભાઈ તો વિદેશ ગ્યા' તાં,
કોરોનાને લાવ્યા રે...
ક્વૉરેન્ટાઈનમાં કાગડાભાઈ તો,
વિચારવાને લાગ્યા રે...
ભૂલ શું કીધી કે થયો કોરોના,
બોલો હવે શું કરવું રે ?
ઘુવડ ડૉકટર, ચીબરી નર્સને,
સાથે લઈને આવ્યા રે...
વારંવાર ચાંચ ધુઓ,
કૂડો કચરો ના ફંફોસો,
ભરપુર પીઓ લીંબુ પાણી,
માસ્ક બાંધો રૂડા રે...
૧૪ દિવસ અહીયા રહીને,
સાજા થઈને જાઓ રે...
૧૫ દિવસે કાગડાભાઈ તો,
સાજા-તાજાં થઈ' ગ્યા રે...
શાણા થઈને વાતો બધી,
પાલન કરવા લાગ્યા રે...
કાગડાભાઈની વાત સુણીને,
આપણે સૌ સાજા રહીએ રે...

લોકભારતી અધ્યાપન મંદિર, સણોસરા